કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાનસંસ્કાર અને ચારિત્ર્યઘડતરનું માસિક



ગુજરી (ફોટો - સોલરાઇઝેશન : સુરેન્દ્ર પટેલ)

વર્ષ ચુમાળીસમું · અંક ચોથો
માહે એપ્રિલ · ઈસ્વીસન ઓગણીસસો સડસઠ
ક્રમિક અંક
૫૨૦



શુક્રવારની ગુજરી

ચિત્રકાર • રત્નપ્રભા કમોદિયા

ગુજરી: ગામ-કસ્બાનાં લોકને હટાણું કરવા સારૂ ભરાતી અઠવાડિક બજાર માટેના આ નામનો અર્થ પણ કદાચ આજની પેઢીને સમજાવવો પડે એટલા ઝડપથી પલટાતા જતા આ કાળે, આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના ઉપરના ચિત્રમાંની સજીવતા જેમ રમ્ય છે તેમ એનું થોડું દસ્તાવેજી મૂલ્ય પણ છે. એ સમયનો લોક-વેશ, ત્યારની ચીજવસ્તુઓ અને લેવડદેવડની કામગીરીમાં યે ડોકાતો લોકહૃદયનો ઉમંગ આજે સાંપડે છે ખરો? ◖ આજે જે જોવા મળે છે એ ગુજરીનું દૃશ્ય આ અંકના પૂઠા પર છે. અલબત્ત, વિક્રય-વિનિમયની આજની ચીજો રસદૃષ્ટિને કદાચ ન છિપાવે પણ ફોટો-કલાકારે તો એમાં યે સુંદરતા તારવી છે અને ફોટોગ્રાફીની એક ટેકનિક 'સોલરાઈઝેશન' વડે એને ઉઠાવ આપ્યો છે. આ ફોટોચિત્ર 'હાઈ કૉન્ટ્રાસ્ટ સોલરાઈઝેશન'ની કૃતિ છે. ગુજરીના ફોટોની અસલ નેગેટિવ પરથી એમણે કોડાલિથ જેવી મધ્યમ ટોન નહિ પકડતી ફિલ્મ પર એક પ્રિન્ટ ઉતાર્યો, ને તેને ડેવલપ કરતી વેળા, ધોવાની ચાલુ ક્રિયા વચ્ચે બત્તી કરીને એક ક્ષણ માટે તેના પર પ્રકાશ પાડી લઈને ડેવલપિંગ પૂરું કર્યું. ફરી એની નેગેટિવ બનાવી અને ફરી ઉપરની ક્રિયા કરી. આમ બે-ચાર વાર કર્યા પછીનું પરિણામ તે આ (પૂઠા પરનું) ગુજરીનું ચિત્ર. એમાંના મધ્યમ ટોન બધા જ નીકળી જવા છતાં ચિત્રવિષયને જરા પણ હાનિ પહોંચવાને બદલે 'ગ્રાફિક' પેઠે જે આગવી રીતે એ શોભી ઊઠે છે તેમાં [illegible]

PENFRIENDS

"INDIAN PHILLIMPEX" No. 14 International directory of Penfriends, Hobby Clubs, Hobbyists interested in collecting Stamps, Coins, Curios, Matchboxlables, Picture Post Cards, View Cards, Dolls, Seals, Shells, Photography, Sports, Art, Literature, Firstday-covers, EXPORT & IMPORT, will be published in June 1967. Readers interested in publishing their names addresses and hobbies or their EXPORT-IMPORT Items (30 words) should remit Rs. 10/- By Money-order or (Shillings 12/6d by Crossed British Postal Order) or (readers living in Non-British-Countries can remit by 20 international reply coupons or 40 commonwealth coupons available at local post offices.) Payment can also be made by Bank Draft, Mail Transfer, Cheques etc. Payable to N. M. Munshi (upcountry & overseas please add Bank Commission) Last day for receiving payment is **31st May 1967.**

Advertisements received after 31-5-67 will be included in issue No. 15 which will be due in June '68. NO FORMS ARE REQUIRED. JUST COPY YOUR NAME, ADDRESS & HOBBIES or others items on blank paper (30 words) and remit the amount in advance.

CURRENT ISSUE OF "INDIAN PHILLIMPEX" No. 13 will be sent along with foreign bulletines for Rs. 2/50 or Shillings 3/3d or 5 International Coupons or 10 Commonwealth coupons. Payment strictly in advance. Those who are seriously interested should make payments in advance.

We do not send V. P. P.

Please write to:

N. M. MUNSHI

R. No. 3, Ground Floor, Laxmi sadan, Plot No. 28, Liberty Garden Housing Colony, Malad (west) BOMBAY-64 (India)



એપ્રિલ ૧૯૬૭ · અંક ૫૨૦

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦



'કુમાર'માં આવતી શ્રી રવિશંકર રાવળની જીવનકથા પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય તો પ્રેરણારૂપ બની રહેશે. સાથે એમનાં કેટલાંક રંગીન ચિત્રો અને સ્કેચોનો પણ સમાવેશ થાય એ ઇચ્છનીય છે.

(મુંબાઇ) —ગોપાલ બારોટ

[*આત્મકથાનક છપાય છે. પ્રકટ થયે 'કુમાર'-માં જાહેરાત થશે. ચૂંટેલાં રંગચિત્રો, સ્કેચો વગેરે કલા-અંકમાં આવનાર છે.]


શ્રી રવિશંકર રાવળ લખે છે

'મારા 'આત્મકથાનક' સંબંધે એક વાચક તરફથી મને સૂચના મળી છે કે તે વિષેના મારા લખાણને ટૂંકાવવું, જેથી લેખમાળાનો જલદી અંત આવે. આ બાબતમાં અન્ય વાચકો પણ પોતાના પ્રામાણિક અભિપ્રાય જણાવશે તો આભારી થઈશ.

એક વાત સ્પષ્ટ કરી દઉં કે આ લેખમાળા ૧૯૧૯ના મે માસમાં હું અમદાવાદને મારું જીવનકેન્દ્ર બતાવી સ્થિર થયો ત્યાં સુધી જ ચાલશે. હું કેવા સંજોગો અને સમયમાંથી તેમ જ પાત્રસૃષ્ટિમાંથી પસાર થયો તેની જ ઊડતી વિગત આપીને હું સંતોષ લઉં છું. આને ઇતિહાસ નહિ પણ અવલોકન જેવું માની લેવું. બહુ વર્ષો પહેલાંની વાતમાં ક્વચિત સ્મૃતિદોષ થવાનો પણ સંભવ છે એ જાણું છું. તે સુધારવા કોઈ મને તક આપશે તો કૃતજ્ઞભાવે તેને આવકારીશ. અત્યારે પણ વાચકોનો સામુદાયિક અભિપ્રાય બંધ કરવા માટે હશે તો વિના સંક્ષોભ તેમ કરવા તત્પર છું.

અંક ૫૨૮માં આવેલા 'એક શિક્ષક હતા' ના ચરિત્ર-નાયક સ્વ. પોપટલાલ યાજ્ઞિકનો મેં વર્ષો પહેલાં કરેલો સ્કેચ, વાચકોને રસ પડશે એમ સમજીને, આ સાથે આપું છું.

(અમદાવાદ) —રવિશંકર રાવળ



પોપટલાલ યાજ્ઞિક


ફેબ્રુઆરી અંકમાં સ્વ. રેવુબાપાની જીવન-ઝરમર વાંચી આનંદ થયો. આજથી ૧૭-૧૮ વર્ષ પહેલાં જેતપુરની કમરીબાઈ હાઇસ્કૂલમાં ભણતા ત્યારે એમનાં પુત્રી પણ અમારી સાથે હતાં. એ વખતે તેઓશ્રી હાઈસ્કૂલમાં આવતા ત્યારે અમે તેમને 'જેતપુરના ગાંધીજી' કહેતા! ત્યારે તો તેમનાં સેવાભાવી સત્કાર્યોની ખાસ ખબર નહોતી પડતી, નહોતી સમજાતી; છતાં વિદ્યાર્થીઓને તેમના પ્રત્યે જે પૂજ્યભાવ હતો તે તેમને આપેલા નામ પરથી જણાઈ આવે છે.

(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

માર્ચ અંકમાં શ્રી ધીરુભાઈ શેઠ લખે છે તેના અનુસંધાનમાં મારો અનુભવ લખું તો એમની ક્ષતિઓ ધ્યાનમાં આવશે. એ લખે છે કે 'રાજયોગ'માં ઉલ્લેખ કર્યાનું યાદ છે તે પરથી એમણે પ્રયોગ લગભગ ૪૦ વર્ષ પહેલાં શરૂ કર્યો હશે. શેઠનું વય અત્યારે કેટલું તે જણાવ્યું નથી, એટલે આશરે, સન ૧૯૨૭માં એમણે શરૂઆત કરી. 'રાજયોગ' પ્રથમ આવૃત્તિ ૧૯૧૩માં સસ્તું સાહિત્યે બહાર પાડી. એમાં પા. ૨૧ ઉપર એવું લખાણ છે કે: 'કોઇનું માથું દુખ્યા કરતું હોય તો પથારીમાંથી ઊઠીને તરત નાક વડે થોડું ઠંડું પાણી પીવાથી આખો દિવસ મગજ ઠંડું રહે છે અને સળેખમ થવાનો ભય રહેતો નથી'. એમણે ગમે તેટલું પાણી, ઘી, દૂધ પીવાનું લખ્યું છે. આ 'જલનેતિ' નથી. જલપાન—ઉપ:પાન છે. જલનેતિ જ્યારે જે શ્વાસ ચાલતો હોય (ઈડા કે પિંગળા) તે તરફના નસ્કોરા વડે પાણી ખેંચી બીજે નસ્કોરેથી બહાર કાઢી નાખવું અને પછી ઊલટા નસ્કોરાથી પાણી ખેંચી પ્રથમના નસ્કોરાથી બહાર કાઢી નાખવું. પ્રથમ કદાચ શરદી બેચાર રોજ લાગશે, પણ નિયમિત જલનેતિ કરવાથી મટી જશે.

આ લેખકે ૧૯૧૭-૧૮માં માલસરવાળા સ્વામી માધવદાસજી કને થોડી શરૂઆત કરી,

૩૦	૩૯	૪૮	૧	૧૦	૧૯	૨૮
૩૮	૪૭	૭	૯	૧૮	૨૭	૨૯
૪૬	૬	૮	૧૭	૨૬	૩૫	૩૭
૫	૧૪	૧૬	૨૫	૩૪	૩૬	૪૫
૧૩	૧૫	૨૪	૩૩	૪૨	૪૪	૪
૨૧	૨૩	૩૨	૪૧	૪૩	૩	૧૨
૨૨	૩૧	૪૦	૪૯	૨	૧૧	૨૦



આ જાદુઈ ચોરસમાંની દરેક ઊભી ને આડી લીટી તથા વિકર્ણનો સરવાળો ૧૭૫ થશે એ રચવાની રીત જોડેની આકૃતિમાં આપી છે.

પ્રથમ તો એકી સંખ્યાનાં ખાનાવાળો ખાલી ચોરસ આંકો. પછી उउ હારના વચલા ખાનામાં ૧ ભરવો. ત્યાંથી સીધી લીટીમાં नीनी સુધી નીચે આવી જમણી બાજુના પહેલા ખાનામાં ૨ ભરવો. ત્યાંથી ત્રાંસી જમણી લીટીનાં ખાનાંઓમાં जज આવે ત્યાં સુધી ક્રમિક આંકડા ૩, ૪ ભરવા. પછી સીધા ડાબી તરફ डाडा સુધી આવી તેની ઉપરના પહેલા જ ખાનામાં ક્રમિક અંક ૫ ભરવો. ત્યાંથી ત્રાંસી જમણી લીટી જ્યાં સુધી લંબાય ત્યાં સુધી ક્રમશઃ આંકડા ભરતા જવું. હવે અંક ૭ બાદ ખાનું ભરાએલું હોવાથી એક ખાનું નીચેમાં ૮ લખવો. અને પછી ત્રાંસી જમણી લીટીમાં उउ લીટી સુધી ભરતા જવું એટલે અંક ૧૦ उउ લીટીમાં આવશે. ત્યાર પછી જેવી રીતે શરૂમાં ૧ થી ૨ અંક લખતા ગયા તેમ આગળ વધતા જવું.

આમાં દરેક લીટીનો સરવાળો = ચોરસના મધ્ય ખાનાનો આંકડો × લીટીની સંખ્યા હશે. (૧૭૫ = ૨૫ × ૭) છેલ્લો ભરાએલો આંકડો ૪૯ नींनींના વચલા ખાનામાં આવશે.

(મુંબાઇ) —કુ. હેમાંગિનીબહેન કૃ. દેસાઈ

૧૯૩૨માં સ્વ. સ્વામી-કુવલયાનંદજીએ કને શિર્પાસન, નેતિ, ધોતી વગેરે આસનોનો ક્રમ સાંતાક્રુઝમાં પૂરો કર્યો. શરૂઆતમાં ડૉ. સ્વ. વરજીવનદાસ મર્ચન્ટ બધાંને શારીરિક તપાસ કરી, યોગક્રિયા માટે લાયક છે કે નહિ તે કહેતા. કોઈને હાર્ટ-હૃદયની નબળાઈ હોય, દમશ્વાસ હોય તો તેને તે વિશે યોગ્ય દોરવણી આપતા પછી નેતિ, ધોતી વગેરે ક્રમથી કરાવતા. તે વખતે આહારવિહારમાં પણ નિયમ પાળવા પડતા. ચા, કૉફી, તમાકુ સુંઘવી–પીવી કે ખાવી નહિ જ. તેલ, મરચાં, ખટાશ પણ નહિ જેવાં જ વાપરવાં. આ ક્રિયાઓ સવારમાં ભૂખ્યે પેટે જ કરવાની. કાંદા, લસણ વગેરેનો સંપૂર્ણ નિષેધ. શરૂઆત વસંત ઋતુમાં કરવી. પછી આખું વર્ષ કરી શકાય. મુંબાઈમાં આર્યસમાજમાં, સાંતાક્રુઝમાં યોગાશ્રમમાં તથા દાદરમાં રામતીર્થ આશ્રમમાં દોરવણી મળી શકે. ૧૨-૧૫ વર્ષથી શરૂ કરી વૃદ્ધાવસ્થા સુધી આસનો-ક્રિયાઓ થઈ શકે છે. લોનાવલામાં યોગમીમાંસા કાર્યાલયો ઘણાં ચાલે છે. ત્રૈમાસિક પણ હમણાં ચાલુ કર્યું છે. (વચ્ચે થોડો વખત બંધ હતું.) યોગાસનની જુદાજુદા શરીરના ભાગો પર, મન પર, નાડીઓ પર, જે વિવિધ અસરો થાય તેની ચકાસણી માટે રીસર્ચ લૅબોરેટરી પણ છે. શ્રી ધીરુભાઇને ઉમર વગેરેનો વિચાર કરી, યોગના જાણકાર ડૉક્ટરની સલાહથી હજી પણ શ્રી શેઠ પોતાની તબિયત સુધારી શકે. મારો તો દૃઢ અભિપ્રાય છે કે સમય, ઋતુ, કાળ, આહાર, વિહાર આદિમાં યોગ્ય ધ્યાન આપવાથી સફળ થવાય જ છે.

(નડિયાદ) —ભાનુશંકર યાજ્ઞિક

૫૧૯મા અંકમાં શ્રી 'સ્નેહરશ્મિ' કૃત 'પનઘટ' કાવ્યના આસ્વાદ માટે જે શોભનચિત્રો છે તે શ્રી કનુભાઈ દેસાઈનાં છે કે રસિકલાલ પરીખનાં? 'કુમાર' જો અવારનવાર બીજા કવિઓનો આસ્વાદ સુશોભનો દ્વારા કરાવતું રહેશે તો સૌને માટે એ રસપદ રહેશે.

(બિલોડા) —લાભુભાઈ પંડ્યા

[* ખાતરી કરતાં શ્રી રસિકલાલ પરીખનાં હોવાનું જણાયું છે.]

'એક શિક્ષક હતા' લેખ (સૌ. મહાશ્વેતા પંડ્યાનો) ગયા અંકમાં વાંચ્યો અને યાજ્ઞિક સાહેબની સૌજન્યમૂર્તિ આંખો આગળ તરવરી. સ્વ. યાજ્ઞિક સાહેબ સંસ્કારિતાની મૂર્તિ હતા. શાંત, સરળ સ્વભાવ, વગેરે બધું જ યાદ આવે છે. આવા શિક્ષકો જવલ્લે જ મળે છે.

સૌ. મહાશ્વેતાબહેન, તેમનાં પુત્રી અમે ૩૩ વર્ષ પૂર્વે સાથે ભણતાં. મારો સર્જનનો વ્યવસાય છે. જૂના બાળમિત્ર તરીકે એમને પત્ર લખવાનો ઇરાદો છે. એમનું સરનામું મને મોકલી શકો?

(મુંબાઈ) —(ડૉ.) કે. એમ.

અંક ૫૧૯ના પૂઠા પર 'સાહિત્યસર્જક' ચિત્રના પરિચયની કંડિકામાં 'મનોસૃષ્ટિ' શબ્દ વાંચી નવાઈ લાગી. 'મનોકામના' જેવો અશુદ્ધ પ્રયોગ બીજે ઘણાં લખાણોમાં થાય છે તેના જેવો આ લાગ્યો. 'મનસ્'= 'મનઃ' પછી ઘોષ વ્યંજન આવે ત્યારે 'મનો' થાય, પરંતુ અઘોષ વ્યંજન આવે ત્યારે ન થાય. શુદ્ધ રૂપ 'મનઃકામના' ને 'મનઃસૃષ્ટિ' થાય; તત્સમ 'મનસ્' ને બદલે તદ્ભવ 'મન' રૂપ લઇએ, તો 'મનસૃષ્ટિ' થાય.

અહીં એવો જ એક બીજો પ્રચલિત અશુદ્ધ શબ્દપ્રયોગ યાદ આવે છે. બીજે ઘણાં લખાણોમાં 'માનદ્' શબ્દ જોવામાં આવે છે, જ્યારે ખરું રૂપ 'માનદ' છે.

(અમદાવાદ) —હરિપ્રસાદ શાસ્ત્રી

ગુજરાતના તથા ગુજરાત બહારના ચિત્રકારોનાં સરનામાં કુમારમાં પ્રસિદ્ધ કરવા માટે ચિત્રકારોને વિનતિ કરો તો તેને ચિત્રકારો તથા વાચકો તરફથી સારો આવકાર મળશે.

(પનાર-વલસાડ) —હરિભાઈ ડી. ટંડેલ

[* 'કલા-અંક' માટે એવી નામાવલિ અમે તૈયાર કરી જ રહ્યા છીએ. એ યથાશક્ય સંપૂર્ણ બનાવવામાં સહાય કરવાને માટે સૌને આ જાહેર વિનતિ કરીએ છીએ.]

લોકો માટેના પીવાના પાણીને લગતું વેદકાલીન સાહિત્ય કે જેમાં પાણીની ગુણવત્તા, તેનાં પ્રાપ્તિસ્થાનો, વિતરણ વગેરેને લગતી ઈજનેરી અને વૈજ્ઞાનિક માહિતી ઉપલબ્ધ હોય તેવું સાહિત્ય ધરાવતા ગ્રંથો–સૂત્રોને લગતી વિગતની મારે જરૂર છે. વેદકાળમાં (કે ત્યાર બાદ અત્યાર સુધીમાં) ઉપર બતાવેલી માહિતી પ્રકટ થયાની જાણ જો કોઈ વાચક મિત્રને હોય તો લખી જણાવવા વિનતિ છે.

(અમદાવાદ) —દિનકર ભટ્ટ

શ્રી હસમુખ ગાલિયાની કહેવતોમાં 'ટીટોડીને માળો નહિ.' આવે છે. પણ ટીટોડી નાના પથ્થરોની ગોળ આકૃતિ ટેકરા પર રચે છે, તેને આ બાજુ 'માળો' કહે છે.

(ધોલેરા) —જયકર છો. જોશી

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૪)

આપનો આભાર

કલા-અંક

મોડો – અનિશ્ચિત મુદતે બહાર પડી શકે તેમ હોવાથી તે પ્રકટ થાય ત્યાં સુધીના ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે અમે નાખેલો પેટા-લવાજમનો બોલ ઝીલી લઈને જે મોટા ભાગના ગ્રાહકોએ સહાનુભૂતિની હૂંફ આપી છે તે સૌના અમે અંતરથી ઓશિંગણ છીએ. ℂ આવતી રહેલી સામગ્રી, અમારાં સાધનો અને પ્રવર્તમાન સંજોગોનો ક્યાસ કાઢતાં લાગે છે કે આગામી ઑગસ્ટ માસમાં શ્રી રવિશંકર રાવળનાં ૭૫ વર્ષ પૂરાં થયાના અમૃત-ઉત્સવે એ તૈયાર થઈ રહેશે. તેની નિશ્ચિત તારીખની જાહેરાત કરવાની સ્થિતિમાં અમે આવીએ ત્યાં સુધી સૌની ઉત્સુકતાને અધ્ધર રાખવા માટે અમે વાચકોની ક્ષમા માગીએ છીએ, અને એટલો વિલંબ ઉદારભાવે નિભાવી લેવાની ફરીથી પ્રાર્થના કરીએ છીએ.

અમારા પ્રયત્નમાં આપનો ટેકો

મળી રહે તે માટે આ અંકમાં અન્યત્ર જુઓ

'અપૂર્વ · અનન્ય · અમૂલ્ય'

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક કુમાર ૫૨૦

તંત્રી બચુભાઈ રાવત

વ્યક્તિઘડતર · ૨૨

વિશ્વદર્શન

રેવ૦ ફાધર વાલેસ

ભૂમિતિની શરૂઆત સુરેખાના અભ્યાસથી થાય છે. સીધી લીટી તો એક-પરિમાણી સૃષ્ટિ છે, સાંકડી દુનિયા છે, પણ તે પાયાનો ખયાલ હોવાથી ભૂમિતિનું મંગલાચરણ ત્યાંથી થાય છે. પછી બે સુરેખાઓ કાટખૂણે ગોઠવીને સમતલની રચના થાય છે, અને બેમાં ત્રીજી ઊભી ઉમેરીને ઘન વાસ્તવિક વિશ્વનું માળખું બેસાડવામાં આવે છે.

વ્યક્તિત્વનો અભ્યાસ–અને વિકાસ–પણ કંઈક એ જ ક્રમે થાય છે. પ્રથમ તો વ્યક્તિને જ વિષે તપાસ-સંશોધન; એ પાતળી રેખાનું વિશ્લેષણ; એ તન-મન, વિચાર-વિવેક, ઊર્મિ-લાગણીઓનું પૃથક્કરણ એ નાનકડી માનવ-રેખા પણ વિશ્વ ભૂમિતિનો પાયો છે ને! પછી સમતલ પાથરીને એ મનુષ્ય-રેખાને કુટુંબમાં, સમાજમાં, વ્યવહારમાં વિહાર કરવા દેવામાં આવે છે. આ દ્વિપરિમાણી ભૂમિતિનો પણ ઠીક અભ્યાસ આપણે કર્યો છે. હવે એ ભૂમિકા પર ત્રીજી–ઊર્ધ્વ–દિશા બાંધીએ, આત્મવિકાસ ને સમૂહવ્યવહારના પાયા ઉપર અધ્યાત્મનો વિજયસ્તંભ ઊભો કરીએ, માનવસમાજની સપાટી પર માનવનીતિના સર્જકનું મંદિર ચણીએ, તો જ આપણી દુનિયામાં ઊંડાણ ને ઊંચાઈ, વજન ને ઘનફળ, ગહનતા ને વિશાળતા, નક્કર વાસ્તવિકતા અને જીવનનું યથાર્થ દર્શન આવશે. એ છે વ્યક્તિઘડતરની ચર્ચામાં અધ્યાત્મનું સ્થાન, ને એ છે જીવનવિકાસની સાધનામાં ધર્મની આવશ્યકતા.

એક રસિક ભૂમિતિજ્ઞે 'સમતલ-નગર' નામની એક નવલિકા લખી છે. એમાં કલ્પના ચલાવીને સમતલ સૃષ્ટિમાં 'સપાટ માનવીઓ'ના જીવનનું વિનોદી વર્ણન કર્યું છે. એ વામનસમાજની વિટંબણાઓ વાંચીને હસવું ને દયા બંને આવે છે. સામે અડચણ આવી એટલે ચક્ર મારીને આસપાસ ફરવું પડે, કારણ કે સપાટની બહાર કૂદવું તો અધર્મ છે; પાછળ જોવા માટે શીર્ષાસન કરવું પડે (સમતલમાં પાસું કેમ ફેરવાય ?); અને કોઈની આજુબાજુ વર્તુલ દોર્યું એટલે તે કાયમનો કેદી બન્યો! કરુણ વાત કથામાં એ આવે છે કે જ્યારે એવો એક સપાટ જીવ સાહસ કરીને ઘન વિશ્વમાં કૂદી પડે છે, આકાશની ત્રણે દિશાએ મુક્ત રીતે ફરવાનો અનુભવ કરે છે, અને મુક્તિનો સંદેશો લઈને પોતાના સમાજમાં પ્રચાર કરવા માંડે છે ત્યારે રૂઢિચુસ્ત અધિકારીઓ એને મૃત્યુદંડ અપાવે છે! દૃષ્ટાંતનો બોધ એ છે કે માણસનો વિકાસ ભૌતિક સૃષ્ટિની વાડમાં રૂંધાઈ જાય છે, કે બુદ્ધિને ને વિજ્ઞાનને અભેદ્ય લાગતા પ્રશ્નોનો ઉકેલ ધર્મની પાસે છે, કે નક્કર વ્યક્તિત્વ બાંધવા વ્યક્તિની તાલીમ અને સમાજના ખયાલ ઉપરાંત ઈશ્વરશ્રદ્ધા અને ધર્મભાવના પણ આવશ્યક છે. વ્યક્તિ, સમષ્ટિ ને ઈશ્વરનો મેળ સધાય તો જ ત્રિપરિમાણી આકાશનું સર્જન થાય.

કેટલીયે વાર વ્યક્તિઘડતરની વાતો કરતી વખતે આપણને એમ લાગતું હતું કે હવે વાડ આવી, હવે રસ્તાનો અંત આવ્યો, હવે આપણું ભાથું પૂરું થયું, હવે આપણી મર્યાદા બંધાઈ. અહીં સુધી આપણે જેમતેમ આવ્યા ખરા, પણ આગળ શું છે, ત્યાં જવાશે કે કેમ, ને જવાશે તો યે જવા જેવું છે કે કેમ એવી શંકા-કુશંકાઓ મનમાં ઊઠતી. કદાચ એ પ્રશ્નો આપણે શબ્દોમાં નહોતા મૂકતા, પણ પ્રશ્નો તો હતા જ, અને અધ્ધર રહેતા. આત્મ-વિશ્વાસ રાખવાનું કહ્યું, પણ મારા એકલાનો શો વિશ્વાસ? જીવનધ્યેય બાંધવાનું કહ્યું, પણ એ જીવનની પાછળ કોઈ શુભ શક્તિ કામ કરી રહી છે એની ખાતરી ન હોય તો એ ધ્યેય ટકશે કેવી રીતે? દુઃખમાંથી પણ પ્રેરણા મેળવવા અનુરોધ કર્યો, પણ નાસ્તિકને ઘેર અશુભ પ્રસંગ આવે ત્યારે આશ્વાસનમાં શું બોલવું? સેવાનો ને આત્મભોગનો બોધ આપ્યો, પણ એ યજ્ઞ કરવા કોઈની વેદી તૈયાર ન હોય તો એ કરવાનું મન કેમ થાય? બ્રહ્મચર્યનો ઉપદેશ આપ્યો, પણ કેવળ મારી નબળી ને અનેક વાર પરાજિત થએલી શક્તિ લઈને હું કેમ ફરીથી મેદાને પડું? માણસોની એકતા, સ્વમાન, પ્રેમનો સંદેશ પોકાર્યો, પણ એ બધા માણસો એક જ પિતાનાં સંતોનો ન હોય તો એ સંદેશ માણસોના દિલમાં સારા પડઘા કેમ ઉત્પન્ન કરશે? આમ લગભગ એકેએક વાતના મૂળમાં ધર્મનું સનાતન તત્ત્વ હોય છે, ને એ ધર્મના સંસ્કારો જો સંગીન હશે તો મનમાં સ્પષ્ટ વિશ્વ-દર્શન અને હૃદયમાં એ મંગળ દર્શનને અનુરૂપ જીવન ઘડવાનો અદમ્ય ઉત્સાહ સ્ફુરશે.

જંગલમાં કષ્ટપૂર્વક આગળ વધતા મુસાફરને રસ્તો દેખાતો નથી. પગલે પગલે દિશા બદલાય, ખૂબ શ્રમ પડે, હમેશ ભૂલા પડવાનો ભય રહે. પણ જંગલની વચ્ચે જો એક ટેકરી આવી તો એ ઉપર ચડીને રસ્તાનો પૂરો ખયાલ, ક્યાંથી આવ્યા, ક્યાં જવાનું છે અને કેટલા આઘાપાછા થયા એનો આખો નકશો નજર સામે આવી જાય, અને બાકીનો રસ્તો સરળતાથી ને આનંદથી કાપી શકાય. જંગલરૂપી સંસારમાં ધર્મની ટેકરી પણ ઊભી છે. ત્યાં ચડીને જ વિશાળ અને સ્પષ્ટ જીવનદર્શન મળશે, જીવનદિશા બંધાશે, જીવનયાત્રાનો ઉમંગ ખીલશે. પ્રથમ અવકાશવીરોએ અંતરિક્ષમાંના પોતાના યાનમાંથી પૃથ્વીના જુદા જુદા ખંડનાં તસવીરો લઈને દુનિયાને આશ્ચર્યમાં ડુબાડી દીધી. એક જ છબીમાં આખા ભારતવર્ષનો સમાવેશ: દરિયા-કાંઠાની સીમા-રેખા, નદીઓની સૂક્ષ્મ નસ,

હિમાલયનાં શ્વેત શિખરો..., ક્યાં નિશાળની ભૂગોળ અને ક્યાં અવકાશયાત્રીનું પ્રત્યક્ષ દર્શન! ક્યાં માનવીની નજર ને ક્યાં સર્જનહારની વિશાળ દૃષ્ટિ!

ધર્મના પુષ્પવિમાનમાંથી પણ માનવજીવનનું અને સમગ્ર સૃષ્ટિનું અનોખું દશ્ય જોવા મળે છે, અને વૈવિધ્યમાં એકતાનું મૂળ નજરે પડે છે. માનવનું સર્જન એ પ્રેમનું સર્જન છે. તેની તેજ બુદ્ધિ, અતાગ હૃદય ને સ્વતંત્ર શક્તિથી એ જાણે સર્જનહારની જીવંત પ્રતિમા ન હોય! એ બુદ્ધિ લઈને તે સત્યની ખોજ કરે, દિલ લઈને માનવમાત્ર ઉપર પ્રેમ કરે, અને સ્વતંત્રતા લઈને નીતિનો પંથ પસંદ કરે એ તેના જીવનનો ઉદ્દેશ છે, કસોટી છે, ગૌરવ છે. જુદીજુદી પરિસ્થિતિ–વ્યવસ્થામાંથી નિષ્ઠાપૂર્વક પસાર થઈને તે એ ઉદ્દેશ યથાશક્તિ પાર પાડે તો જે પ્રેમળ ભગવાને એને અસ્તિત્વમાં, સંસારમાં કસોટીમાં બોલાવ્યો હતો તે એને પોતાના અનંત, અભેદ, આહ્લાદક સાંનિધ્યમાં બોલાવશે. ટૂંકમાં, માનવજીવન એ ઈશ્વરના આમંત્રણનો માનવનો સ્વતંત્ર જવાબ છે. સ્વતંત્ર છે એટલે માનવની અસ્મિતા અખંડ રહે છે; આમંત્રણનો સ્વીકાર છે એટલે આમંત્રનારની જવાબદારી ને ખાતરી આપણો વિશ્વાસ બાંધી આપે છે: જીવન એક સાહસ છે, મોટું સાહસ છે: પરંતુ હેતાળ પિતાની છાયામાં જ એ ખેડવાનું છે.

આમ ચૈતન્યવાદી માનવીને માટે જીવન એક મંગળ પ્રયોગ છે: વિશ્વ પોતાનું વતન. પૃથ્વી માનવી-માત્રનો સહિયારો વારસો, સંસાર માનવજાતનું ક્રીડાંગણ; સુખમાં તે ભગવાનનો પ્રસાદ ને દુઃખમાં કસોટી કરનાર તેમનો પ્રેમળ હાથ જુએ છે; સંપત્તિમાં પિતાની શાબાશી અને વિપત્તિમાં તેમનો મીઠો ઠપકો સમજે છે: દરેક માણસમાં પોતાનો ભાઈ ઓળખે છે, દરેકની સેવા કરવામાં એ પૂજાનો ભાવ અનુભવે છે: દરેક ઉપર પ્રેમ કરવામાં પોતાનું જીવન કૃતાર્થ માને છે. તે ચિંતા કરતો નથી કેમ કે ચિંતા કરનાર ને દુનિયાનું સંચાલન હેતાળ હાથે કરનાર તો ઉપર બેઠો જ છે; તે ફૂલાતો નથી કારણ કે તેનો પૂરો આધાર એ પ્રેરણામૂર્તિમાં છે; તે જીવનમાં સ્વદેશ તરફની યાત્રા જુએ છે, અને મરણમાં એ યાત્રાનો શુભ અંત અને પિતાને ઘેર પ્રવેશવાનું વત્સલ આમંત્રણ માને છે. જીવનનો અર્થ ને મૃત્યુનું રહસ્ય, આનંદનો લહાવો લેવાની છૂટ ને દુઃખનું સમાધાન કરવાની શક્તિ, નીતિના નિયમો પાળવાની તાકાત ને આશાની પાંખો વિસ્તારવા પ્રેરણા, આ તે વિશાળ વિશ્વદૃષ્ટિનાં ફળ છે. એથી ઊલટું... નાસ્તિકને મન જીવનયાત્રા: અમથી દોડાદોડ, દુઃખ: નિરર્થક રિબામણી, સુખ: ક્રૂર અટ્ટહાસ્ય, પ્રેમ: મિથ્યા દેખાવ, આશા: મૂર્ખનો નિધિ અને મરણ: સત્યાનાશ, અંધકાર, શૂન્યતા છે. ખરેખર, નાના કૂંડાળામાં પુરાઈ રહેલા પેલા સમતલનગરના રહેવાસી જેવી દુર્દશા!

જીવન ઉપર ધર્મનો પ્રકાશ પડે ત્યારે આખી સૃષ્ટિ કેવી પલટાઈ જાય એ સમજાવવા ટાગોરનું એક મનોહર દૃષ્ટાંત છે. તેઓ કહે છે કે પોતે નાના હતા ત્યારે એમની આંખો નબળી હતી, પણ તેની પોતાને ખબર ન હતી; બધાને આવું જ દેખાતું હશે એમ એમને લાગતું. પરંતુ એક દિવસ અચાનક રમતમાં એમણે કોઈ સાથીનાં ચશ્માં લઈને પહેર્યાં ત્યારે એમને બધી વસ્તુ ચોખ્ખી દેખાઈ! એ નવી શોધના આનંદ સાથે આટલા દિવસ સુધી આટલું નુકસાન વેઠ્યાનું દુઃખ એમણે અનુભવ્યું. નાસ્તિકની દુનિયા પણ ચશ્માં વગરની સૃષ્ટિ છે: ઝાંખી, અસ્પષ્ટ, નીરસ. પણ જો શ્રદ્ધાનાં દિવ્ય ચક્ષુ ખૂલે તો જીવનની રેખાઓ ને રંગ, સૌંદર્ય ને માંગલ્ય નજર સામે આપોઆપ ખીલી ઊઠે.

તમે બીજાં ક્ષેત્રોમાં પવનવેગે પ્રગતિ કરો છો, નવા વિષયો શીખો છો, નવા અનુભવો લો છો, નવી કલાઓ હસ્તક કરો છો. હવે જો આ ક્ષેત્રમાં, ધર્મના ક્ષેત્રમાં તમે સરખી પ્રગતિ પણ ન સાધો તો તમારો સર્વાંગી વિકાસ થશે નહિ. ધર્મમાં જે વિરાટ દર્શન, જે ઉલ્લાસનું સ્પંદન, જે શક્તિનું સ્ફુરણ છે એનાથી જો તમારી જાતને વંચિત રાખશો તો તમારું વ્યક્તિત્વ રૂંધાઈ જશે.

એ માટે કરવું શું? રોજ ઊઠીને પ્રાર્થના કરો: ઘેર હશો કે હૉસ્ટેલ-બોર્ડિંગમાં હશો તો ય એ થઈ શકશે–ને થવું જ જોઈએ. ગરજમાં વિનંતી, ઉપકારમાં આભાર, ભૂલમાં પસ્તાવો, ને સદા વિશ્વાસમાં ભક્તિ ને પ્રેમ, એ ભગવાન પ્રત્યેના ભાવો તમારા હૃદયમાં કેળવો. પ્રવૃત્તિમાં સાક્ષીભાવ, કાર્યમાં અનાસક્તિ, જનસેવામાં પ્રભુસેવા, એ મંત્રો કેવળ સાધુસંતો માટે નહિ પણ તમારે માટે પણ ઘડેલા છે એમ સમજો અને સરળતાથી એનો અનુભવ પણ કરો. ધર્મનું સાહિત્ય વાંચો. પ્રસંગ મળે ત્યારે ઉપદેશ સાંભળો. આટલી જાગૃતિ તમારા ચારિત્ર્યને નવો ઓપ ચડાવશે.

તમારી જીવનરેખા ને સમાજ-સપાટીની ક્ષિતિજ ઉપર તમે ધર્મનો ભવ્ય ઘુંમટ રચશો ત્યારે જ ત્રિપરિમાણી આકાશમાં ઊડીને મુક્ત વિહાર માણી શકશો.

મારી બેચેની

આપણા સાર્વજનિક જીવનમાં પ્રવર્તતું લાંચરૂશ્વતનું જોર; સમાજમાં વધતી જતી ગુનાખોરી; કુટુંબસંસ્થામાં પથરાતી રહેલી અસ્વસ્થતા અને અસંતોષ; તરુણ તથા વિદ્યાર્થીવર્ગમાં જામતું આવતું અનાદર અને ગેરશિસ્તનું વાતાવરણ; નાચ-ગાનનાં ઉત્તેજક ચિત્રપટો; કામવાસના અને પ્રેમભાવના વચ્ચેના ભેદ અંગે સમાજમાં થઈ રહેલો ગોટાળો; કોઈ પણ દુર્ગુણ પ્રત્યેનાં આંખમીચામણાં અને બેદરકારી જ નહિ પણ ઊલટાનું એકાદ શાસ્ત્રનો આધાર લઈને તેનું પ્રતિપાદન કરવાની પ્રવૃત્તિ...આ બધાંને અનાન્ય સાથે અગર તો સામાન્ય માનવીની થએલી દીન દશા સાથે કશો જ સંબંધ નથી એમ જેમને લાગતું હોય, તેમની ગણના ભાગ્યશાળી લોકોમાં કરાવી જોઈએ. ભગવાને મને એવા ભાગ્યશાળીઓની હરોળમાં નથી બેસાડ્યો એટલા પૂરતો હું દુર્ભાગી છું મને તો એમ જ લાગે છે કે સમાજમાં નજરે પડતી આ બધી અપ્રિય બાબતો વસ્તુતઃ તો એક જ વિષવૃક્ષનાં ડાળાં-પાંદડાં છે. ઝપાટાભેર પલટો લઈ રહેલું અને માણસને નર્યાં યંત્રરૂપ બનાવી દેતું આજનું જીવન આ વિષવૃક્ષને ઉછેરી રહ્યું છે. આવતી કાલે જ આ વિષવૃક્ષને ફળ બેસશે અને તે ફળ આપણા સમાજને—જે સમાજનાં સુખદુઃખનું ભાન એમાં જ હું વસતો હોવાથી વધારે તીવ્રતાથી હું અનુભવી શકું છું એવા મારા આ સમાજને–ચાખવાં જ પડવાનાં છે એના વિચારથી હું બેચેન બની જાઉં છું.

—વિ. સ. ખાંડેકર

હળવે રહીને હાંક મારો

સ્વ. મણિલાલ દેસાઈ*

· ગાન ·

હળવે રહીને હાંક મારો!
ઘરમાં કે બ્હાર ચાર લોક મળે ભેળાં
ત્યાં થાય મને એવો મુંઝારો!...

સૂતેલી સાહીઅર આ જાગી જશે ને
વહી જાશે એ વાત પ્રીત કેરી,
કાલે સવારે આ સૂરજના છાંયડામાં
નહીં રે'શે રાતડી સુનેરી;
ઘરઘર ને ગલી ગલી વાત થશે ભલી ભલી
નિંદાને હોય નહિ આરો...
હળવે રહીને હાંક મારો.

પાંપણ છે બંધ છતાં ઉર નથી સૂતું,
હું પગલાં સુણી લઈશ છાનાં.
વ્હેલી સવારે પછી જોયું જાશે રે
મને રે'શે મળી અનેક બ્હાનાં;
સાંજ ને સવાર વારવાર રહે ઘૂમરાતો
મનમાં વિચાર એકધારો...
હળવે રહીને હાંક મારો.

*તા. ૪ મેના રોજ એમની સંવત્સરી આવે છે.

ફૂલને હોઠે* / ભાનુપ્રસાદ પંડ્યા

· ગાન ·

ફૂલને હોઠે ગંધ હસી
ત્યાં તૃણને મુખે સ્મિત!
પાંખથી રમે વાયરો
ચોરી દ્રુમનું તાજું ગીત!
નીરખે કિરણ નીત!

ડમણી ખેંચે છોગલું
પરું, જાળિયું પ્રોવે આંખ,
વાટથી ઊડી ડમરી
એમાં પૂંછને આવી પાંખ!
સીમની લીલમ જીત!

આંચળે અડ્યાં આંગળાં,
એની છાણમાં ઊઠે છાપ!
કોઈ છલોછલ હેલનું
મ્હોળે પગલે માંડ્યું માપ!
ધૂળને મળ્યાં મીત!

બપોર / હરિકૃષ્ણ પાઠક

· મિશ્ર ·

અવાવરું કો' ઘરની પછીતે
બેઠી બપોર. પથ (પાસ થઈ વહે જે)
સૂતો ઘડી મૂક બની નીરાંતે,
આછો કયહીંક સુણી ચાબૂકનો સટાકો
જાગે જરી ઝબકીને, ફરી ડાબલાના
આછા અવાજ જ્યહીં ઓગળી જાય...
—ઝંપે.

ને ધૂળની ડમરી સાથ ચગેલ પેલાં
પીળાં ખર્યાં પાન કરે-રૂપાળાં
પથે પડેલાં પગલાંની વાતો!

ઊંચાં મકાન પણ કંજુસ સાવ : ઊભાં
છાંયા બધા પગ તળે દબવી.

અને પણે—
જૂના અને જર્જર ટાવરે થતો
વ્હેતી હવા પણ ઘડીભર કંપવી જતો,
બોદો છતાં અફર કાળ તણો ટકોરો.

થંભ્યો બધો ય વ્યવહાર બજારનો બે
ઊંચાંનીચાં લટકતાં સ્થિર છાબડાંમાં.

છજાં તણા જીરણ અંધકારની
વાસી હગાર વળી થોડુંક ઘૂઘવી જતી!

ઊઠે બપોર અવ શિંગ ઉલાળી સ્હેજ,
ધીમે વળે સાંજની સીમની ભણી...

ખેતર / મનોજ ખંડેરિયા

· ગઝલ ·

કદી કોઈ ગોફણમાં વીંઝાય ખેતર,
સમયની ક્ષિતિજપાર ફેંકાય ખેતર.

કરી વાડમાંથી જરા સરખો મારગ,
પ્રવેશી હવા કૈં ચરી જાય ખેતર.

ખબર ના પડે ચાડિયાને જરા પણ,
વિહગ ચાંચમાં એમ લઈ જાય ખેતર.

હથેળીમાં દાણો હું એકાદ લઉં, ત્યાં
તરત મારી ફરતું ઊગી જાય ખેતર.

કરી ખુલ્લું મોં કોશની પાંસ બેસી
ઉલેચાતું પાતાળ પી જાય ખેતર.

પીલુડીની છાયામાં બેસી સ્મૃતિઓ
કરે રોંઢો ત્યારે શું લ્હેરાય ખેતર!

ગવન આવતું દૂરથી લાલ નીરખી
લીલા મૌન કેરું લચી જાય ખેતર.

તડકો / ધીરુ પરીખ

· કટાવ ·

'ભડકો ભડકો' કોણ કહે છે!
તડકો ન્હોયે ભડકો ભડકો.

સમળી તરતી તડકે
તડકો ક્ષીરસાગરનું પૂર;
વગડે વરસે તડકો
તડકો આવળફૂલનું નૂર.

હસતો તડકો
ગુલમહોરની ડાળે ડાળે
લાલ લાલ થૈ ફૂલ;
ઝૂલતો તડકે આંબાડાળે
શાખ થઈ રસગુલ.

તડકો બોર બનીને તાકે,
તડકો પીલુ થૈને પાકે,
તડકો સર-સપાટીએ નાચે,
તડકો હિમશિખર પે રાચે.

તડકો પાકી જારનાં ભર્યાં ખેતરે
પાનપાન રણકાતો;
તડકો પ્રપાત કરી છાબમહીં તો
હીરા બની છલકાતો.

તડકો શાહમૃગના
પગમાં પેસી દોડે,
તડકો રણવગડામાં
વરાળ થૈને ઊંચે ઊંચે મોડે.

વૃક્ષઘટામાં પેઠો તડકો
રમતો અડકો દડકો;
વાદળપાંખે બેઠો, ઊડતો
હળવે હળવે તડકો.

તડકો લીલા મોલે હીંચે,
તડકો સમીર-હાથે ખીંચે
સાજુ ધરતી કેરો ધૂળનો,
(તડકો તોફાની તો મૂળનો!)

તડકો પડછાયે સંતાતો,
તડકો ધુમ્મસમાં કંતાતો,
તડકો ફરફર ફોરે કોરો,
તડકો મેઘધનુનો તોરો.

તડકો ન્હોયે ભડકો,
તડકો ન્હોયે તડકો!

*પ્રભાતનું વર્ણન: ફૂલ અને તૃણ (ઉચ્ચ-નીચ) સૌ મુદિત; ઝાડમાંથી હળવે ટહૌકે ઊડી જતાં પખી; ઊંચે પૂંછડે ડમરી ઉડાડતી બળદગાલ્લીમાં વિદાય થતા સાહ્યબાને નીરખી રહેતી નવોઢા; દોહવાતાં દૂધ અને થપાતાં છાણાં; હેલ ભરી જતી નારીનાં પગલાંની ધૂળને લાધતી મૈત્રી.

પી તુંબડાનું
શૂન્ય, તંબૂરો ખીલ્યો
માઝમ રાતે.
(ધીરુ પરીખ)

વસ્ત્ર રાત્રિનું
સરકતું સ્કંધથી
કોડિયું ઠર્યું.
(મલય દેસાઈ)

વણે વાયરો
શ્વાસ-ઉચ્છ્વાસથી
પોત આયુનું.
(ચંપકલાલ પરીખ)

નિર્જન રાહે
પગલાંઓની છાપ
અબોલ સાથી.
(ઉપેન્દ્ર રાવળ)

શ્વાનની જીભે
લાવાથી લથબથ
બપોર હાંફે.
(ચંપકલાલ પરીખ)

સુરત જિલ્લામાંની શૈક્ષણિક, રાજકીય, સામાજિક અને સહકારી પ્રવૃત્તિઓથી વાતાવરણને ધમધમતું કરી મૂકનાર કર્મવીર અને 'કલ્લુ-કલ્લુની જોડી'માંના એક આજીવન લોકસેવક પદ્મભૂષણ

કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા

લેખક
પ્રો. નરોત્તમ
વાળંદ



'કસ્તૂરબા સેવાશ્રમ' માંની પોતાના પર્ણકુટિ આગળ કલ્યાણજીભાઈ (ફોટો: નરોત્તમ વાળંદ)

મરોલી સ્ટેશને ઊતરીને સામી બાજુએ રેલવેના પાટાની સમાન્તરે ઉત્તર દિશામાં થોડાંક કદમ ચાલીએ એટલે 'કસ્તૂરબા સેવાશ્રમ' આવે દરવાજામાંથી અંદર જઇએ ત્યાં જમણા હાથે, અર્વાચીન ઋષિનિવાસ સમી એક સુઘડ પર્ણકુટિ આવે. ત્યાં પાટી ભરેલા ઢીંચકા પર મોટા તકિયાને અઢેલીને ખાદીનું અર્ધી બાંયનું પહેરણ અને ઢીંચણ ઢંકાય એવડી ખાદીની ચદ્દી પહેરીને, વૃદ્ધ છતાં ખડતલ શરીરવાળી વ્યક્તિ બેઠેલી જણાય તે જ કલ્યાણજીભાઈ. ગમે તેવો પરાયો આગંતુક પણ એમની સીધી મુલાકાત પામે. વૃદ્ધની વ્યવહારદક્ષતા, યુવાનનો ઉત્સાહ અને બાળકની નિર્વ્યાજ સરળતાનો પરિચય એમની સાથેની મુલાકાતમાં થોડી જ વારમાં થઈ જાય.

કલ્યાણજીભાઈનું વતન સુરત જિલ્લામાં ચોર્યાસી તાલુકાનું, સુરતથી ૧૧ માઇલ દૂર આવેલું વાંઝ ગામ પવિત્ર અને ધાર્મિક મનોવૃત્તિવાળા ખેડૂત કુટુંબમાં, એમનો જન્મ તા ૭મી નવેમ્બર ૧૮૯૦ ના રોજ થયો. પિતા વિઠ્ઠલભાઈ મુરાદભાઈ પટેલ ગામના અગ્રેવાન ગણાતા. માતા ધનીબહેન તે વડોદરા રાજ્યના કામરેજ તાલુકાના વિહાણ ગામના દુર્લભભાઈ જીવણજી પટેલનાં દીકરી થાય. કલ્યાણજીભાઈના મોટા ભાઈ કુંવરજીભાઈ અને નાના ભાઈ પ્રભુભાઈ (ઘરનું નામ મંગળભાઈ) ત્રણે જણ મુંબાઈમાં, મલાડમાં 'આદર્શ દુગ્ધાલય'નું સંચાલન કરે છે, અને સાથોસાથ હૈદરાબાદમાં દ્રાક્ષના બગીચાની પ્રવૃત્તિ પણ કરે છે. કલ્યાણજીભાઈ તે વચલા ભાઈ. બહેન એકેય નથી. આ ત્રણેય ભાઇઓ આદર્શને વરેલા અને સેવાભાવી છે.

લગભગ ૧૪ ૧૫ વર્ષની ઉંમરે કલ્યાણજીભાઈનું કાશીબહેન સાથે લગ્ન થએલું તેઓ સંસારી જીવન શરૂ કરે ત્યાં તો દેશને હચમચાવી મૂકનારી બંગભંગની ચળવળ શરૂ થઈ. એની અસર દેશના અનેક નવલોહિયા યુવાનો પર પડી. કુંવરજી અને કલ્યાણજીની બંધુબેલડી પણ એ રંગે રંગાઈ. સને ૧૯૦૭માં સુરતમાં અડવા દરવાજા બહાર આવેલી ફ્રેન્ચ ગાર્ડન નામે ઓળખાતી જગામાં (હાલ જ્યાં પુરુષોત્તમદાસ ઠાકુરદાસનો 'દિવાળીબાગ' અને અન્ય બંગલાઓ છે ત્યાં) કૉંગ્રેસની બેઠક મળેલી. એ જોવાની આ બે ભાઇઓ અને મિત્રોને લગની લાગી મોટા ભાઈની આગેવાની નીચે એમણે એક 'લિમિટેડ કંપની' બનાવીને સવા પાંચ રૂપિયા એકઠા કર્યા અને વાંઝથી સુરત જવા ચાલતા નીકળ્યા. પાસેના સચીન સ્ટેશનેથી સુરત જવા માટે ફક્ત પોણા બે આનાનું જ રેલવે ભાડું હતું; પણ એ ખર્ચે તો રકમ ખૂટે અને કૉંગ્રેસની બેઠક જોવાની પાંચ રૂપિયાની ટિકિટની રકમમાં તૂટ પડે, એટલે ચાલતા જવાનું ઠરાવેલું. માબાપ અને શિક્ષકથી છાના આ જુવાનિયાઓ મળસ્કે ઊઠીને નીકળી પડ્યા. માર્ગમાં કુંવરજી અને કલ્યાણજી થાક્યા ત્યારે ગોવિંદલાલ નામના મજબૂત શરીરવાળા એક શેઠના દીકરાએ બંનેને વારાફરતી ખાંધે ઊંચકીને કેટલોક માર્ગ કાપેલો! સુરત પહોંચીને પાંચ રૂપિયાની ટિકિટમાં વારાફરતી સૌએ લાલ, પાલ અને બાલ તેમ જ અન્ય નેતાઓનાં દર્શન કર્યાં. વધેલા ચાર આનાના ચણા લઇને સૌએ ખાધા! આ અધિવેશનમાંથી જ દેશભક્તિની ચિનગારી તેઓ લઈ આવ્યા.

કલ્યાણજીભાઈ વાંઝ ગામની પ્રાથમિક શાળામાં સાતમા ધોરણમાં ભણતા હતા ત્યારે જિલ્લાના તે વેળાના ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર રણછોડલાલ ખંભાતાએ તેમને અંગ્રેજી ભણાવવાની ખાસ ભલામણ તેમના પિતાશ્રીને કરી હતી; પરંતુ શહેરમાં રહેવાનો બંદોબસ્ત થઈ શકે તેમ નહોતો એટલે અંગ્રેજી ભણતર માંડી વાળીને અમદાવાદમાં પ્રેમચંદ રાયચંદ ટ્રેઇનિંગ કૉલેજમાં દાખલ થયા. એ વેળા કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી પ્રિન્સિપાલ હતા. સને ૧૯૦૮ થી ૧૯૧૧ સુધીનાં ત્રણ વર્ષ ખંતથી અભ્યાસ કરીને સ્કૉલરશિપ મેળવીને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. કૉલેજમાં જતાં પહેલાં વાંઝની પ્રાથમિક શાળામાં થોડા માસ શિક્ષક બન્યા હતા. પછી સુરતની મ્યુનિસિપલ શાળા નં. ૧માં હેડમાસ્તર હરિભાઈ દેસાઈ (મહાદેવભાઈના પિતા)નો હાથ નીચે થોડો વખત નોકરી કરેલી ટ્રેઈન્ડ થયા બાદ સુરતની સાર્વજનિક હાઈસ્કૂલમાં જોડાયા. તેમના પહેલાં મોટા ભાઈ કુંવરજી પણ વાંઝની પ્રાથમિક શાળામાં આસિસ્ટન્ટ શિક્ષક બન્યા જ હતા. તેઓ 'છોકરાં ભણાવનાર મહેતા' તરીકે ઓળખાતા હતા. કલ્યાણજીભાઈ પણ 'મહેતા' બન્યા. આથી બેઉ ભાઇઓ 'પટેલ'ના 'મહેતા' થઇને એ જ અટકથી ઓળખાવા લાગ્યા. એ વેળા સુરતની કૉંગ્રેસમાં આવેલા ફિરોજશાહ મહેતાનું નામ બેઉ ભાઇઓએ સાંભળેલું. એટલે આ 'મહેતા' અટક તેમને ગમી ગઈ અને એ જ ચલાવ્યા કરી.

મોટા ભાઈને એમ લાગ્યું કે દેશસેવાની સાથોસાથ જ્ઞાતિસેવા પણ કરવી જોઇએ, એટલે એમણે પાટીદાર પરિષદોમાં જ્ઞાતિસુધારણાનાં કાર્યો કરવા માંડેલાં. એમણે 'પાટીદાર હિતેચ્છુ' નામે માસિક પત્ર શરૂ કર્યું. જે પાછળથી 'પટેલબંધુ' તરીકે ચાલુ રહ્યું. લેખકમંડળમાં બે ભાઇઓ મુખ્ય હતા. કુંવરજીભાઈ 'નર્મગદ્ય' ઉથલાવે ને એમાંથી જ વિષયો ઉપાડીને લેખો લખે; કલ્યાણજીભાઈ પણ કાવ્યો-લેખો લખે. આમ, બેઉ ભાઇઓએ સુધારાક્ષેત્રે પગરણ માંડ્યાં.

એ અરસામાં ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં 'ઇન્ડિયન ઓપીનિયન' સાપ્તાહિક પત્ર ચલાવતા, તે ત્યાંના મિત્રો બંને ભાઇઓને મોકલતા. એમાંની સત્યાગ્રહની વાતોથી આ બંધુબેલડી પ્રભાવિત થઈ. કુંવરજીભાઈએ તો થોડો ફાળો પણ એકત્ર કરીને ગાંધીજીને મોકલી આપ્યો હતો. પછી તો ગાંધીજી સાથે પત્રવ્યવહાર ચાલ્યો

સને ૧૯૧૪માં ગાંધીજી સ્વદેશ પાછા ફર્યા ત્યારે તેમનો પ્રત્યક્ષ પરિચય થતાં બેઉ ભાઈઓ તેમના પરમ ભક્ત બની રહ્યા.

કુંવરજીભાઈ સુરતમાં સ્વદેશી કાપડની દુકાન ચલાવતા હતા. એવામાં રાંદેરની 'કડવા પાટીદાર બૉર્ડિંગ' બંધ પડતાં, એમાંના વિદ્યાર્થીઓને સહાયરૂપ થવાને, સુરતમાં સૈયદપરામાં, ચૌકી શેરીમાં ગંગાધર શાસ્ત્રીની હવેલીમાં 'યુવક મંડળ પાટીદાર બૉર્ડિંગ હાઉસ'ની ઈ.સ. ૧૯૧૧ની ૧૩મી નવેમ્બરે સ્થાપના કરી, જે સંસ્થા પછીથી 'પાટીદાર વિદ્યાર્થી આશ્રમ'ના નામે ખૂબ જાણીતી થઈ. એ વેળા કલ્યાણજીભાઈ શિક્ષકપદે હતા. તેમણે માનાર્હ ગૃહપતિ તરીકેની ફરજ ઉપાડી લીધી. આ અરસામાં સુરતમાં દયાળજીભાઈ નાનુભાઈ દેસાઈએ અનાવિલ આશ્રમ સ્થાપ્યો હતો. આ બંને સંસ્થાઓનો ઉદ્દેશ કેળવણીપ્રચારનો ને વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરનો હતો. એ વેળાનું રાષ્ટ્રીય ભાવનાનું ક્રાન્તિમય વાતાવરણ એવું તો વ્યાપક બની ગએલું કે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય જુસ્સો આપોઆપ પ્રગટી ઊઠયો. અને બંને સંસ્થાઓ રાષ્ટ્રીય સંસ્થાઓ બની. ગાંધીજી બેઉ આશ્રમોની પ્રવૃત્તિથી પ્રભાવિત થયા હતા. સત્યાગ્રહની ચળવળો દરમ્યાન એ આશ્રમો દેશનેતાઓની મુલાકાતનાં અને રાષ્ટ્રીય લડતોનાં પ્રચારકેન્દ્ર બન્યાં હતાં. ઈ. ૧૯૧૮માં ગાંધીજી સુરત આવ્યા ત્યારે 'હું બ્રિટિશ સલ્તનતની જડ ઉખેડવા માગું છું' એ વાક્ય પાટીદાર આશ્રમની સભામાં બોલેલા. બારડોલીમાં સવિનયભંગની લડત શરૂ કરતાં પહેલાં વાઈસરૉયને છેલ્લો પત્ર લખ્યો તેનો મુસદો ગાંધીજીએ આ આશ્રમમાં ઘડયો હતો, અને ત્યાં જ મળેલી કૉંગ્રેસની વર્કિંગ કમિટીએ તે પાસ કર્યો હતો. વિદ્યાર્થીઓનાં, સ્વયંસેવકોનાં, ખેડૂતોનાં અને નાગરિકોનાં નાનાં મોટાં કેટલાં યે સંમેલનો અહીં ભરાતાં. સરકારનો લાલ ડોળો હમેશાં આ આશ્રમ પર રહેતો. ઈ. ૧૯૪૮થી એને 'વલ્લભ વિદ્યાર્થી આશ્રમ' નામ અપાયું. સર્વ જ્ઞાતિના વિદ્યાર્થીઓને એમાં શરૂથી જ પ્રવેશ મળતો હતો. વિદ્યાર્થીઓમાં સહૃદયતા અને સમાનતા ખીલે તથા જ્ઞાતિભેદ ભુલાય એવું ત્યાંનું વાતાવરણ હતું. પંક્તિભેદ તોડવાના ગુના બદલ તો પાટીદારની નાત કુંવરજીભાઈને નાત બહાર મૂકવા બબ્બે વાર મળેલી. તા. ૧૨મી નવેમ્બર ૧૯૩૬ના દિને આ આશ્રમને ૨૫ વર્ષ પૂરાં થયાં, ત્યારે તેનો રજત મહોત્સવ સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે ઉજવાએલો.

લોકમાન્ય ટિળક માંડલેની જેલમાંથી છ વર્ષની સજા ભોગવીને બહાર આવ્યા ત્યારે 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે' એવો મંત્ર લેતા આવ્યા. શ્રીમતી ઍની બેસન્ટે એ જ અરસામાં હોમરૂલ ચળવળ શરૂ કરી. એ વેળા બન્ને આશ્રમોના કાર્યકરો તેમાં જોડાયા અને સુરત શહેર તેમ જ જિલ્લામાં તેની શાખાઓ સ્થાપવાની ઝુંબેશમાં લાગી ગયા. કલ્યાણજીભાઈ ૧૯૧૯થી'૨૨ દરમ્યાન લીગના મંત્રી પણ બન્યા. શ્રીમતી બેસન્ટ પકડાતાં તેમણે સુરતની સાર્વજનિક હાઈસ્કૂલના શિક્ષકપદેથી રાજીનામું આપ્યું અને પોતાની શક્તિને રાજકીય પ્રવૃત્તિમાં રેડી. ઈ.સ. ૧૯૧૭માં ખેડા જિલ્લામાં પાક નિષ્ફળ ગયો, છતાં સરકારે દુષ્કાળની સ્થિતિ જાહેર ન કરતાં મહેસૂલનો કર ચાલુ રાખ્યો એટલે ગાંધીજીએ ખેડા ખાતે સત્યાગ્રહ આદર્યો. તેમણે કલ્યાણજીભાઈને નડિયાદ બોલાવ્યા અને કાર્ય સોંપ્યું. ત્યાં તેમણે ત્રણ મહિના એ કામગીરી બજાવી. તેમાં તેમને ગાંધીજી, સરદાર, માવળંકર, ઈન્દુલાલ યાજ્ઞિક, મોહનલાલ પંડયા વગેરેનો નિકટનો સંપર્ક થયો.

પ્રથમ વિશ્વવિગ્રહ વેળા ભારતની વફાદારી અંગ્રેજો તરફ છે એવું ગાંધીજીએ જાહેર કરીને યુદ્ધની ભરતી માટે ગુજરાતનો પ્રવાસ શરૂ કર્યો ત્યારે તેમના કેટલાક સાથીદારો તેમની સાથે સંમત થઈ શક્યા નહિ, તેમ છતાં વલ્લભભાઈ, દયાળજીભાઈ, કલ્યાણજીભાઈ અને અન્ય સાથીદારોએ ગાંધીજીના આ પ્રયત્નને બિરદાવીને તેમને સહકાર આપ્યો અને પોતાનાં નામ નોંધાવ્યાં.



કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા

ઈ. ૧૯૧૮માં રૉલેટ કાયદા દ્વારા સરકારે લોકમતને દાબી દેવાનું પગલું ભર્યું. તેના પ્રત્યાઘાત રૂપે ગાંધીજીએ ફરી સત્યાગ્રહ માંડયો. દલુ-કલુની જોડીએ ગાંધીજીનું એલાન સ્વીકારી લીધું. કલ્યાણજીભાઈએ આશ્રમના ગૃહપતિપદેથી રાજીનામું આપી દીધું. દલુ-કલુ ને સાથીદારોએ સુરતમાં 'સત્યાગ્રહ સભા' સ્થાપીને સત્યાગ્રહનો ઠરાવ કર્યો. દયાળજીભાઈએ સત્યાગ્રહીઓ માટે ઉઘાડાં માથાં અને ઘૂંટણ સુધીની કફનીનો વેશ મુકરર કર્યો. દલુ-કલુ અને બીજા ત્રણ એમ પાંચ જણાએ એ સત્યાગ્રહી વાઘા સજીને સભાસરઘસો યોજવા માંડયાં. કલ્યાણજીભાઈની 'દેશકીર્તન'ની પુસ્તિકામાંનાં

'ભગિની બંધુઓ ઊઠો, તમારા દેશને માટે,
સજો સત્યાગ્રહી વાઘા, તમારા દેશને માટે.'

વગેરે ગીતો ટિળક મેદાનની વિરાટ સભાઓમાં હોંશથી ગવાતાં. ધ્વનિવર્ધક યંત્રો વિનાના એ જમાનામાં ૪૦ થી ૫૦ હજારની વિરાટ સભાઓમાં શરીરે સૂકલકડી જણાતા દલુ-કલુ બુલંદ અવાજે ભાષણો આપતા. કલ્યાણજીભાઈ વેધક વાણીથી અને તર્કિક દલીલોથી શ્રોતાઓનાં દિલમાં સ્વરાજનો મંત્ર સોંસરો ઉતારતા. સાઈકલ પર ફરીને અને શંખનાદ કરીને તેઓ પ્રચારકાર્ય કરતા. તેમનાં પ્રવચનો અને કાર્યોએ આખા જિલ્લાને હચમચાવી મૂકયો. આમ છતાં ભયનું વાતાવરણ ઓસર્યું નહોતું. આ અરસામાં એક વાર અંભેટી ગામે યોજાયેલી કલ્યાણજીભાઈની સભા તોડવા શેખ ફોજદાર અગાઉથી ગામમાં



પિતા, સ્વ. વિઠ્ઠલભાઈ ખુ. પટેલ, મોટા ભાઈ કુંવરજીભાઈ-આજે, કલ્યાણજીભાઈ-પાટીદાર આશ્રમના પ્રમુખ હતા ત્યારે તથા નાનાભાઈ મંગળભાઈ-આજે.

આવેલા. તે મોટીમોટી આંખો કાઢે એટલે લોકો સભામાં આવતાં ડરે. પણ કલ્યાણજીભાઈના આવ્યા પછી એમની ગર્જના સાંભળી લોકોનો ભય ભાંગ્યો અને ટપોટપ બધા મોટી સંખ્યામાં ભેગા થયા.



આ રૉલેટ એક્ટની સામેના વિરોધ પ્રદર્શનમાં કલુ-કલુની જોડીએ દિલ તોડીને કામ કર્યું. કૉંગ્રેસના આદેશ પ્રમાણે સુરતની મ્યુનિસિપલ શાળાઓને સરકારી અંકુશમાંથી મુક્ત કરવા માટે નવી ચૂંટણીમાં કલુ-કલુ કુંવરજી અને સાથીદારોએ ઝંપલાવ્યું અને મ્યુનિસિપાલિટીમાં દાખલ થઈ ગયા. સ્વદેશીના પ્રચાર અર્થે કલુ-કલુએ સુરતમાં લીમડા ચોકમાં 'સ્વદેશી ભંડાર'નું ગાંધીજીના હસ્તે ઉદ્ઘાટન કરાવ્યું, અને બીજી બાજુ પાટીદાર આશ્રમમાં સાળ નાખીને ખાદી વણાવવા માંડી.

પછી તો અસહકારનો મોટો જુવાળ આવ્યો. કુંવરજીભાઈ બારડોલીને યજ્ઞવેદી તરીકે તૈયાર કરવા ત્યાં બેસી ગયા; ને ગામેગામ રાષ્ટ્રીય શાળાઓ સ્થાપી. એ અરસામાં વિઠ્ઠલભાઈ પટેલ તાલુકાની મુલાકાતે આવ્યા ને તેમણે ગાંધીજીને લડતના ક્ષેત્ર તરીકે બારડોલીની પસંદગી કરવા આગ્રહપૂર્વક ભલામણ કરી. ગાંધીજીએ વાઈસરૉયને આખરી પત્ર મોકલી દીધો. પરંતુ તેઓ સત્યાગ્રહ શરૂ કરે ત્યાં તો અલ્લાહાબાદ પાસે ચૌરીચૌરામાં હિંસા ફાટી નીકળી. લોકોએ ૨૦-૨૨ પોલીસો સહિત પોલીસચોકીને બાળી મૂકી. ગાંધીજીને આથી ખૂબ દુ:ખ થયું અને લોકમતની વિરુદ્ધ જઈને તેમણે સત્યાગ્રહ બંધ રાખ્યો.



જમણી બાજુ: સુરતમાં પાટીદાર વિદ્યાર્થી આશ્રમ-ઈ. ૧૯૧૦માં. અને એના એક સમયના પ્રમુખ સ્વ. ચંદુલાલ બહેચરલાલ પટેલ. આગળ જતાં એમણે ગોંડલનરેશના વિખ્યાત 'ભગવદ્ગોમંડલ' શબ્દકોશનું સંપાદન કર્યું. (ફોટો: આશ્રમના સૌજન્યથી)



પાટીદાર વિદ્યાર્થી આશ્રમના પ્રારંભના સંચાલકો અને વિદ્યાર્થીઓ. ઈ. ૧૯૧૪માં બેઠેલા ડાબી બાજુથી કુંવરજીભાઈ મહેતા, ચંદુલાલ વ. પટેલ અને કલ્યાણજીભાઈ. પાછળ ઊભેલા રામજીભાઈ અમીન તથા મંગળભાઈ (પ્રભુભાઈ). (બ્લૉક: આશ્રમના સૌજન્યથી)


આના થોડા સમય અગાઉ લોકમાન્ય ટિળકનું અવસાન થતાં, ઈ.સ. ૧૯૨૧માં ગાંધીજીએ 'લોકમાન્ય સ્મારક ફંડ'માં એક કરોડ રૂપિયા એકઠા કરવાનું નક્કી કર્યું. એ અંગે વિચારણા કરવા 'ગુજરાત પ્રાન્તિક સમિતિ'ની એક બેઠક ભરૂચમાં દિનકરરાવ દેસાઈને ત્યાં મળી. ગુજરાતના કાર્યકરો ત્રણ લાખનો ફાળો એકત્ર કરવાનું વિચારી રહ્યા હતા. ગાંધીજી એ આંકડો વધારવા માગતા હતા. એ સમયે દયાળજીભાઈએ ગાંધીજીને પૂછ્યું કે વ્યક્તિ પાસેથી વધુમાં વધુ આપની શી અપેક્ષા છે? ત્યારે ગાંધીજીએ જવાબ દીધો: 'નિષ્ઠા હોય તો બાવા બની સર્વસ્વ આપવું જોઈએ.' થોડીક વાર વિચાર કરીને દયાળજીભાઈએ આંખોમાં પ્રેમાશ્રુ સહિત સંકલ્પ કર્યો કે 'હું મારી બધી જ સંપત્તિ સમર્પિત કરું છું.' આ જોઈને 'દલુ-કલુની જોડી'માંના અર્ધાંગ કલ્યાણજીભાઈ કેમ ચૂપ રહી શકે? એટલે તેમણે પણ સર્વસમર્પણ કર્યું. ભરૂચના ડૉ. ચંદુલાલ ('છોટે સરદાર') અને બીજા એક ભાઈએ પણ આ સંકલ્પ જાહેર કર્યો. ગાંધીજીએ હર્ષ વ્યક્ત કરતાં જણાવ્યું કે 'આ ચાર જણના ત્યાગના જોરે કરોડ રૂપિયા કરવાની મને હિંમત મળી છે.' આ ત્યાગની ભારે અસર પડી અને ગુજરાતમાં ૧૫ લાખ રૂપિયાનો ફાળો થયો, જેમાં સુરત જિલ્લાનો ફાળો અઢી લાખનો હતો.

ઈ. ૧૯૨૨માં કૉંગ્રેસમાં 'ફેરવાદી' અને 'નાફેરવાદી' બે પક્ષ પડ્યા. ગુજરાત નાફેરવાદી હતું. આ વાદના પ્રચારાર્થે કલ્યાણજીભાઈએ 'નવયુગ' નામે સાપ્તાહિક પત્ર ઈ. સ. ૧૯૨૩ના એપ્રિલની છઠ્ઠી તારીખે શરૂ કર્યું. એમાંનાં તીખાં તમતમતાં લખાણોએ સરકારને અકળાવી મૂકી અને ત્રણ જ મહિનામાં રાજદ્રોહી લેખોના આરોપસર કલ્યાણજીભાઈને પકડીને સરકારે બે વરસની સખત કેદની તેમને સજા કરી.

કલ્યાણજીભાઈ જેલમાંથી બહાર નીકળ્યા ત્યારે પત્નીના અવસાનના સમાચાર સાંભળ્યા. ત્યારે તેઓ દેશસેવામાં ચકચૂર હતા એટલે બીજું લગ્ન ન કર્યું. હવે કયું કામ ઉપાડવું એ સંબંધે ગાંધીજીની સલાહ પૂછતાં, તેમણે અગાઉની (૧૯૨૧ની) પ્રતિજ્ઞાની યાદ આપીને બારડોલીમાં બેસવાનું જણાવ્યું એટલે કલ્યાણજીભાઈએ 'નવયુગ' બંધ કરી દીધું. એ વેળા બારડોલી, સરભણ, મઢી, વરાડ, વેડછી, કુંભિયા વગેરે સ્થળોએ આશ્રમો મારફતે રચનાત્મક કાર્યો થતાં હતાં. એ સર્વેનું એકત્રીકરણ કરીને 'સ્વરાજ આશ્રમ સંઘ' બનાવવામાં આવ્યો. એના પ્રમુખ વલ્લભભાઈ થયા અને કલ્યાણજીભાઈ ઉપપ્રમુખ થયા. આ પદે તેઓ ૧૯૨૫ થી '૪૨ લગી રહ્યા અને ફરીથી ૧૯૬૨થી હજી ચાલુ છે. આજે પ્રમુખ તરીકે મોરારજીભાઈ દેસાઈ (ભારતના હાલના નાયબ વડા પ્રધાન) સેવા આપી રહ્યા છે.

બારડોલીમાં સરકારે જમીન-મહેસૂલની ખોટી આંકણી કરીને મહેસૂલ વધાર્યું. ખેડૂતોએ ધારાસભ્યો, પ્રતિનિધિઓ અને અરજીઓ દ્વારા દાદ માગી, પરંતુ સરકારે મચક આપી નહિ. કલ્યાણજીભાઈ, રવિશંકર મહારાજ, દરબાર સાહેબ આદિ કાર્યકરોએ લડતની આગેવાની લેવા વલ્લભભાઈને વિનવ્યા. ઈ. સ. ૧૯૨૮માં લડત શરૂ થઈ. એમાં કલ્યાણજીભાઈએ સરદારના મંત્રી અને જમણા હાથ તરીકે એમને પડખે રહીને કામ કર્યું. વલ્લભભાઈએ એવું તો સબળ સંગઠન કર્યું કે બારડોલી તાલુકાનું સરકારી તંત્ર ખોરવાઈ ગયું. બારડોલીની લડતનો વિજય થયો અને વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ મળ્યું.

થોડા જ સમયમાં સુરતમાં હુલ્લડ ફાટી નીકળ્યું. બારડોલી સત્યાગ્રહની પત્રિકાઓ છાપતા 'નવયુગ પ્રેસ' પર તોફાની તત્ત્વોનો હુમલો થયો. કલ્યાણજીભાઈ તે વેળા બારડોલી હોઈ બચી ગયા, પરંતુ પ્રેસમાં બેઠેલા કાન્તિ પારેખ નામના યુવકના શરીરને છરાના ૧૮ જખમથી ચાળણી જેવું કરીને, અને પ્રેસમાં આગ ચાંપીને હુમલાખોરો નાસી ગયા. સદ્ભાગ્યે કલ્યાણજીભાઈ એ જ વખતે બારડોલીથી આવી પહોંચ્યા અને કાન્તિને તાબડતોબ હૉસ્પિટલમાં લઈ ગયા. કસાએલા શરીરનો એ યુવક વેળાસરની સારવારથી બચી ગયો.

મરોલીના 'કસ્તૂરબા સેવાશ્રમ'નું પ્રવેશદ્વાર અને ત્યાંના માનસિક ચિકિત્સાલયનો દર્દીનિવાસ (ફોટો : નરોત્તમ વાળંદ)

ઈ. ૧૯૩૦ના માર્ચમાં આવ્યો દાંડીનો મીઠાનો સત્યાગ્રહ. અગાઉની વ્યવસ્થા પ્રમાણે તો ખેડા જિલ્લાના બોરસદ તાલુકામાં મહી નદીના કિનારે આવેલા કંકાપુરા ગામ સુધી આ સત્યાગ્રહની કૂચ યોજાઈ હતી. જો તે ગુજરાતના છેક દક્ષિણના છેડાના દરિયાકાંઠા સુધી લંબાય તો એની દેશ પર ભારે અસર થાય એવો વિચાર કલ્યાણજીભાઇને આવતાં, તેમણે સરદારને વાત કરી. સરદારે એનું મહત્ત્વ સ્વીકારીને ગાંધીજી સમક્ષ એ વાત મૂકી. તેમણે સંમતિ આપીને સ્થળની પસંદગી કરવા સૂચવ્યું. કલ્યાણજીભાઈ અને સાથીદારોએ નવસારી તાલુકાના દાંડી ગામ પર પસંદગી ઉતારી. પણ દાંડીકૂચ પહેલાં તો સરદારને સરકારે રાસ ગામેથી પકડીને જેલ ભેગા કરી દીધા.

એ જ વેળા મોરારજીભાઈ દેસાઈ ડેપ્યુટી કલેક્ટરની નોકરીનું રાજીનામું આપીને લડતમાં જોડાયા અને કુંવરજીભાઈ સાથે કામ કરવા લાગ્યા. કલ્યાણજીભાઈને એક વરસની જેલની સજા થઈ. તેમને થાણા જેલમાં મોકલવામાં આવ્યા. તેમની સાથે ખેરસાહેબ, સ્વામી આનંદ અને શંકરરાવ દેવ હતા. આં બધું 'ભગતમંડળ' કહેવાતું. લડત દરમ્યાન 'નવયુગ પ્રેસ' જપ્ત થયુ. આથી લડતની પત્રિકાઓ છાપવાનું મુશ્કેલ થઈ પડયું. પછી તો એ સમગ્ર કાર્ય ઝીણાભાઈ દેસાઈ ('સ્નેહરશ્મિ'), ઝીણાભાઈ સૅન્ડો, મંગળભાઈ, પાટીદાર આશ્રમના નરોત્તમભાઈ વગેરે વિદ્યાર્થી સ્વયંસેવકોએ ઉપાડી લીધું. તેમણે છૂપાં મથકોમાં સાઈક્લોસ્ટાઈલ પત્રિકાઓ છાપીને ગામડાંઓમાં વહેંચી.

ગાંધી-ઈર્વીન કરાર બાદ ગોળમેજી પરિષદમાંથી ગાંધીજી ખાલી હાથે પાછા ફર્યા અને તેમને તરત પકડવામાં આવ્યા. એ વેળા, સરકાર વિરોધી ચળવળના કેન્દ્ર તરીકે આંખે ચડેલા પાટીદાર અને અનાવિલ આશ્રમોને સરકારે ૧૯૩૨માં જપ્ત કર્યા. તેની સાથે કુંવરજીભાઈના ખાનગી મકાનને અને તેમની તથા મંગળભાઈની ડેરીને પણ આશ્રમનો ભાગ ગણીને જપ્ત કર્યા અને સ્ત્રીબાળકોને પહેરેલે કપડે બહાર કાઢયાં. કલ્યાણજીભાઈને માંડવી તાલુકાના પુના ગામના રાનીપરજ આશ્રમમાંથી પકડી લેવામાં આવ્યા. ૪૫ દિવસ પછી તેમને છોડયા અને પેરોલ ભરવા ફરમાવ્યું, જે તેમણે ભરી નહિ એટલે બે વર્ષની સજા થઈ. કુંવરજીભાઇને પણ સરકારે જેલમાંથી છોડેલા, પણ તેઓ સાયણ સ્ટેશનેથી નાસી ગયા એટલે સરકારે તેમનું વાંઝ ગામનું ઘર જપ્ત કરી લીધું. અને તેમનાં પત્ની-બાળકોને ગાયકવાડી સરહદમાં, નવસારીમાં, આશરો લેવો પડ્યો. કુંવરજીભાઇને પકડવા તો ઇનામ જાહેર કર્યું છતાં પકડાયા નહિ અને ભૂગર્ભ પ્રવૃત્તિ ચલાવતા રહ્યા.

ઈ.સ. ૧૯૩૮માં સુરત જિલ્લામાં હરિપુરા ગામે કૉંગ્રેસ અધિવેશન ભરાયું. કહેવાય છે કે કૉંગ્રેસનાં બધાં જ અધિવેશનોમાં આ અધિવેશન વ્યવસ્થાની દૃષ્ટિએ અદ્વિતીય રહ્યું છે. એમાં કાનજીભાઈ સ્વાગતસમિતિના મુખ્યમંત્રી થયા, ને કલ્યાણજીભાઈ સહમંત્રી થયા. તેમણે નિવાસ અને વાહનવ્યવહારની વ્યવસ્થા સંભાળી હતી.

ઈ. ૧૯૪૧માં 'ભારત છોડો'ની લડત થઈ તેમાં કલ્યાણજીભાઈ પકડાયા અને વીસાપુર જેલમાં બે વર્ષની જેલયાત્રા મળી. ત્યાં ઉમાશંકર જોશી (હાલના ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ), રવિશંકર મહારાજ અને સદોબા પાટીલ તેમની સાથે હતા. આમ કલ્યાણજીભાઇએ કુલ ચાર વારની જેલયાત્રા કરી અને સાત વર્ષ જેલમાં રહ્યા.

તેઓ ઈ. સ. ૧૯૫૨ થી ૧૯૬૨ લગી, પહેલી વાર ચોર્યાસી તાલુકાના અને બીજી વાર બારડોલીના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ મુંબાઈ વિધાનસભાના સભ્ય રહ્યા. ૧૯૫૨થી '૫૭ની પહેલી વારની ધારાસભામાં તેમણે જમીનના સરચાર્જના બિલનો મક્કમતાપૂર્વક પક્ષમાં વિરોધ કર્યો અને તે રદ કરાવ્યો. ધારાસભામાં છપાએલું બિલ રદ થાય એવો આ પહેલો જ બનાવ હશે. વળી, ગુજરાતની ઉકાઈ યોજનાને ભોગે મહારાષ્ટ્રની કોયના યોજના સફળ બનાવવા થઈ રહેલા પ્રયાસો સામે વિરોધ કરીને તેમણે ગુજરાતનો અવાજ રજૂ કર્યો. બીજી વારની ધારાસભામાં તેઓ આખા મુંબાઈ રાજ્યમાં બિનહરીફ ચૂંટાઈ આવેલા. આ વેળા તેમણે ગણોતધારા અને ઉકાઈ યોજનાની તરફેણમાં મહત્ત્વની કામગીરી બજાવી. ઈ.સ. ૧૯૫૭માં તેઓ દ્વિભાષી મુંબાઈ રાજ્યની વિધાનસભાના અધ્યક્ષ (સ્પીકર) બન્યા, અને ૧૯૬૦માં ગુજરાત રાજ્યની વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ બન્યા.

આ ઉપરાંત વચગાળામાં તેઓ સુરત જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી (૧૯૨૦–'૩૦), અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના સભ્ય (૧૯૨૨-૨૩), બારડોલી તાલુકા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ (૧૯૨૬-૨૯), સુરત જિલ્લા લોકલ બોર્ડના ઉપપ્રમુખ (૧૯૩૭), ગુજરાત રાજ્ય પંચાયત કાઉન્સિલના સભ્ય (૧૯૬૩–'૬૫) અને રાજપીપળા લોકસભા-(રાજકીય પરિષદ)ના પ્રમુખ (૧૯૩૫–'૩૬) રહ્યા. ૧૯૬૨ પછી એમણે ધારાસભાનું ક્ષેત્ર છોડ્યું અને 'ટોચ મર્યાદાબિલ' વેળા 'કંકુ અને નાળિયેર આપીને મને કહેવામાં આવે તો યે હું હવે ધારાસભામાં ઊભો રહેવાનો નથી' એવા ઉદ્‌ગાર સાથે સક્રિય રાજકારણનો ત્યાગ કર્યો.

કલ્યાણજીભાઈની કામગીરીનું બીજું મહત્ત્વનું પાસું તેમની સામાજિક સેવાનું છે. ઈ. ૧૯૧૮ના જૂનમાં મુંબાઈ અને સુરતની આસપાસના વિસ્તારમાં ઈન્ફ્લુએન્ઝાનો ઉપદ્રવ ફાટી નીકળતાં, મુંબાઈના મેડિકલ યુનિયને તૈયાર કરેલી અને સોશ્યલ સર્વિસ લીગ તરફથી મોકલવામાં આવતી દવા કલ્યાણજીભાઈ ને તેમના આશ્રમના વિદ્યાર્થીઓએ શહેરમાં ઘેરેઘેર અને કાળી પરજ ગામોમાં ઝૂંપડે ઝૂંપડે (અનુ પૃ. ૧૫૮)

ક્રમશઃ

નિખિલની ચિઠ્ઠી, અંધકારક્ષેપક ટૉર્ચ ને સ-રઠનો ટ-૧૯૫

લેખક - હર્ષદ શેઠ

નિખિલનો પત્તો નહોતો. અંધકારમાં જ એ ગૂમ થઈ ગયો હતો. એકાએક કંઈક ખયાલ આવતાં આયંગર ખેતર તરફ ખૂલતા બારણામાંથી બહાર દોડયો. એને તુરત જ એની બૂમ સભળાઈ. પ્રોફેસર એકદમ બહાર દોડી ગયા. તેમની પાછળ જ ચંદ્રશેખર અને પ્રબુદ્ધ પણ ગયા. ત્યાં સૌ જુએ છે તો ખેતરમાં એક પ્રકાશમય અંડાકાર પેલા પહાડની તળેટીમાં પડેલા એક બીજા મોટા અંડાકાર તરફ ઝડપથી જઈ રહ્યો હતો.

પ્રોફેસર બોલી ઊઠયા : 'પ્રબુદ્ધ, તું અને ચંદ્રશેખર ઘેર રહો. હું અને આયંગર આ લોકોનો પીછો કરીએ છીએ.'

'ના, ના, હું પણ આવું છું. તમે આમ હથિયાર વિના ક્યાં જશો?'

'તો લાવ તારી રિવૉલ્વર, તું અહીં ઉત્પલાદેવીની પાસે જ રહે ને એમને સાંત્વન આપ.' પ્રોફેસર કંઈક સત્તાવાહી અવાજે બોલ્યા.

આયંગર અને પ્રોફેસર અંધકારક્ષેપક ટૉર્ચ, પ્રકાશક્ષેપક ટૉર્ચ અને રિવૉલ્વર લઈ પેલા તેજસ્વી અંડાકારની પાછળ દોડવા લાગ્યા. ખેતરમાં આ રીતે દોડવું આયંગર માટે તદ્દન નવું જ હતું. પણ પ્રોફેસરે નાનપણમાં આવી રીતે ખેતરમાં દોડવાની મજા માણી હશે તેમ લાગતું હતું. પ્રોફેસર પ્રકાશ-ક્ષેપક ટૉર્ચથી પોતાનો રસ્તો અજવાળ્યે જતા હતા અને આયંગર પ્રોફેસરની પાછળ દોડયે જતો હતો. પેલા પ્રકાશમય અંડાકારની ઝડપ ઘણી સારી હોય તેવું લાગતું હતું, કેમ કે બન્ને જણ પૂર ઝડપે દોડતા હોવા છતાં એમની વચ્ચેના અંતરમાં કંઈ ઘટાડો નહોતો થતો. ખેતરો પૂરાં થવા આવ્યાં. પેલો બીજો મોટો અંડાકાર બહુ નજીક આવી ગયો હતો. એના પેટાળમાં કંઈ બારણા જેવું ખૂલ્યું અને બન્ને જણની નજર સામે નાનો અંડાકાર તેમાં પેસી ગયો.

મોટો અંડાકાર લગભગ ત્રીસેક ફૂટ ઊંચો હશે. અંદર અનેક ટ્યૂબલાઈટ બળતી હોય તેમ તે ઝળાંહળાં થતો હતો. નાનો અંડાકાર મોટા અંડાકારમાં દાખલ થઈ ગયો કે તુરત જ એક પ્રકારની ઘરઘરાટી સંભળાવા લાગી. બન્ને જણ હવે આ અંડાકારની તદ્દન નજીક આવી ગયા હતા અને પ્રોફેસર અંડાકારના બારણા તરફ ધસવા જતા હતા ત્યાં જ તેમના માથા પર જાંબલી રંગનું એક કિરણ પડયું. ઘડીભર તો તેમનું માથું વિચિત્ર પ્રકારની ધ્રુજારીથી ધણધણી ઊઠયું. પ્રોફેસરે સહજ પ્રેરણાથી અંધકારક્ષેપક ટૉર્ચમાંથી એ કિરણ સામે અંધકાર ફેંકયો. તરત જ પેલા કિરણની અસર નષ્ટ થઈ ગઈ. પોતાની નવી ટૉર્ચના આ કાર્યથી એમને આશ્ચર્ય ને આનંદ થયાં, પણ અત્યારે એ અંગે વિચારવાનો વખત નહોતો. તેમણે અંધકાર ફેંકવો ચાલુ રાખ્યો. પણ ત્યાં તો પેલા અંડાકારે પોતાની ગતિ ચાલુ કરી દીધી અને પૂર ઝડપે પહાડ તરફ ધસવા લાગ્યો. પ્રોફેસરને પોતાની નિ:સહાયતા સમજાઈ ગઈ. હવે તેની પાછળ ગાંડાની જેમ દોડયે જવાનો કંઈ જ અર્થ નહોતો. બંને જણ પાછા વળ્યા. નિરાશાથી એમના પગ જાણે ભાંગી ગયા હતા!

પ્રયોગશાળામાં પણ સૌની મનઃસ્થિતિ એવી જ હતી. ઉત્પલાદેવી વેદનાથી ફિક્કાં પડી ગયાં હતાં. પ્રબુદ્ધ ગુસ્સાથી ધૂંઆંપૂંઆં હતો. ચંદ્રશેખર ચિંતામાં ગરક હતો. 'કેમ પ્રોફેસર, શું થયું?' પ્રબુદ્ધે પૂછ્યું.

પ્રોફેસરે બધી વાત સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક કહી સંભળાવી.

'જો હવે એ તમારો અંડાકાર ફરીથી અહીં આવશે તો એને આખો ને આખો ઉડાડી દઈશ!' પ્રબુદ્ધ ગુસ્સાથી પ્રજ્વળતો બોલ્યો. અસહાયતામાંથી પ્રકટેલા એના ગુસ્સાનો પારો એમ ઊતરે તેમ નહોતો જ.

'પ્રબુદ્ધ, તું એ કેમ ભૂલી જાય છે કે આપણો નિખિલ પણ એ અંડાકારમાં જ છે?' આયંગરે ડરતાંડરતાં કહ્યું.


'હવે તો નિખિલનું પરિણામ છે અને અઠવાડિયા પછી તો એની કૉલેજ શરૂ થશે!' ઉત્પલાદેવી ગળગળાં થઈ બોલ્યાં.

'ઉત્પલાદેવી! તમે ધીરજ ન ગુમાવો. તમારો નિખિલ જરૂર પાછો આવશે. અમે બધા એને લાવીને જ જંપીશું,' પ્રોફેસરે કહ્યું. અને પછી આગળ શું કરવું તેની વિચારણા કરવા લાગ્યા. લગભગ બે કલાક બાદ સૌએ નક્કી કર્યું કે પ્રથમ તો ઉત્પલાદેવીને કલકત્તા મોકલી દેવાં. બીજું પ્રોફેસરે જે રીતે આખી વસ્તુને વર્ણવી હતી તે જોતાં સૌને લાગ્યું કે પોલીસને ખબર આપવાથી પરિસ્થિતિ વધુ બગડવાનો સંભવ હતો. પ્રબુદ્ધે પોતાને ગામથી બે-ત્રણ ચોકીદારોને અહીં બોલાવી લેવાનું જણાવવા સાથે પોતે ભયંકર સ્ફોટક હાથ-બૉમ્બ બનાવશે તેમ પણ જાહેર કરી દીધું. પ્રોફેસરે પોતાનું અનુમાન તારવ્યું કે આ અંડાકારો એ અન્ય કોઈ ગ્રહના વિજ્ઞાનીઓનાં અવકાશ-યાન હોવાં જોઈએ. વળી, તે વિજ્ઞાનમાં ખૂબ આગળ વધેલા હોવા જોઇએ.

બીજે દિવસે પ્રબુદ્ધ ઉત્પલાદેવીને કલકત્તા માટે ગાડીમાં બેસાડવા અને થોડોક સામાન તથા જીપકાર લેવા પોતાને ગામ ગયો. તેનું ગામ સીતાપુરથી માત્ર ૨૦-૨૫ માઈલ દૂર હતું. આ બાજુ પ્રોફેસરની જિજ્ઞાસા અને લાગણીઓ આ બનાવથી અતિશય ઉત્તેજિત થઈ ગઈ હતી, પણ બહારથી તેઓ એટલા જ સ્વસ્થ લાગતા હતા. સાંજના પ્રબુદ્ધ બે ચોકીદારો, થોડાંક હથિયાર અને જીપકાર સાથે આવે પછી સૌએ પેલા અંડાકારની શોધમાં જવાનું નક્કી કર્યું હતું.

પ્રોફેસર સવારથી કેટલીક ચીજો એકઠી કરી રહ્યા હતા. આયંગર પ્રોફેસરને કહ્યા વગર જ ખેતરોમાં રખડવા ચાલ્યો ગયો હતો. બપોરે પ્રોફેસર અંધકાર-ક્ષેપક ટૉર્ચમાં કંઈક સુધારા કરતા હતા ત્યાં આયંગર હાંફતોહાંફતો તેમના અંધારા ઓરડામાં ધસી આવ્યો.

'આયંગર! હું આ અંધારા ઓરડામાં હોઉં ત્યારે મને વિક્ષેપ ન પાડવાનું મેં તને નથી કહ્યું?' પ્રોફેસરે કહ્યું. પણ પ્રોફેસરના ઠપકાને ન ગણકારતાં એણે એક કાગળિયું પ્રોફેસર સામે ધર્યું. એ નિખિલની ચિઠ્ઠી હતી. લખ્યું હતું; 'પ્રોફેસર સાહેબ, તમે ન માનો એવી વાત છે. પરંતુ હું થોડા દિવસ પહેલાં એક રાતે જિજ્ઞાસાથી પ્રેરાઈને પેલા અંડાકાર તરફ ગયો હતો. કોઈ અન્ય ગ્રહના વિજ્ઞાનશાસ્ત્રીઓનું મંડળ પૃથ્વી પર આવ્યું છે. પ્રકાશ-શાસ્ત્રમાં એ લોકોએ અજબ પ્રગતિ સાધી છે. મેં જ એમના વડા સાથે આજે રાત્રે એમના યાનમાં નાસી જવાનું નક્કી કર્યું હતું. તેમણે મને પ્રકાશ શાસ્ત્રના ઘણા નવા જ સિદ્ધાંતો સમજાવવાનું વચન આપ્યું હતું. મારે તમને દંગ કરી દેવા હતા—પ્રકાશ-શક્તિથી ચાલતું જગત સર્જીને! પણ હવે મારી પરિસ્થિતિ કફોડી છે. એ લોકો મારી શરીરરચનાનો બહુ બારીકાઈથી અભ્યાસ કરવા માગે છે. અને એ માટે મને મારી નાખવાની જરૂર પડે તો પણ તેઓ અચકાય તેમ નથી. તેઓને આપણો જરા પણ ડર નથી; અને વટને ખાતર પણ તેઓ પોતાનું સ્થાન બદલશે નહિ. બીજી એક અગત્ય-



સ-૨૩નો ૮-૧૮૫

ની વાત: આપણે જેમ ઑક્સિજન સિવાયના વાતાવરણમાં નથી જીવી શકતા; તેમ આ લોકો અમુક ચોક્કસ આંદોલન-સંખ્યાના પ્રકાશ સિવાય નથી રહી શકતા. તેમને હજી એક-બે વધારે પૃથ્વીવાસીઓની જરૂર જણાય છે. તેથી કોઈ અપહરણ થાય તો તૈયાર રહેજો. મારા છટકવાના પ્રયાસો ચાલુ છે. —નિખિલ.'

'આ ચિઠ્ઠી તને ક્યાંથી મળી?'

'પેલા પહાડની તળેટીથી સહેજ ઊંચાઈ પર એક નાનકડું સપાટ મેદાન છે ત્યાંથી મને એ મળી. મને લાગે છે કે એ અંડાકાર ગઈ કાલે રાત્રે ત્યાં જ રહ્યો હોવો જોઈએ.' આયંગરે કહ્યું.

'નિખિલે લખ્યું છે તેમ જો એ લોકો પ્રકાશ વગરના વાતાવરણમાં ગૂંગળાઈ મરતા હોય તો તો આપણી ટૉર્ચ બહુ જ કામ આવશે.'

'પ્રોફેસર, આનું કંઈ કારણ સમજાય છે? માત્ર પ્રકાશના આધારે જીવન કેમ નભતું હશે?'

'એ તો એ લોકોની શરીર-રચના જોયા સિવાય કેમ ખબર પડે? પરંતુ આપણે, હું બીજી અંધકારક્ષેપક ટૉર્ચ બનાવું છું તે, આજે ને આજે પૂરી કરવી પડશે. તું મારી મદદમાં લાગી જા.'

'પ્રોફેસર સાહેબ, બે નહિ. ઓછામાં ઓછી ચાર ટૉર્ચ જોઈશે.'

'એ તો શક્ય નથી. પણ આ બીજી ટૉર્ચ લગભગ પૂરી થવા આવી છે એટલે એને તો સાંજ પહેલાં પૂરી કરી દઈએ.'

સાંજ પડી. પ્રબુદ્ધનો હજુ પત્તો નહોતો. આયંગરનું માનવું હતું કે આજે એમનામાંના કોઈકનું અપહરણ કરવા પરગ્રહવાસીઓ જરૂર આવશે. જ્યારે પ્રોફેસરનું માનવું હતું કે આજે ને આજે કદાચ તેઓ એવું સાહસ ન પણ કરે, કારણ કે આજે તો આપણે સચેત જ હોઈએ તેવો ખયાલ એમને સહજપણે હોય.

રાતના પ્રારંભથી જ આયંગર બારીમાંથી કોઈ પ્રકાશિત અંડાકાર દેખાય છે કે નહિ તે જોતો હતો. રાતના દસ થઈ ગયા હતા, પરંતુ હજી કોઈ આકાર દેખાતો નહોતો.

ચંદ્રશેખર આજે વળી કંઈક વિચિત્ર તોરમાં હતો. આવે સમયે પણ એ પાછળના ખેતરમાં આંટા મારતો હતો. આખરે પહાડની તળેટીમાં પ્રકાશનો એક નાનકડો ટુકડો ઊતરતો દેખાયો. અચાનક ચંદ્રશેખરનું ધ્યાન એ તરફ દોરાયું. તેણે તરત જ આયંગરને બૂમ મારી પેલો નાનકડો અંડાકાર બતાવ્યો. આયંગરે પ્રોફેસરને જઈને કહ્યું:

'પ્રોફેસર, અંધકાર-ક્ષેપક ટૉર્ચ લઈને જલદી ચાલો.'

'કેમ, શું છે?'

'મારી માન્યતા સાચી પડી છે. કાલે આવેલો પેલો અંડાકાર આવતો લાગે છે!'

'ચાલો ત્યારે!' કહી પ્રોફેસર એક અંધકાર-ક્ષેપક ટૉર્ચ આયંગરને આપી અને બીજી પોતે લઈ પાછળના બારણેથી બહાર નીકળ્યા. ચંદ્રશેખરને તેમણે કહ્યું: 'તું હમણાં થોડી વાર આ દરવાજામાં જ બેસી રહે. પેલો પરગ્રહવાસી એકદમ નજીક આવી જાય તો તરત જ અંદર ઘૂસી જઈ તારી જાતને બચાવી લેજે.'

આયંગર અને પ્રોફેસર બન્ને જણ અંધકારક્ષેપક ટૉર્ચ તૈયાર કરી બે સામસામેના ઝાડની પાછળ સંતાઈ ગયા. પેલો અંડાકાર મકાનથી થોડે દૂર ઊભો રહ્યો અને તેમાંથી એક પરગ્રહવાસી નીકળ્યો. બંને જણ ઊંચા શ્વાસે આવનારના દેખાવને જોઈ જ રહ્યા. આમ, શરીરરચના તો પૃથ્વીના માણસ જેવી જ—બે હાથ, બે પગ વગેરે—પણ આખા શરીરમાં એક પણ વળાંક નહિ. આખું શરીર સુરેખાથી બનેલા ભૌમિતિક આકારોનું બનેલું હતું. માથું લંબઘન, ધડ પણ લંબઘન અને બે પગ લાંબા ત્રિપાર્શ્વ પિરામિડના બનેલા હતા. શરીરની આજુબાજુ જાંબલી રંગના પ્રકાશનું એક વાતાવરણ હતું. તેમાંથી તેનો દેહ નીલ રંગનો પ્રકાશ પરાવર્ત કરતો હતો. રંગનું વાતાવરણ ખરેખર અદ્ભુત હતું. કપાળમાં એક ઝબૂક ઝબૂક થતી લાલ રંગની આંખ હતી.

પ્રોફેસરને એકાએક ખયાલ આવ્યો કે તેમનું કામ એના રૂપને જોવાનું નહિ પણ એને અંધકારથી ગૂંગળાવી મારવાનું હતું. પ્રોફેસરે અંધકારક્ષેપક ટૉર્ચનો પહોળો પટ્ટો તેના પર ફેંક્યો. અંધકાર-દ્રવ્યમાં જાણે પેલો પ્રકાશનો દેહ ઓગળી ગયો. પેલો અંધકારના પટ્ટામાંથી બહાર નીકળવા દોડ્યો. પ્રોફેસરે એને ઢાંકી રાખવા માટે ટૉર્ચની સ્થિતિ બદલાવી. પેલાએ ફરી એક વખત ઊઠીને ભાગવાનો પ્રયત્ન કર્યો, તો સામે આયંગરની ટૉર્ચ તૈયાર હતી. તેણે અંધકારના પટમાં ફરીથી પેલાને ઢાંકી દીધો. થોડી વાર કંઈ જ હલચલ ન દેખાઈ. બન્ને જણાએ અંધકારનો પટ હટાવી દીધો. જોયું તો ફરીથી પેલો દેહ પ્રકાશતો હતો, પરંતુ તે જાણે બેભાન બનીને ઢળી પડ્યો હતો.

પ્રોફેસર અને આયંગર દોડ્યા. પેલાને ઉઠાવીને એકદમ મકાનમાં પેસી ગયા. પ્રોફેસરે જોયું તો પેલાની લાલ આંખ, જે કાળી થઈ ગઈ હતી તે ફરીથી લાલ થવા મંડી હતી. આનો અર્થ શું એમ થતો હતો કે તે પાછો ભાનમાં આવી રહ્યો છે? પ્રોફેસરે વિચાર્યું કે શક્ય છે કે તે ગૂંગળાઈને મરી ન ગયો હોય, પરંતુ માત્ર બેભાન થઈ ગયો હોય.

તેમણે ચંદ્રશેખરને બૂમ પાડી અને આવનાર પરગ્રહવાસીને એક થાંભલા સાથે કચકચાવીને બાંધવા કહ્યું. આયંગર તો જેમાંથી પેલો પરગ્રહવાસી બહાર નીકળ્યો તે અંડાકાર વાહનને કબજે કરવા ટૉર્ચ સાથે બહાર દોડ્યો હતો. પરંતુ જુએ છે તો પેલો નીલ રંગનો પ્રકાશિત અંડાકાર ઝડપથી પાછો ભાગતો હતો. આનો અર્થ એ જ કે પકડાઈ ગએલા પરગ્રહવાસીની સાથે બીજો કોઈ સાથીદાર હોવો જોઈએ કે જે પેલા અંડાકાર વાહનને લઈને પાછો ભાગ્યો હતો!

પ્રોફેસરે પાછળનું બારણું બંધ કરાવ્યું. આટલા સમયમાં પ્રબુદ્ધ બે ચોકીદારો અને જીપ સાથે આવી ગયો હતો. બધા મળીને પેલા પરગ્રહવાસીને ઘેરીને ઊભા રહ્યા. પ્રોફેસર હાથમાં અંધકાર ક્ષેપક ટૉર્ચ લઈને તેની સામે ઊભા રહ્યા. હકીકત પ્રોફેસરે ધારી હતી તેવી જ હતી. તે બેભાન જ થયો હતો, મર્યો નહોતો. ફરીથી પેલી ઝળકતી લાલ આંખ નિયમિત ગતિથી ઝળકવા લાગી. પ્રોફેસર તેને કંઈક કહેવા જતા હતા,—ખરું જોતાં કોઈ પણ વાત તેને કઈ ભાષામાં પહોંચાડવી તેનો વિચાર કરતા હતા. ત્યાં તેમને લાગ્યું કે તે કંઈક કહે છે અને

પોતે કાન દ્વારા નહિ પણ બીજી કોઈ રીતે સાંભળી રહ્યા છે.

'તમે મારું શું કરવા માગો છો?'

પ્રોફેસરે પેલાની સામે જોયું. તેની લાલ ઝળકતી આંખોમાંથી લાલ તરંગો ઓરડામાં ફેલાતા હતા. તેના હોઠ તો બંધ જ હતા. પ્રોફેસરે અનુમાન કર્યું કે તે વિચારનાં આંદોલનો હોવાં જોઇએ; કારણ કે તેના હોઠ તો એમ ને એમ જ દૃઢ બીડેલા હતા, છતાં પણ પોતાને એવો ભ્રમ શાથી થયો કે તે કંઈક પૂછે છે?

'તમે મારું શું કરવા માગો છો?'

'તું એકલો હતો કે તારી સાથે કોઈ હતું?' પ્રોફેસરે પૂછ્યું. પેલા લાલ પ્રકાશનાં આંદોલનો પરાવર્ત થતાં દેખાયાં: 'એક સાથીદાર હતો'.

'તે ભાગી કેમ ગયો?'

'તેને લાગ્યું હોતું જોઈએ કે તમે જોખમી માણસો છો!'

'પણ તને બચાવવા તેણે પ્રયત્ન કેમ ન કર્યો?'

'શા માટે કરે?' આ જવાબથી બધાને નવાઈ લાગી. વિચારનાં આંદોલનો આવર્ત અને પરાવર્ત થયે જતાં હતાં.

'અચ્છા! તમે લોકો અમારા માણસનું અપહરણ કરી ગયા છો તેનું શું કરવા માગો છો?'

'તેના પર વૈજ્ઞાનિક-સંશોધન કરવાનું છે.'

'પણ તેથી તેને કોઈ પણ જાતની હાનિ પહોંચે ખરી?'

'પહોંચે પણ ખરી!'

'જો એને કોઈ પણ પ્રકારની હાનિ પહોંચશે તો તમને અહીં ગૂંગળાવીને મારી નાખવામાં આવશે.'

'ભલે, પણ તેથી પેલા છોકરાના ભવિષ્યમાં કંઈ ફરક નથી પડવાનો. તમે એમ માનતા હશો કે મારા સાથીદારો મારી સલામતીનો વિચાર કરી તમારા છોકરાને છોડી મૂકશે!–તો એ તમારો કારમો ભ્રમ છે. અમે એકબીજા પ્રત્યે મમતા નથી ધરાવતા!' 'એટલે?!'

'અમે લોકોએ જ્યારથી જાણ્યું કે મમતા કે પ્રેમ જેવી લાગણીઓ અમારી પ્રગતિમાં અવરોધક છે ત્યારથી અમે તે લાગણીઓનાં કેન્દ્રો અમારાં શરીરમાંથી દૂર કર્યાં છે! અમને બે જ વિચારો પ્રભાવિત કરે છે: એક તો સ્વાર્થ અને બીજું વિજ્ઞાનનો વિકાસ. અમને સમૂહગત રીતે વિજ્ઞાનના વિકાસમાં રસ છે અને વ્યક્તિગત રીતે સ્વાર્થમાં!'

પ્રોફેસરને લાગ્યું કે આ પરગ્રહવાસી કદાચ ભવિષ્યની પૃથ્વીનું જ વર્ણન કરી રહ્યો છે. તેમણે કહ્યું: 'તો તારે તારા સ્વાર્થને ખાતર પેલા છોકરાને છોડાવવામાં અમને મદદ કરવી પડશે.'

'એને છોડાવવો અશક્ય છે, કારણ કે તમારાં વૈજ્ઞાનિક સાધનો અતિશય પ્રાથમિક છે. અને ઉપરાંત અમારા મગજમાં એક શિસ્તકેન્દ્ર છે, જેમાંથી છૂટતા હુકમો અમને આવું કરતાં અટકાવે!'

આટલું બોલી તેણે પોતાનાં વિચાર-આંદોલનો સંકેલી લીધાં. અચાનક ચંદ્રશેખરનું ધ્યાન તેનાં બંધનો પર ગયું. તે બધાં પેલા જાંબલી પ્રકાશ-વાતાવરણની અસરને લીધે જાણે બળી જતાં હતાં. તેણે પ્રોફેસરને બૂમ મારી પેલાને ગૂંગળાવી મારવા કહ્યું. પ્રોફેસરના ધ્યાનમાં પણ આવી ગયું હતું કે બંધનો બળી રહ્યાં છે તેથી તેમણે અંધકારક્ષેપક ટૉર્ચ ચાલુ કરી પેલા જાંબલી વાતાવરણને ઓગાળી નાખ્યું, ને ફરી એ બેભાન થઈ જાય ત્યાં સુધી તેને અંધકારમાં ગૂંગળાવ્યા કર્યો.

તેને ફરીથી એક બારીના લોખંડના સળિયા સાથે જાડા લોખંડી તારથી બાંધ્યો અને સૂક્ષ્મદર્શક લઈ તેના શરીરને તપાસવા મંડ્યા. જેવી ટૉર્ચ બંધ કરવામાં આવે કે તરત જ પેલું જાંબલી પ્રકાશમય વાતાવરણ તેને આવરી લેતું. આપણે જેમ ઑક્સિજનની ટાંકી રાખી ઑક્સિજનનું કૃત્રિમ વાતાવરણ ઊભું કરી શકીએ છીએ; તેમ આ પ્રકાશનું વાતાવરણ ઊભું કરવાની કંઈક વ્યવસ્થા તેના શરીર પર જડેલાં અનેક યંત્રો પૈકી એકમાં હોવી જોઈએ એવું પ્રોફેસરે અનુમાન કર્યું.

થોડી વારે તે ફરી ભાનમાં આવ્યો. પ્રબુદ્ધે પૂછ્યું: 'તું જે ગ્રહમાંથી આવે છે તેનું નામ શું છે? અને તારું પણ નામ શું?'

'અમે ગ્રહને કે માણસને નામ નથી આપતા પણ નંબર આપીએ છીએ. અમારા ગ્રહનો નંબર સ-૨૩ અને મારો નંબર ટ-૧૮૫ છે!'

સૌને નવાઈ લાગી. પ્રોફેસરે થોડી વાર વિચાર કરીને પ્રબુદ્ધને કહ્યું: 'આ લોકોનું શરીર અસંખ્ય કેન્દ્રો અને વીજાણુઓનું બનેલું છે. અને જીવનની પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે વીજાણુઓ કેન્દ્રથી અમુક અંતરે દૂર રહેવા જોઈએ—એટલે કે વીજાણુઓ એક જાતની ઉશ્કેરાટભરી સ્થિતિમાં હોવા જોઇએ. અને તે ઉશ્કેરાટ ટકાવી રાખવા માટે આ લોકોને જાંબલી પ્રકાશના કૃત્રિમ વાતાવરણની જરૂર પડે છે. આ કૃત્રિમ વાતાવરણ દૂર થતાં તેમના વીજાણુઓ કેન્દ્રની નજીક ને નજીક જાય છે. જો કેન્દ્રને સ્પર્શી જાય તો તેમનું મૃત્યુ નીપજે અને જો કેન્દ્રની અમુક હદની અંદર રહી જાય તો તેઓ બેભાન થઈ જાય.'

'હં!' પ્રબુદ્ધે કહ્યું: 'પણ હવે આનું કરવું છે શું?'

'જીવતો તો રાખવો જ! જીવતો હશે તો જ જાણવાનું મળશે.'

'તો આપણે હવે પેલા અંડાકારની ખબર લઈએ.' પ્રબુદ્ધે કહ્યું, અને એક ચોકીદાર તથા ચંદ્રશેખરને ટ-૧૮૫નું ધ્યાન રાખવાનું કહી બાકીના બધા જીપકારમાં બેઠા.

પ્રોફેસરની વિચારધારા પર ટ-૧૮૫ સાથેના સંવાદથી મોટો આઘાત લાગ્યો હતો. પરંતુ તરત તેના વિષે કંઈ કરવું અશક્ય હતું. અત્યારે પહેલું કામ નિખિલને બચાવવાનો પ્રયત્ન કરવાનું હતું. પ્રોફેસરને એ પણ ખાતરી હતી કે આજે ને આજે તેઓ કંઈ નિખિલને છોડાવી શકવાના નથી; અને બહારથી આપણે આ લોકોના વાહનને અંધકારના પટામાં ઢાંકી દઈએ તોપણ અંદર બેઠેલા ગ્રહવાસીઓને એની અસર થાય કે નહિ તે પણ એક સવાલ હતો. આજે જો કંઈ પણ થઈ શકે એમ હોય તો માત્ર એટલું જ કે તે લોકોની શક્તિનો ક્યાસ મેળવવો.

જ્યારે જીપકાર પહાડની તળેટીમાં પહોંચી ત્યારે પેલો અંડાકાર એમ જ સ્થિર ઊભો હતો. જાંબલી રંગનું ભવ્ય પ્રકાશમય વાતાવરણ અંડાકારને ઘેરી રહ્યું હતું. પ્રબુદ્ધ અને પેલા ચોકીદાર પાસે બંદૂકો હતી આયંગર અને પ્રોફેસર પાસે અંધકારક્ષેપક ટૉર્ચો હતી.

અંડાકારના ઉચ્ચતમ ભાગ પર ચારેક સર્ચલાઈટ જેવી કોઈ વ્યવસ્થા હતી. પ્રોફેસરે પ્રબુદ્ધને એક ગોળી પેલા અંડાકાર પર છોડવા કહ્યું. તેઓની જીપ અંડાકારથી લગભગ સોએક વારના અંતરે હતી. પ્રબુદ્ધે ગોળી છોડી. વાતાવરણની સ્તબ્ધતા એક ક્ષણ માટે ધ્રૂજી ઊઠી. બીજી ક્ષણે ફરીથી એ જ સ્તબ્ધતા! ને પેલો પ્રકાશનો અંડાકાર કિલ્લો તો અક્ષત જ ઊભો હતો! પણ હવે ઉપરની ચાર સર્ચ-લાઈટમાંથી જીપ સામેની સર્ચલાઇટમાં પીળો પ્રકાશ દેખાવા લાગ્યો. તરત પ્રોફેસરે અંધકારક્ષેપક ટૉર્ચમાંથી અંધકાર-પટ તેના તરફ ફેંક્યો. પરંતુ તેમને તેમની ટૉર્ચની મર્યાદાનો ખયાલ આવ્યો કે ૧૫ ચોરસ ફૂટથી વધારે વિસ્તૃત અંધકાર-પટ યોગ્ય તીવ્રતા સાથે નથી ફેંકી શકાતો.

હવે તો અંડાકારના બન્ને વિરુદ્ધ ખૂણાઓમાંથી પીળો પ્રકાશ આવવા માંડ્યો. પ્રોફેસર તેની અસર શી થાય છે તે જોતા હતા, ત્યાં એકાએક પ્રબુદ્ધે બૂમ પાડી કે તેની બંદૂકની નાળ પીગળવા માંડી છે! પ્રોફેસરને આ લોકોની શક્તિનો પૂરેપૂરો ખયાલ આવી ગયો. એમણે પ્રબુદ્ધને જીપ પાછી ભગાડવા કહ્યું. પ્રબુદ્ધે જીપને પૂર ઝડપે પાછી મારી મૂકી. જીપના લોખંડના ભાગો પણ ઓગળવા લાગે એવી (અનુ.પૃ.૧૪૨)

પગેરું

લેખક - પુષ્કરભાઈ ગોકાણી

વહેલી પરોઢે શિવગઢના મુખીએ ચાંદરડાના પટેલની ડેલી ખખડાવી અને આમ કસમયે આવવાનું કારણ દર્શાવતાં કહ્યું: 'રાતે અમારા વશરામભાઈને ત્યાંથી ઘરેણાંની પેટી ચોરાઈ છે. મોડી રાતે ખબર પડી એટલે, સવારે પગેરું જોતાજોતા અમે તમારે ગામ પહોંચ્યા છીએ. ધણ આડે અને તેમાં પગ ભૂંસાઈ ન જાય તેથી ફાનસ લઈને વાજોવાજ નીકળી પડયા છીએ. હવે પગેરું તમારા ગામમાં આવે છે; એટલે કાં તો ચોર લાવો અથવા પગેરું કાઢી આપો.'

'જા તો ડાભા, ઝીણા પગીને બોલાવી લાવ તો.' પટેલે પોતાના સાથીને મોકલ્યો. ઝીણો પગી આવ્યો. મુખી અને એની સાથે આવેલા રાયા પગીએ બતાવેલું પગેરું જોઈએ થોડેક સુધી જઈને જોઈ આવ્યો, અને પછી સૌને નિરાંતે બેસવાનું કહીને પોતે એકલો તપાસ કરવા ઊપડયો. હજી ચા-પાણી પત્યા નહિ ત્યાં તો એ પાછો આવ્યો ને જણાવ્યું: 'પટેલ, પગ તો આપણા ગામથી ઉગમણો જાય છે. રાયાભાઈ આવો અને પગ ઓળખી લ્યો. ઉગમણે હાબરડી ગામ તરફ પગ જતા લાગે છે એટલે વખતે ત્યાંથી ભાળ મળશે.'

સૌ ઉગમણે ઝાંપે ગયા. રાયાએ પગ જોયા. બધા થોડે સુધી સાથે ચાલ્યા. પછી ખાતરી થઈ એટલે મુખી અને રાયા પગીએ ઉગમણે મોંએ મારી મૂક્યા. થોડી વારે ખડકાળ જમીન આવી. એમાં તો પગ ક્યાંથી પકડાય? પણ એ કઠણ જમીન પૂરી થઈ એટલે ફરી પગલાં મળી ગયાં. હવે એ હાબરડીને બાજુએ મૂકીને આગળ એક નદીમાં જતાં હતાં. મુખીને ઊભા રાખી રાયો સામે કાંઠે પગલાં માટે આસપાસમાં થોડે દૂર સુધી ખૂંદી વળ્યો, પણ પગ મળ્યા નહિ.

નક્કી ચોર પાણીમાં જ ચાલ્યો હશે. પાછા આવી તેણે મુખીને સાથે લઈ ફરી આ કાંઠો જોવા માંડયો. ઠીકઠીક દૂર ગયા પછી પગ મળી ગયા. ચોરે પગેરું ભુલાવવા માટે છેક અહીં સુધી પાણીમાં જ ચાલીને પછી પાછો હાબરડીનો માર્ગ પકડયો હતો. પગલેપગલે બન્ને જણ હાબરડી આવ્યા ને ત્યાંના પટેલને મળ્યા. પટેલે ગામના પગીને બોલાવીને તપાસ કરાવી. પગ હાબરડીની બહાર જતાં મળ્યા નહિ એટલે નક્કી થયું કે ચોર ગામમાં જ છે. પટેલે શકમંદ વાઘરી અને ઠાકરડાને બોલાવ્યા. દમદાટી આપી પૂછતાછ આદરી. થોડો મેથીપાક પણ દીધો. આખરે અંદરઅંદરમાંથી જોઈતી બાતમી મળી ગઈ અને ઉકરડામાંથી મુદ્દામાલ પણ મળી આવ્યો. ચોરને શોધવામાં એના પગેરાની આવી તપાસ બહુ જૂના સમયથી ચાલતી આવી છે.

પ્રત્યેક માણસનાં પગનાં તળિયાંની લંબાઈ પહોળાઈ, બે પગલાં વચ્ચેના કોણ અને અંતર, તથા એની ચાલવાની ખાસિયતોમાં ઘણો તફાવત હોય છે. પગીઓ અને ગુનાશોધકો (તથા મોચીઓ પણ) આ તફાવતને સારી પેઠે સમજે છે. આધુનિક ગુનાશોધનમાં તો આની એક સ્વતંત્ર શાખા જ વિકસી છે એમ કહી શકાય. અત્યારે પગરખાંની છાપની તપાસ પહેલાંના જમાના કરતાં કંઈક સહેલી બની છે. પગમાં સ્લિપર, બૂટ, હોલબૂટ, લોખંડની કે રબ્બરની એડીવાળા બૂટ, ચંપલ એમ અનેકવિધ ઉપાન લોકો પહેરે છે. કેટલાક વળી ઉસ્તાદી વાપરીને ઘણી વાર અવળા બૂટ પહેરી ચોરી કરવા નીકળે છે જેથી પગેરું ખોટી દિશા બતાવે. કેટલાક વળી, થોડે અંતરેથી ગાડી કે બીજું વાહન બદલી પગીને ભુલાવામાં નાખવા પ્રયત્ન કરે છે. ઉત્તર પ્રદેશમાં ચોર લાંબા વાંસ પર ચડી લાંબીલાંબી ફલાંગો ભરીને છટકી ગયાના બનાવ પણ નોંધાયા છે. આ રીતે તો એના પગની છાપ જ પડે નહિ. વળી, પગે કોબીજનાં પાન બાંધીને પણ પગેરું છુપાવવામાં આવે છે. શક્ય હોય તો કોરી રેતીમાં પણ તે ચાલે છે. પણ અનુભવોથી ઘડાએલો પગી આમાં યે ભૂલથાપ ખાતો નથી. પોલીસ પણ ઘણી વાર પગીની મદદ લે છે. હવે તો કેળવાએલા કૂતરા પણ સૂંઘીને પગેરું પકડી પાડે છે.


ગુનાના સ્થળ પરનાં અનેક પગલાંમાંથી ગુનેગારનું પગેરું શોધવું એ એક અદ્ભુત કળા જ છે. સંખ્યાબંધ પગલાંમાંથી કોણ સામાન્ય રીતે ચાલ્યો છે, કોણ ધીરેધીરે એશ-આરામથી ચાલ્યો છે, કોણ જલદી ચાલ્યો છે, કોણ દોડયું છે, કોણ સાવધાનીથી ચાલ્યો છે અને કોણ ભાગી છૂટયો છે, તે કુશળ પગી કે ગુનાશોધકની નજરમાંથી છટકી શકતું નથી. આ પ્રાથમિક તારવણી પછી જે પગલાં પર શક પડે તે પગલેપગલે તેઓ આગળ આવે છે. એ પગલાં પાડનારે કશું ઉપાડયું છે કે કેમ એ પણ જણાઈ આવે છે. પગલાંના માપ ઉપરથી ઘણી વાર માણસની ઊંચાઈનો અંદાજ પણ મળી શકે છે. સામાન્ય વિકાસ પામેલા માણસની ઊંચાઈ તેનાં પગલાં કરતાં સાત ગણી હોય છે.

ચાલતી વેળા માણસની એડી પ્રથમ જમીનને અડે છે, અને આંગળાં પછી. તેથી એડી ઉપર શરીરનું વજન આવે છે અને તે જમીનમાં વધુ સ્પષ્ટ છાપ પાડે છે. પણ દોડનારના પહોંચા જમીનને પહેલાં અડે છે, અને પગલું અરધુંઅરધું ઊઠે છે. સાવધાનીથી ચાલનારનાં પગલાં સ્પષ્ટ હોય છે અને તેના પણ પહોંચા જમીન ઉપર પ્રથમ પડે છે અને તે પણ જમીનમાં સ્પષ્ટ છાપ ઉપસાવે છે. વજન ઉપાડનારે જે તરફ વજન ઉપાડયું હોય તે તરફનું પગલું જમીનમાં ઊંડું ગએલું હોય છે. માથા ઉપર વજન ઉપાડયું હોય તો બંને પગલાં એકસરખાં ઊંડાં પડે છે. નિરાંતે ચાલનારના પગના બહારના ભાગ તથા પાછળના ભાગ બહુ જ સ્પષ્ટ છાપ આપે છે. વળી, માણસની ખાસિયત પણ આમાં લક્ષમાં લેવી જોઈએ. ચાલવાની દરેકની રીત અલગ અલગ હોય છે. બે છૂટા હાથે સમતુલાથી ચાલનાર માણસનાં પગલાં વચ્ચેનું અંતર અને બોજો ઊંચકી કે ઉતાવળે ચાલતા માણસનાં પગલાં વચ્ચેનું અંતર અલગઅલગ હોય છે. આમ, પગલાં કેટલી યે વાતો કહે છે અને અનુભવે એ વધુ ને વધુ સ્પષ્ટ સમજાતી થઈ જાય છે.

પગલાંની છાપના પણ બે પ્રકાર છે: ૧) કીચડ, નરમ માટી કે બીજી પોચી વસ્તુઓ પર ઊંડાં ઊતરેલાં પગલાંની છાપ અને ૨) કઠણ સપાટી ઉપર ધૂળ, કીચડ, લોટ, લોહી કે તેવી વસ્તુથી ખરડાએલાં પગલાંની છાપ. ગુનાશોધનમાં પગલાંની છાપ પણ પુરાવા તરીકે કોર્ટમાં રજૂ કરાય છે, અને એ માટે એ બંને પ્રકારનાં પગલાંની છાપને કાયમી સ્વરૂપે સંઘરી લેવાની અલગઅલગ રીતો છે.

કીચડ કે નરમ માટી જેવી પોચી વસ્તુ ઉપર પડેલી છાપને માટે પ્રથમ તો તેના માપનો ખયાલ મેળવવા તેની બાજુમાં ફૂટપટ્ટીને મૂકીને તેનો ફોટો લઈ લેવાય છે. ત્યાર બાદ તે કીચડ કે નરમ માટી જો બહુ પોચી હોય તો તેને ઢાંકી દઈ, થોડી સુકાવા દઈ ત્યાર બાદ સારી જાતના 'પ્લાસ્ટર ઑવ પૅરીસ' વડે તેનું બીબું (કાસ્ટ) બનાવી લેવાય છે.

કોરી રેતીમાં પગલાં પડ્યાં હોય તો કાસ્ટિંગ વખતે રેતી સરકી જઈ કાસ્ટ બગાડી ન નાખે એ સારુ તે પર હળવે હાથે લાખનું દ્રાવણ છાંટી, એને ઠરવા દઇને પછી કાસ્ટ બનાવાય છે. બરફમાં પડેલી છાપ ઉપસાવતાં પહેલાં તેમાં પ્રથમ થોડો ટાલ્કમ પાઉડર એક સરખો ભભરાવી પછી તેની ઉપર લાખનું દ્રાવણ છાંટીને કાસ્ટ લેવાય છે.



ધૂળમાં પડેલી છાપ અને એ પાડનાર બૂટ, સૂકી રેતીમાં પડેલી છાપ અને એ પાડનાર બૂટ તથા જમણી બાજુ માટીમાં, સૂકી ધૂળમાં અને રેતીમાં પડેલી એક જ બૂટની છાપ અને તે પાડનાર બૂટ. આ બધી ઊંડી પડેલી છાપ છે. આવી છાપના આધારે જ પગીઓ પગેરું શોધતા. આમાં જો એક જ સરખાં પગરખાંની (અને ખાસ તો નવાં હોય તો) બે જોડની છાપ એકઠી થઈ જાય તો ખરું પગેરું ખોળવું મુશ્કેલ પણ બની રહે. આવી ઊંડી છાપને લેખમાં દર્શાવ્યા પ્રમાણે પ્લાસ્ટર ઑવ પૅરીસથી સંઘરી લેવામાં આવે છે. ભાગ્યે જ કોઈ બે માણસની ચાલ તદ્દન એક-સરખી જોવા મળે છે અને એટલે એમણે વાપરેલાં પગરખાં ભલે એક જ સરખી બનાવટનાં હોય તો પણ એને લાગતા ઘસારામાં ચાલ પ્રમાણે તફાવત પડે જ છે. અને એ તફાવત જ એક માણસને બીજાથી જુદો તારવી દે છે. અલબત્ત, પગલાંની છાપ એકલી ગુનો સાબિત કરવા માટે પૂરતી નથી, પરંતુ ગુનેગારને પકડવામાં એ બહુ અગત્યની સહાય તો કરે છે જ. એક ચોર પાઈપ વાટે ઉપર ચડી બાથરૂમની બારી વાટે ઘરમાં પ્રવેશેલો. આમ ચડવા જતાં દીવાલ પર ટેકવેલા પગને કારણે એના બૂટને તળિયે દીવાલ પરનો ચૂનો લાગી ગયો અને જ્યારે એણે બાથરૂમમાં પગ મૂક્યો ત્યારે એની છાપ પડી ગઈ. ચોરી કરીને એ તો નાસી ગયો પણ પાછળથી એની પાસેથી એ ચોરીનો કેટલોક માલ મળી આવતાં એની પૂછતાછ ચાલી. એણે પોતે તો એ ઘરમાં પ્રવેશ્યાની વાત જ નકારી કાઢી અંતે પેલા પગલાની છાપનો પુરાવો એની સામે ધરવામાં આવ્યો જેનો કોઈ ખુલાસો એની પાસે નહોતો. આમ, પગની છાપથી એ ફસાઈ ગયો.

પગલાંની છાપમાં જો પાણી ભરાયું હોય તો પ્રથમ વાદળી કે કોઈ પણ સાધન વડે એ પાણી ચૂસી કે કાઢી લઈને યા પ્લાસ્ટરનો કોરો પાઉડર તેમાં છાંટીને પછી તેની ઉપર પ્લાસ્ટર રેડવામાં આવે છે.

પ્લાસ્ટર ઑવ પૅરીસને બદલે મીણ વગેરે જેવા પદાર્થો પણ ઘણી વાર વપરાય છે. પાછળથી આ કાસ્ટ પરની છાપને શકદારના પગલા સાથે સરખાવવા માટે ઉપયોગમાં લેવાય છે.

પગરખાં તો લાખોની સંખ્યામાં એકસરખાં બનાવાય છે, પરંતુ કોઈ પણ બે વ્યક્તિના પગનો ઘસારો એકસરખો હોતો નથી અને તેથી એક જ બનાવટનાં પગરખાં વપરાયાં હોય તો યે અલગ અલગ વ્યક્તિએ એની છાપ ભિન્નભિન્ન રીતે પડે છે.

કઠણ સપાટી ઉપર પડેલી છાપ માટે તો તેનો ફોટોગ્રાફ પણ મહત્ત્વની માહિતી આપી શકે છે. છતાં જરૂર પડયે તેને માટે પણ વિવિધ રીતો અજમાવાય છે. આમ, ગુનાશોધનમાં હાથનાં આંગળાંની છાપ જેટલું જ મહત્ત્વ પગલાંની છાપનું પણ છે. એનું ઉદાહરણ હવે પછી.

'અનુસંધાન] **તરંગકથા** [પૃ. ૧૪૦થી

પ્રોફેસર ને બીક હતી. પેલો પીળો પ્રકાશ પણ ધીમેધીમે સંકેલાઈ જતો દેખાયો. પ્રોફેસર પોતાનો હાથ બંદૂકની નાળને અડાડયો પણ જરા યે ગરમી ન લાગી! તેનું ઉષ્ણતામાન તો એટલું જ હતું. 'આ પ્રકારની અસર તો ગલનાંક નીચું લાવવાની હોવી જોઈએ.' પ્રોફેસરે વિચાર્યું. એમનું ભેજું કામ કરતું નહોતું! સૌ મુકામે પહોંચ્યા.

પ્રબુદ્ધનું મન અતિશય ઉદ્વેગમય ગઈ ગયું હતું. તેણે મકાનમાં આવતાં જ પ્રોફેસરને કહ્યુ: 'હવે તો હદ થાય છે! આની ખબર પોલીસને આપવી જ જોઈએ. આમાં આપણી શક્તિ તદ્દન મર્યાદિત છે.'

'પણ પ્રબુદ્ધ, આમાં પ્રશ્ન આ અંડાકારને ઉડાવી દેવાનો નથી. પ્રશ્ન નિખિલને બચાવી લેવાનો છે.'

'પણ કંઈક તો ઉપાય કરવો જ પડશે! સમય વીતતો જાય છે ને કંઈ ફેંસલો તો આવતો જ નથી. કોને ખબર છે, ત્યાં નિખિલ પર શું-શું વીતી હશે?' આટલું કહી તેણે અંદર જઈને સર્વપ્રથમ ટ-૧૮૫ની મુલાકાત લીધી. તેનું શરીર ચામડી-માંસનું નહિ, પણ જાણે પ્લાસ્ટર જેવા નક્કર પદાર્થનું બનેલું હતું. તેણે કોઈ પણ જાતની દયા વગર ટ-૧૮૫ના પગમાંથી એક ટુકડો તોડી લીધો અને પોતાની પ્રયોગશાળામાં જતાંજતાં પ્રોફેસરને થોડી વાર પછી ત્યાં આવવા કહ્યુ.

પ્રોફેસર થોડી વાર પછી રસાયણશાસ્ત્રની પ્રયોગશાળામાં દાખલ થયા ત્યારે પ્રબુદ્ધ કોઈ રાસાયણિક દ્રવ્યના પાતળા પડમાંથી પ્રકાશ પસાર કરી પેલા ગ્રહવાસીના શરીરના દ્રવ્યથી લીંપેલા કૅથોડ પર પાડતો હતો, અને કૅથોડ સાથે ફોટો ઇલેક્ટ્રિક વિદ્યુત-પ્રવાહ શોધવા માટેનું સર્કિટ અને તેમાં ગૅલ્વેનૉમીટર લગાડયું હતું. એક પછી એક જુદાં દ્રવ્યોનાં પાતળાં પડમાંથી પ્રકાશ પસાર કરી ગૅલ્વેનૉમીટર ફોટો-ઇલેક્ટ્રિક વિદ્યુતપ્રવાહ દેખાડે છે કે નહિ તેની તે તપાસ કરતો હતો. આખરે તેણે ગૅલ્વેનૉમીટરના દર્શક કાંટાનું હલન-ચલન જોયું અને બૂમ પાડી: 'પ્રોફેસર! ફેંકી દો તમારી ટૉર્ચો! આ લોકોનો ફેંસલો થઈ ગયો.'

'કેમ, શું થયું?' પ્રોફેસરે પૂછ્યું.

'જુઓ, જેમ વીજાણુઓ કેન્દ્રમાં પડી સ્થિર થઈ જાય તો પરગ્રહવાસીનું મરણ નીપજે છે, તેમ જ જો વીજાણુને કેન્દ્રની આકર્ષણ-મર્યાદામાંથી બહાર ફેંકી શકાય તો બધા વીજાણુ શરીરથી છૂટા પડી જાય અને તેમના દેહનો નાશ થાય!' પ્રબુદ્ધની આંખમાં ચમકાર હતો! 'ગૅલ્વેનૉમીટર વિદ્યુતપ્રવાહનું અસ્તિત્વ દેખાડે છે એનો અર્થ શો થાય? એનો અર્થ એમ જ ને, કે કૅથોડને જે દ્રવ્યનો લેપ કર્યો છે તેના અણુમાંથી વીજાણુઓ પેલા દ્રવ્યના પાતળા પડમાંથી પસાર થતા પ્રકાશના ધક્કાથી બહાર ફેંકાઈ જાય છે!'

'શાબાશ! પ્રબુદ્ધ, શાબાશ! હવે નિખિલ બચી ગયો.' પ્રોફેસર આવેશમાં પ્રબુદ્ધને ભેટી પડયા.

'તો ચાલો, આ પ્રયોગ પેલા ટ-૧૮૫ પર જ અજમાવીએ.' (ચાલુ)

બે સ્વયંપાકી અને અતિથિવિશેષ

અતીતનાં પુષ્પો
લેખક
ધનસુખલાલ મહેતા

આજના જમાનામાં યુવતીઓ ભલે હોમ સાયન્સ શીખવા કૉલેજમાં જતી અને ઠેઠ અમેરિકા પણ જતી; પણ જરૂર તો યુવકોએ હવે રસોઈની તાલીમ લઈ લેવાની છે. પત્ની પણ નોકરીએ જાય—એમાંની ઘણીખરીને નોકરી કરવી જ પડે - એવી આજની સ્થિતિ છે; આ મોંઘવારીમાં એ વિના ઘરના બજેટનાં બે પાસાં મળે જ નહિ; એટલે પતિને પણ અવારનવાર રસોડાનો કબજો લેવાનું જરૂરી બને છે. હવે કાંઈ થોડા અસલના દહાડા છે? - જ્યારે

'નાનકડી નાર ને નાકે મોતી, પિયુ પરદેશ ને વાટડી જોતી;
પત્ર લખે ને નિર્ગમે દહાડા, એ એંધાણીએ નાગરવાડા.'

એમ હતું. હવે તો સવાર પડે ને પતિપત્ની બંનેને ઑફિસ જવાની દોડદોડ. એવું પણ બને છે, કે પતિ સવારે સાત વાગ્યે નોકરીએ જાય અને અગિયારે પાછો આવે; પત્ની અગિયારે જાય તે છેક સાંજે આવે. પતિ પાછો છએક વાગ્યે જાય તે રાતના દસ-સાડાદસે આવે! અરે એ તો ઠીક, પણ પતિ મુંબાઈમાં પ્રોફેસર અને પત્ની અમદાવાદમાં પ્રોફેસર! વૅકેશનમાં જ બે મળે! એટલા માટે મારો આગ્રહ છે કે હવે યુવકો માટે પણ પાકશાસ્ત્ર શીખવાનો પ્રબંધ થવો જોઇએ. જોકે તે વિના પણ ધીમેધીમે પુરુષો શીખી તો લે છે જ; કારણ કે તે વિના અન્ય માર્ગ નથી, પણ વર્ષો પહેલાં એવી સ્થિતિ ન હતી.

છતાં એક વખત એવી પરિસ્થિતિ ઊભી થઈ કે મારી પત્ની સુવાવડ માટે સૂરત ગઈ. પાંચેક માસ ત્યાં રહેવું પડે. મોટા ભાઈ દિલ્હી ગએલા: પહેલા વિશ્વયુદ્ધમાં મ્યુનિશન્સ બોર્ડમાં. નાનો ભાઈ પૂને ઈજનેરી કામ શીખવા ગએલો. સાંતાક્રુઝમાં હું ને મોટા ભાઈના સાળા ચન્દ્રપ્રસાદ બેને એકલાંને રહેવું પડવાનું. સાંતાક્રુઝમાં મારાં મોટાં બહેન રહે અને એમની મહેમાનગીરી એટલે 'ઓહો!' છતાં અમે બેએ કેસરિયાં કર્યાં અને પણ લીધું કે 'હવે હાથે રસોઈ કરીને જ જમવું.'

મારાં મોટાં બહેન અને તેમનાં સાસુ બંને ઊકળી પડયાં, ને અમને ખૂબ ધમકાવ્યા. પણ અમે એકના બે ન થયા. હા, એક વાતનો એકરાર કરી દેવો જોઇએ. અમે તો 'સૂરતી', એટલે 'ખાનપાનને ખાતર જિંદગી છે' એવું માનનારા. આથી અમે એક વાતની છૂટ મૂકી કે તહેવારને દિવસે અમારે બહેનને ત્યાં જમવું. અલબત્ત, વાત એ હતી કે જો આ પ્રમાણે ન કરીએ તો તહેવારને દિવસે પણ અમારા નસીબમાં કાચીપાકી રસોઈ જ હોય! છતાં દેખાવ એવો કરેલો કે મોટીબહેન અને તેમનાં વૃદ્ધ સાસુના વચનને માન આપી અમે આટલું સ્વીકારેલું છે.

પણ હવે અમારી રસોઈની જ વાત કરું. પહેલે દિવસે અમે પરોઢીને પ્રાઈમસ દાળ ચડવા મૂકી. આરંભ શાકથી જ કર્યો, અને તે પણ કાંદા બટાટાના; એટલે એમાં પણ વાંધો આવ્યો નહિ. ભાત પણ ચડાવી દીધે અને પછી રોટલીને માટે કણક બાંધવા સામસામા બેઠા.

પહેલાં કણક જરા ઢીલી થઈ ગઈ, એટલે અમે લોટ ઉમેર્યો. કણક આથી કઠણ થઈ એટલે અમે પાણી નાખ્યું. એથી વળી ઢીલી થઈ ગઈ. આ ક્રમ ત્રણચાર પાંચ વાર થતાં બે માણસને બદલે સાતઆઠ માણસ ખાય એટલી કણક બંધાઈ ગઈ અને છતાં ઢીલી અને કઠણની સ્થિતિ તો બદલાઈ જ નહિ! હવે અમે બંને ગભરાયા. મારે પાછા નોકરીએ જવાનું અને ચન્દ્રપ્રસાદને કૉલેજમાં જવાનું; અને પણ મોડું થતું જતું હતું. સવારના અમુક સમય પછી સલાહકાર પણ કોણ મળે? આખરે અમે પડોશી પારસી કુટુંબ હતું ત્યાં જઇને અમારી પરિસ્થિતિ સમજાવી. પહેલાં તો એ બધાં ખૂબ હસ્યાં, પણ પછી એક પારસી યુવતીએ આવીને કણક બાંધી આપી, એટલું જ નહિ પણ અમને સવારે ચાલે તેટલી રોટલી પણ વણી આપી. પાછી કહેતી ગઈ કે 'રાતે મને બોલાવજો એટલે રાતની રોટલીનું પણ તમને સમજાવી દઈશ.'



બે સ્વયંપાકી
ધનસુખલાલ
(ખુરશીમાં બેઠેલા)
અને
ચન્દ્રપ્રસાદ

આમ અમે રસોઈની કલામાં પારંગત થવાના પ્રયત્નનો આરંભ કરી દીધો. મને તો એવું ખરું કે હજી અમને એ કલા જરા પણ સાધ્ય નથી, પરંતુ અમારા ચન્દ્રપ્રસાદભાઈ બહુ આશાવાદી, એટલે એમણે તો માની જ લીધું કે એ કલા એમને પૂરેપૂરી આવડી ગઈ છે!

આ માન્યતાથી ઉત્તેજિત થઇને, એક દિવસ સવારે ચન્દ્રપ્રસાદે જણાવ્યું કે આજે તો ભજિયાં જ બનાવીએ. મેં ના પાડી, પણ એમણે માન્યું નહિ. ભજિયાં માટેનું ખીરુ એમણે બનાવ્યું. મેં કાંદા, બટાટા, ગલકાં, વેગણ વગેરેની કાતરી કાપી. ચૂલા પર લોઢિયું મૂકી ચન્દ્રપ્રસાદે ખીરામાં બોળીબોળીને પેલી કાતરીને લોઢિયામાં મૂકવા માંડી. પણ ભજિયાંને બદલે લોઢિયામાં જ એક તરફ ખીરું તળાય અને બીજી તરફ કાંદા, બટાટા વગેરેનાં પતીકાં તળાય! ચન્દ્રપ્રસાદે ખૂબ પ્રયત્ન કર્યા, પણ પેલાં બે સાથે જોડાઇને ભજિયાં …ય જ નહિ!

અમે કંટાળ્યા અને કોઈકની મદદ માગવા અમારા કઠેરામાં ઊભા રહ્યા. થોડી જ વારમાં અમારા એક પરમ સ્નેહી (સ્વ.) કરણલાલભાઈ ત્યાંથી નીકળ્યા. અમે એમને ઘાંટો પાડી બોલાવ્યા અને બે મિનિટમાં કોણ જાણે એમણે શું કર્યું કે પેલી બે વસ્તુ જોડાઇને ભજિયાં નીકળવા માંડયાં. પાછળથી ચન્દ્રપ્રસાદે તો કહેલું કે હવે મને આવડી ગયું. પણ મેં 'એ રીતે ફરીથી ખીરું ને શાક એમ બે છૂટું છૂટું ખાવાની મારી તૈયારી નથી' એમ કહીને એ પ્રયોગ ફરીને કરવા દીધો નહિ.

આવી નિષ્ફળતા છતાં અમે અમારા નિશ્ચયને વળગી રહ્યા અને ધીમેધીમે સાદી રોજિંદી રસોઈ બનાવતા થયા, જોકે કેટલીક કચાશ તો રહી જતી. દા. ત. હું જ્યારેજ્યારે ખીચડી બનાવતો ત્યારે ત્યારે ખીચડી અરધી તપેલીમાં નીચેથી બળી જતી, અને બાકીની અરધીમાં ઠીકઠીક પ્રમાણમાં પાણી રહેતું. બળેલી ખીચડી સરસ લાગે, જો વધારે ઘી લઇએ તો, એમ કહી એ ભાગ ચન્દ્રપ્રસાદ હોંસેહોંસે ખાતા.

થોડે થોડે દિવસે ચન્દ્રપ્રસાદને પોરસ ચઢતો અને નવી વાની પર અમે હાથ અજમાવતા. એક વાર તો, મને યાદ છે કે, અમે મેથીનાં

મૂઠિયાં બનાવ્યાં હતાં. સ્વાદમાં સારાં થએલાં, પણ હાથેથી તો એ ભાંગેલાં જ નહિ. શ્રીનાથજીનો ઠોર જેમ આપણે હથોડીથી ભાંગવો પડે છે તેજ પ્રમાણે અમે પહેલાં એ મૂઠિયાંને હથોડીથી ભાંગી નાખેલાં અને પછી જ જમવા બેઠેલા. પછી બહુ ત્રાસ પડેલો નહિ.

પાંચ છ માસ પૂરા થયા. મારી પત્ની સુરતથી પાછી આવી ગઈ. અમે તે પછી બેએક વખત તેને કહેલું કે તું કદીક આરામ લે અને આખી રસોઈ અમને જ કરવા દે. પણ અમારી રાંધણકલાની થોડીક વાતો એને કાને પણ પહોંચેલી, તેથી અમારી દરખાસ્ત તેણે અપનાવી નહિ.

માનવી બહુ વિચિત્ર પ્રાણી છે. એની ખાસિયત પણ વિચિત્ર. જગ-વિખ્યાત ચિત્રકાર હોય એને પોતાની ચિત્રકલા માટે અભિમાન ન હોય, પણ કદાચ પોતાની ખૂબસૂરતીની જ ખુમારી હોય! એક લખ-પતિ, હુન્નર ઉદ્યોગના મદારથી, જેમણે અસલની દિલ્હી અને સિમલાની ધારાસભામાં પણ અનેક પ્રશ્નો વિષે નિષ્ણાત તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરેલી, તેમને એ બધી બાબતોનું અભિમાન ન હતું, પણ પોતે બહુ જ સારા સ્થપતિ છે એમ મનાવવામાં એમને ખૂબ પોરસ ચડતો. મને એમણે ઘણી વાર કહેલું કે, 'ધનસુખલાલ, આ બધી જંજાળ માથા પર ન હોત તો હું એવી ઇમારત બાંધત કે ઘડીભર લોકો જોઇને છક થઈ જાત!' અસલના જમાનામાં માસિક પંદરથી વીસ હજારની પ્રૅક્-ટિસ ધરાવનાર એક ધારાશાસ્ત્રીને કાયદાના જ્ઞાનનું બહુ મહત્ત્વ ન હતું, પણ પોતે ભલભલા રસોઈયાને પણ પાણી ભરાવે એવી પોતાની રાંધણ-કલામાં અભિમાન હતું! એક પ્રથમ કક્ષાના ઇજનેરને પોતાની જ્યોતિષ-વિદ્યાના જ્ઞાનનું જ અભિમાન હતું. આ પ્રમાણે માનવીઓને, પોતે જેમાં કીર્તિ મેળવી હોય તેમાં ખાસ રસ ન પડતાં નાનીનાની બાબ-તોમાં રસ પડે છે, એટલું જ નહિ પણ તેમાં પોતે ગર્વ પણ લે છે.

ધનસુખલાલ મહેતાએ હાસ્યરસના ક્ષેત્રમાં ઠીકઠીક કર્યું છે, રંગ-ભૂમિને ક્ષેત્રે પણ ઠીક કર્યું છે; પણ એને પૂછો તો પોતે રણજી કે દુલીપ કે વિજય મરચંટ ન થઈ શક્યાનો અજંપો ભોગવે છે; તબલાંમાં તિરકવા કે નિખિલ ઘોષ જેવા ન ગણાયાનો એમને અફસોસ છે; અને પોતે અતિથિ તરીકે અવ્વલ નંબરના છે એનું અભિમાન છે. એમાં કોઈ એમનાં વખાણ કરે તો એમને ખૂબ સંતોષ થાય છે। અહીં પોતાની એ બાબતની કુશળતાના બેત્રણ દાખલા બસ થશે.

એક સ્નેહી અને એમનાં પત્નીને ત્યાં એ સાતેક દિવસના અતિથિ થયા. ડિસેમ્બર મહિનો, એટલે ટાઢનું પૂછવું નહિ. બેત્રણ દિવસ પછી એમને ત્યાં વર્ષોથી કામ કરનાર બાઇએ મિત્રપત્નીને કહ્યું: 'આ પરોણા આટલી ઠંડીમાં પણ ટાઢે પાણીએ કેમ નહાય છે?'

મિત્રપત્નીએ એ માન્યું નહિ અને કહ્યું કે, 'ભલી બાઈ, એમની તબિયત નાજુક ને વળી આટલી ઠંડી; પછી ટાઢે પાણીએ તે એ નહાય!'

'પણ મોટી બહેન, એમના નહાઈ રહ્યા પછી હું કપડાં લેવા જાઉં છું તો બંબો તો ભરેલો જ હોય છે!'

મિત્રપત્નીએ મને પૂછી જોયું અને મારે કબૂલ કરવું પડ્યું કે હું નહાયા પછી ખાલી બંબો પાછો ભરી દઉં છું! મારી આ પ્રકૃતિને લીધે હું જ્યાં પણ જાઉં ત્યાંનાં નોકરો મારા પર ખુશ હોય છે.

હું કોઇને પણ ત્યાં જાઉં તો પહેલાં એમને પૂછી લઉં કે એમને ત્યાં સવારસાંજ જમવાનો સમય કયો? પેલાં કહે કે તમે આવો તે સમયે. પણ તે હું કબૂલ ન કરું અને એમના રોજના નિયમથી પા અરધો કલાક વહેલો જ ઘેર પહોંચી જાઉં. પણ માત્ર નાનીનાની બાબતોથી જ હું મારી જાતને નમૂનેદાર અતિથિ કહેવડાવવા માગતો નથી. કેટલીક વાર મારી કપરી કસોટી પણ થઈ છે.

મારા એક વડીલ મિત્ર અને તેમનાં પત્ની. એમને સંતાન ન હતું એથી ઘરમાં ચોખ્ખાઈ રાખવાનો ખૂબ આગ્રહ. મિત્રનો મિજાજ ગજબનો ગરમ. એક વાર પોતાના કોઈ નજદીકના સગાને એમણે પોતાને ત્યાં રહેવાનું આમંત્રણ આપ્યું. પેલો બીચારો એક માસની રજા લઈ પોતાની પત્ની સાથે એમને ત્યાં રહેવા ગયો. પણ એને બીચારાને ચોખ્ખાઈની ગમ નહિ, તેમજ નિયમિતપણું પણ આવડે નહિ. પરિણામે, માત્ર સાત દિવસમાં અમારા પેલા વડીલ મિત્રનું મગજ ફાટ્યું અને પેલા ભાઈ અઠવાડિયામાં જ પોતાને ગામ પાછા ફર્યા.

એ વડીલ મિત્રે મને પોતાને ત્યાં બોલાવ્યો. ત્યાં જ મને નોકરીમાં ઠરીઠામ કરી આપશે એવી આશા એમણે આપેલી. ઘણાઓએ મને કહ્યું કે, 'ભાઈ, ભલભલા માણસો એમની સાથે અઠવાડિયું રહી શક્યા નથી, તો તું શું રહેવાનો?' છતાં આપણે તો ગયા. હું ઘરમાં દાખલ થયો કે તરત એ મિત્રે મને એક વૉર્ડરોબ બતાવ્યું અને કહ્યું કે આમાં તારાં કપડાં તારે મૂકવાનાં. હું સવારે ત્યાં પહોંચેલો. પછી મેં સ્નાન કર્યું અને સાંજના એમની સાથે મોટરકારમાં ફરવા ગયો. રાત્રે સુવા જતી વખતે પેલા મિત્રે મારા રૂમમાં જોયું તો બધું વ્યવસ્થિત! એક પણ કપડું બહાર રખડતું નહોતું. બૂટ પણ એમની જગ્યાએ! આ પ્રમાણે હું એમની પહેલી કસોટીમાંથી તો પસાર થઈ ગયો.

પણ મને લાગ્યા કરે કે કાંઈક પણ અહીં ખોટું છે. ત્રણ-ચાર દિવસ ગયા કેડે મને કારણ જણાયું. એ મિત્ર અને એમનાં પત્ની રાત્રે જમતાં જ નહિ. માત્ર અલ્પાહાર કરે. એક મારે લીધે એમને આખી રસોઈ કરવી પડતી! હું મૂંઝાયો, કારણ કે ભૂખ્યે પેટે મને ઊંઘ આવે નહિ. છતાં બીજો ઉપાય ન હતો. અંતે એક દિવસ રાત્રે વાળુ વખતે મેં સહજ પૂછ્યું: 'મુરબ્બી, તમે રાતના પણ પૂરી રસોઈ જમો છો?'

'કેમ આમ પૂછે છે?'

'એટલા માટે કે હું સાંતાક્રુઝમાં સવારે જ પૂરી રસોઈ જમું છું, રાત્રે તો અલ્પાહાર જ કરું છું, એટલે પૂછું છું.'

બસ થઈ રહ્યું. મિત્ર આનંદથી હસી પડ્યા અને પત્ની તરફ જોઇને બોલ્યા: 'જોયું કેની? મેં તો તને કહ્યું જ હતું કે આપણે ધનુભાઇને પહેલેથી પૂછી લઈએ કે તું રાતના આખી રસોઈ જમે છે કે માત્ર થોડુંક કાચુંકોરું? પણ, તેં મને ધમકાવીને ના પાડી દીધી કે એવું તે કાંઈ પૂછાતું હશે? ચાલો આજથી બધો ખુલાસો થઈ ગયો.'

અલ્પાહારથી શરૂશરૂમાં તો મને બિલકુલ ઊંઘ આવી નહિ; પણ પછી તો મને ટેવ પડી ગઈ અને ઊલટાની બહુ સારી નિદ્રા આવવા માંડી.

એ મિત્રને બ્રિજનો બહુ શૉખ. રોજ રાત્રે અમે રમીએ: હું અને એક ડૉક્ટર હતા તે બે એક તરફ, અને બીજી તરફ પેલા વડીલ મિત્ર અને તેમનાં પત્ની. પત્ની રમવામાં ઘણાં કાચાં, એટલે એ બે જણ રોજ હારે! પરિણામે મિત્રનો પિત્તો જાય અને પત્નીને ખખડાવે, ને પત્ની આખરે રડી પડે! આમ રોજ રાતના અચૂક થાય. એટલે મેં કીમિયો શોધી કાઢ્યો. એક દિવસ બપોરે મેં મિત્રને કહ્યું: 'મુરબ્બી, મને પેલા ડૉક્ટર જોડે રમવું ફાવતું નથી. એ નાહકનો મિજાજ ક્યાં કરે છે માટે હું ને તમારી પત્ની ભિલ્લુ થઇએ, તમે ને ડૉક્ટર થાઓ!'

મિત્ર તો આ સાંભળીને અત્યંત આનંદમાં આવી ગયા. એમણે તો મને સાવ ગધેડો જ ધાર્યો હોય ને? પણ આ યોજના એમણે સ્વીકારી લીધી. તે દિવસથી રોજ રાત્રે, ઘણુંખરું તો અમે સખત હારીએ જ, પણ કોઈક વાર 'પાસા પડે ને અનાડી જીતે' જેવું થવા જાય તો હું જાણીજોઈ ને કાંઈક ગંભીર ભૂલ કરું અને પરિણામે અમે હારીએ. ધીમેધીમે તો પેલાં મિત્રપત્ની પણ મને કેમ (અનુસંધાન પૃ. ૧૫૩)

સાહિત્યસંપર્ક

कण्डू

ઈશ્વરચન્દ્ર ભટ્ટ

આજે સવારે એક માસિકના તંત્રી તરફથી લેખ માટે તકાદો કરતો પત્ર મળ્યો, અને કલમ હાથમાં લેતાં મરવા જેવું લાગ્યું. આથી ઊલટું, મારા એક કવિમિત્રનું કથન નોંધવા જેવું છે. એ કહે: 'હું કવિતા લખ્યા વિના રહી શકતો નથી. લખતો બંધ થઈશ તો મને લાગે છે હું મરી જઈશ.' મને 'લખવું એ મરવા જેવું' લાગે છે, ત્યારે એમને 'ન લખવું એ મરવા જેવું' લાગે છે. છતાં એમની કાવ્ય-કંડૂને તો દાદ આપવી જ રહી.

મારા એક સુધરેલા, એટલે કે સામાની રુચિ અરુચિને માપી લઈ વ્યવહાર જાળવતા, વિનમ્ર લાગતા અને મિતભાષી મિત્રને એવી ટેવ કે વાત દરમ્યાન એકાએક એ માફી માગીને ઊઠે, પછી ગજવામાંથી ડબ્બી કાઢીને (કે ડબ્બી માગીને) તપખીર કાઢી દાંતે ઘસે, કોગળા કરે અને ત્યાર પછી પેલો વાર્તાતંતુ આગળ લંબાવે. આ એક લાચારી છે, એમાંથી ઉગાર નથી, એમ એમનું માનવું છે. આવી જ તલબ છીંકણી સૂંઘવાની કે બીડી પીવાની ઊપડે છે.

આ તલબ એટલે ચળ અથવા કંડૂ. એને સ્થળ સમય કે વ્યક્તિ અને તેના મોભાની શરમ નથી. એ વ્યક્તિમાત્ર ઉપર ભારે કામ્ ધરાવે છે અને અજંપ ઊભો કરે છે. જ્યાં જ્યાં ચેતન ત્યાં કંડૂનો સંભવ એમ કહી શકાય. કોઈક કંડૂરિયું કે ખંડૂરિયું (?) સૂરણ કે અળવી પણ મોંમાં વવળે છે અને અસ્વસ્થ બનાવી મૂકે છે. આવી જ બીજી કંડૂ છે બોલબોલ કરવાની. વક્તા પોતે સમજતો હોય છે કે હવે અટકવું જોઈએ; પણ એનાથી રહેવાતું જ નથી. પરિણામે એ ઘણી વાર હાસ્યાસ્પદ અને કોઈક વાર દયાજનક સ્થિતિમાં આવી પડે છે.

એક ભાઈને સામેના ગામે ખૂબ જરૂરી અને ઉતાવળના કામે જવાનું હતું, એટલે એણે ટારડા પર સવારી કરી એને એડી લગાવી દીધી. લગભગ અર્ધે રસ્તે બીડીની તલબ ઊપડી. ટારડાને થોભાવ્યું અને સામો પવન હતો એટલે ટારડાને વિરુદ્ધ દિશામાં ફેરવીને બીડી સળગાવી, અને એ ચૂસતાં ચૂસતાં ફરી મારી મૂક્યું. પણ મોટા આશ્ચર્ય ને ગુસ્સામાં એણે જોયું તો પોતાના ઘરની સામે આવીને જ ઊભો હતો! નિરાશામાં એણે કપાળ કૂટ્યું.

આ કંડૂ આત્મનેપદી ક્રિયા છે, એ ખૂબ સૂચક છે. હમણાં હમણાં મારા પર એની કૃપા ઊતરી છે એટલે તાજો જાતઅનુભવ લખવાનું પ્રાપ્ત થાય છે; નહિ તો પણ 'नामूलम् लिखेत् क्वचित्।'માં હું માનું પણ છું જ. આ કંડૂની લજ્જત માણતાં પહેલાં એની પ્રક્રિયા જાણી લઈએ. ક્યાંક ચામડી નીચે, અદમ્ય એટલો જ અસહ્ય સળવળાટ અનુભવાય છે. લાગલી જ, આપણને અજાણ રાખીને, આંગળી તેને સ્પર્શવા દોડી જાય છે, અને બીજો કોઈ વિચાર પણ આવે એ પહેલાં તો નખે પોતાનું ચિત્રકામ શરૂ કરી દીધું હોય છે! પરિણામે જ્યારે લોહીની ટશર ફૂટીને બળતરા શરૂ થાય છે ત્યારે પછી ડાહી એવી હથેળી, પોતાના જ અંગ એવા નાલાયક નખ વડે, મહેમાન એવા ચર્મરોગને પીડા આપવાનું ઉદ્ધત કાર્ય કર્યાની જાણે ક્ષમા માગવા પેલા કંડૂયમાન ભાગને પસવારે છે.

હું આ મહેમાનને લઈને મારા દાક્તરમિત્રને મળ્યો. એમણે કહ્યું: 'આ ખંજવાળ એ રોગ નથી, રોગની નિશાની છે. એ રોગ કદી પ્રાણઘાતક બનતો નથી.' એ સાંભળી મેં સંતોષની હાશ મૂકી. ત્યાં તો તેમણે આગળ ચલાવ્યું: 'પણ એ રોગ મોટે ભાગે મટતો ય નથી.' અને મારી હાશનો હ્રાસ થઈ ગયો. મને નિરાશ થએલો જાણી દાક્તરે કહ્યું: 'એમ ઢીલા ન પડો; પ્રયત્ન ચાલુ રાખો.' એમની ઠાવકી સૂચનાએ મારી નિરાશા પર પેટ્રોલનું કામ કર્યું. મેં ચીડાઈને કહ્યું: 'શું ખંજવાળવાનો?' તો તેમણે મલકીને કહ્યું: 'ન ખંજવાળવાનો. તમે પહેલી તકે બધા નખ કપાવી નાખો.' અરે રામ!

'ઉઠાવે કંડૂની સુખદ મુદિતા ચર્મ દરદે'

એવા નખને જ હું જાકારો દઉં? બિચારી નખપ્રિયા કંડૂનું શું? એને વિધવા બનાવું? અફસોસ કરતો અને ધૂંધવાતો ઘરે આવ્યો.

સાચે જ, આ ખંજવાળની તીવ્ર ઉત્કટતાને હૂબહૂ વ્યક્ત કરનારા શબ્દો ગુજરાતી ભાષામાં નથી. એટલી આપણી ભાષાની ઊણપ છે. એ રોગોનાં નામ પણ ફિસ્સાં ને નિઃસત્વઃ દરાજ, ખુજલી, ખરજવું. ત્યારે અંગ્રેજી ભાષા જુઓ, કેવી માતબર છે. સ્કેબીઝ, ઈચીઝ, રિંગવર્મ જેવાં નામ એમાં છે અને કંડૂ માટે 'સ્ક્રેચિંગ' જેવો આબેહૂબ સ્ક્રેચીઝનો ખયાલ આપતો શબ્દ પ્રયોજ્યો છે. નિઃશંક ભાષાનો વિકાસ તેતે પ્રજાના અનુભવમાંથી થાય છે ને!

બે અસમાન વ્યક્તિ કે વસ્તુ વચ્ચે ઘર્ષણ સંભવે. એમાં ગતિ, અવગતિ, પ્રગતિ હોય જ.

૧૪૫ ('કુમાર' અંક ૫૨૦)

શબ્દકથા: પક્વ, અર્ણવ, રાજીવ, સચિવ

'વિધવા'ની વાત કરતાં તે વૈદિક 'વિધ' ધાતુ અને 'વ' પ્રત્યયથી બનેલા 'વિધવ'નું સ્ત્રીલિંગ હોવાનું કહેલું. આ 'વ' પ્રત્યય બીજા કેટલાક સંસ્કૃત શબ્દોમાં પણ ચીંધી શકાય છે. ક્યાંક તે ધાતુને સીધો લાગીને વિશેષણ બનાવે છે, ક્યાંક તે 'ઉ' પ્રત્યયના ગુણ 'અવ' રૂપે દેખાય છે, તો ક્યાંક તે નામને લાગેલો છે. ઉદાહરણો જોઇએ:

'પચ્' (રાંધવું, પાકવું) અને 'પક્વ.'

'ઋચ્' (ઋચા) અને 'ઋક્વ' (ઋચા ગાનાર).

'શરુ' (બાણ, અસ્ત્ર) અને 'શર્વ' (બાણથી સજ્જ, સંહારક રુદ્ર).

'આશુ' (વેગીલું) અને 'અશ્વ' (વેગથી ચાલનાર, ઘોડો).

'અર્ણ' (તરંગ) અને 'અર્ણવ' (તરંગસભર, તરંગક્ષુબ્ધ સમુદ્ર).

'કેશ' (વાળ) અને 'કેશવ' લાંબા (વાળવાળા) [સરખાવો 'હૃષી-કેશ' અને 'ગુડા-કેશ'. તેમની 'હૃષીકા+ઈશ' અને 'ગુડાકા+ઈશ' એવી વ્યુત્પત્તિઓ ઉપજાવી કાઢેલી છે].

'રાજિ' (રેખા, પટ્ટો, હાર) અને 'રાજીવ' (ચટાપટાવાળું હરણ વગેરે).

'શ્રદ્ધા' અને 'શ્રદ્ધિવ' (શ્રદ્ધેય).

'સચિ' (સાથે) અને 'સચિવ' (સાથી, મિત્ર, સહાયક, મંત્રી).

'અંજિ' (ચીકાશ) અને 'અંજિવ' (ચીકણું, લીસું).

'શંતિ' અને 'શંતિવ' (કલ્યાણકારક).

આમાંના કેટલાક શબ્દો વૈદિક છે. પાછળથી તે વપરાશમાંથી લુપ્ત થયા છે. આ 'વ' પ્રત્યય પણ વૈદિક ભાષાના થોડાક શબ્દો પૂરતો મર્યાદિત છે. બીજા યે પંદરવીશ 'સર્વ', 'ધ્રુવ', 'જીવ', 'હ્રસ્વ', 'ઊર્ધ્વ', 'ખર્વ', 'પીવ', સ્યાવ' જેવા શબ્દોમાં તે હોવાનું બતાવી શકાય. પણ તે શબ્દોનું ધાતુ અને પ્રત્યય રૂપે વિશ્લેષણ કરવા માટે સંસ્કૃતની સહજન્ય બીજી ભાષાઓનો—એટલે કે તુલનાત્મક ભાષાશાસ્ત્રનો આધાર લેવો પડે. આમાંના કેટલાક શબ્દોની સંસ્કૃત વ્યાકરણો, ટીકાઓ વગેરેમાં આપેલી વ્યુત્પત્તિ કલ્પિત છે, ઐતિહાસિક નથી.

હરિવલ્લભ ભાયાણી

એટલે અમારા તરફ ખંજવાળવાની ક્રિયાને મૃદ્દક્તિમાં 'સારંગી વગાડવી' કહે છે. પશુપક્ષી પણ પોતાની ખરી, શિંગડાં કે ચાંચથી આ ચળ શમાવે છે. પરંતુ બે શિંગડાં વચ્ચેની ગંડ સ્થલની કંડૂ માટે એમણે કોઈ કરકરી સપાટી કે ઝાડના થડ સાથે માથું ઘસવું પડે છે. આ દશ્યને કાલિદાસે 'કુમારસંભવ'માં ઝીલ્યું છે:

कपोल कण्डूः करिभिर्विनेतुम्

(ચળ શમાવવા દેવદાર વૃક્ષ સાથે હાથીએ ગંડસ્થલ ઘસવાથી ઉત્પન્ન રસસુગંધથી શિખરો સુરભિત થાય છે); જ્યારે બીજું ચિત્ર છે વસંતપ્રસરનું. કાળિયાર પોતાનાં શિંગડાંની અણીથી મૃગીને ખંજવાળતાં તે આંખ મીચીને આ સ્પર્શસુખ માણે છે. પરંતુ આથી યે વધુ ઋજુ અને નમણું ચિત્ર છે શાકુન્તલના છઠ્ઠા અંકમાં. વિરહી દુષ્યન્ત મન બહેલાવવા કણ્વાશ્રમનાં દષ્ટપૂર્વ દશ્યો ચીતરવા ઇચ્છે છે.

कार्या सैकत लीन हंसमिथुना...

તેમાં છેલ્લી પંક્તિ છે

शृंगे कृष्णमृगस्य वामनयनं कण्डूयमानांमृगीम्।

(કૃષ્ણમૃગના શિંગડા પર પોતાનું ડાબું નયન ઘસતી મૃગી) મારે ચીતરવી છે. આ તે દઢ-વિશ્વાસનું કાવ્ય કે કંડૂએ જન્માવેલી વિવશતા!

અહીં એક બનાવ યાદ આવે છે. એક તલાટી ભાઈને વેઠિયા પાસે કાયમ ચંપી કરાવવાની ટેવ. ચંપી વગર ઊંઘ જ ન આવે. સામાન્ય રીતે તલાટી એટલે ગામનો સત્તાધીશ; ધારેલું કરાવે. પરંતુ એ તલાટી ઉંમર થતાં નિવૃત્ત થયો તો યે પેલી કંડૂ નિવૃત્ત ન થઈ. એ તો સાંજ પડે કે પોતાનો લાગો માગે. પેલા ભાઈ હવે લાચાર અને નિરાશ હતા. કંડૂનો અજંપ એને રઘવાયો બનાવી મૂકે. અને એવી જ કોઈ અસહ્યતામાં એણે કૂવો પૂર્યો!

આ ચળ જીવલેણ બને છે એટલું જ નહિ ભટકાવ્યા પણ કરે છે. પેલા આંધળાની વાત છે ને? એ ભાઈ કિલ્લામાં પ્રવેશવા માગે. કિલ્લાને ચાર દરવાજા. કિલ્લા ફરતા ફરે, અને જ્યાં દરવાજો આવે કે હાથમાં ચળ ઊપડે. એ દીવાલનો સ્પર્શ છોડી ખંજવાળતો આગળ વધે. ચળ શમતાં પાછો સ્પર્શ કરે તો દીવાલ જ હોય! આપણે પણ જીવનમાં અનેક તક અને ઉન્નતિના માર્ગ મળે છે ત્યારે જ આવી કોઈક ચળમાં એ ગુમાવી બેસીએ છીએ એવું નથી લાગતું? છતાં કહીએ છીએ કે કોઈ ચારો નથી, માર્ગ નથી;—પેલો આંધળો કહે છે કે આ કિલ્લાને એકે દરવાજો જ નથી, તેમ.


આપણા ભારતમાં ભિન્નભિન્ન પ્રકારના દાર્શનિકો થઈ ગયા છે. તેમાં સૌથી જુદો તરી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર: **ચંપકલાલ મહેતા**



શ્રી યજ્ઞેશ શુક્લ



૧) જગતભરમાં બાહોશ પત્રકાર તમને કોણ લાગેલો?

આ પ્રશ્નનો ઉત્તર આપવા જેટલો બહોળો મારો અભ્યાસ નથી. 'મહાભારત'નો આંખે દેખ્યો અહેવાલ ધૃતરાષ્ટ્રને આપનાર 'સંજય'ને જગતનો શ્રેષ્ઠ પત્રકાર કહીએ તો! જાણીતા પત્રકાર, 'ગુજરાતીના' તંત્રી સ્વ. મણિલાલ ઇચ્છારામ દેસાઇએ 'સંજય'ને આપણા આદ્ય પત્રકાર તરીકે નિર્દેશેલા છે.

૨) થઈ ગએલા પ્રસિદ્ધ પત્રકારોમાં તમને કોના તરફ વધુ માન ઉત્પન્ન થએલું?

બંગાળના 'મૉડર્ન રિવ્યૂ'ના તંત્રી સ્વ. રામાનંદ ચૅટરજી, મદ્રાસના 'હિંદુ'ના તંત્રી સ્વ. રંગસ્વામી આયંગર ને મુંબાઈનાં 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રી સ્વ. બેન્જામિન ગાઈ હૉર્નિમૅન માટે મને સવિશેષ માન રહ્યુ છે. પહેલા બે પ્રત્યે સ્વસ્થ, સ્વચ્છ અને નીડર મંતવ્ય ને સૌમ્ય છતાં પ્રતીતિકર શૈલીમાં વિચાર પ્રદર્શન કરવા માટે; સ્વ. હૉર્નિમૅન પ્રત્યે, લેખક જુસ્સાદાર શૈલીમાં નીડર મંતવ્ય વ્યક્ત કરવા માટે.

૩) ગત પેઢીના કયા તંત્રી સાથે નિકટનો પરિચય? એ કેવા લાગેલા?

'ગુજરાતી'ના સહાયક તંત્રી સ્વ. અંબાલાલ બુલાખીરામ જાની સાથે. પત્રકારત્વના ક્ષેત્રમાં એ મારા પ્રથમ ગુરુ. સાદા, નિખાલસ અને પ્રખર વિદ્વાન છતાં તદ્દન નિરભિમાની.

૪) તમારું ઘડતર કોને આભારી?

મારું પત્રકાર તરીકેનું ખરેખરું ઘડતર તો સ્વ. શામળદાસ ગાંધીને હાથે થયું. પ્રથમ 'જન્મભૂમિ'માં, પણ પછી વિશેષ કરીને 'વંદેમાતરમ્'માં. એમણે મારી કાર્યશક્તિમાં વિશ્વાસ મૂકીને તથા પોતાની હાજરીને ગેરહાજરી બનાવીને 'વંદેમાતરમ્'નું સુકાન મને સોંપ્યું.

૫) અન્ય વ્યવસાયના મુકાબલે તંત્રીકાર્ય તમને કેવું લાગે છે?

અન્ય વ્યવસાયનો મને અનુભવ નથી; પણ આ વ્યવસાયમાં તો મને રોજ 'ક્ષણે ક્ષણે યન્નવતામુપૈતિ તદેવરૂપં રમણીયતાયાઃ'નો અનુભવ થયો છે. અને તેથી નિષ્ઠાપૂર્વક એમાં મેં મારી તમામ શક્તિઓ હમેશાં રેડી છે. કદી કંટાળો અનુભવ્યો નથી. રોજેરોજ રોમાંચ ખડા કરે એવો એ મને લાગ્યો છે ને લાગે છે.

૬) જિંદગીનો લહાવો શેમાં લાગે છે?

પ્રાપ્ત સંયોગોને અનુકૂળ થઇને સંતોષપૂર્વક કર્તવ્ય બજાવ્યાનો આનંદ માણવામાં.

૭) શુદ્ધ સાહિત્ય તમે કોને કહો છો?

જીવનને પ્રેરણા આપીને ઊર્ધ્વગામી બનાવે તે મારે મન શુદ્ધ ને સાચું સાહિત્ય છે.

૮) આજે સાચો અને તટસ્થ વિવેચક તમને કોણ લાગે છે?

બધાં જ વિવેચનોને તો હું વાંચી શકતો નથી, પરંતુ અવારનવાર જે વાંચ્યાં છે એ પરથી શ્રી અનંતરાય રાવળ તટસ્થ અને સમભાવી વિવેચક તરીકે આદરણીય લાગ્યા છે.

૯) પત્રકાર માટે આવશ્યક ગુણ કયા?

પત્રકારમાં દીર્ઘ દષ્ટિ અનિવાર્ય છે. સમાચારની સૂઝ પણ અત્યંત આવશ્યક છે. નાનકડો સંદેશો પણ દુનિયામાં મોટી ઊથલપાથલ કરનારી ઘટનાનો નિર્દેશક હોય છે; એટલે એના પરથી દીર્ઘ દષ્ટિ દાખવીને પરિસ્થિતિનું માપ કાઢી શકનાર પત્રકાર સફળ થાય છે.

૧૦) તમારું પ્રિય પુસ્તક?

શ્રીમદ્‌ભાગવત અને ભગવદ્‌ગીતા.

૧૧) ખાસ શોખ?

વાચનનો.

આવે છે કંડ્ડ્મન રૅકવ. એ પ્રખ્યાત છે એની મૌલિક ફિલસૂફીને કારણે. એ હમેશાં એક ગાડા નીચે બેસી ખંજવાળતો રહેતો—ભૂલ્યો હું, 'સારંગી વગાડતો' રહેતો! એ જ એનો પરમ આનંદ. બાકી બધું ક્ષણિક, નાશવંત. એને મતે જ્યાંજ્યાં કંડૂ ત્યાંત્યાં ઘર્ષણ, અને જ્યાંજ્યાં ઘર્ષણ ત્યાંત્યાં સર્જન. અને આ સર્જનનો આનદ તો અતુલ એટલો જ અપરિમેય હોય છે. સાચે જ રૅકવ 'કંડૂ દ્વારા આનંદ' એ સૂત્રનો દ્રષ્ટા છે.

આ કંડૂ એક વાર જાગી કે ફળ આપે જ છે. પેલા દર્ભઘાસ પેઠે એને નિર્મૂળ કરી નથી શકાતી. કંડૂમાં પ્રથમ સુખ ને પછીથી દુઃખ છે, છતાં એ ક્રિયાથી અટકી શકાતું નથી એટલી એ દુર્નિવાર ને નૈસર્ગિક છે. એને કારણે આપણામાં રહેલી સુપ્ત હિંસાનું પણ આપણું દર્શન થાય છે. પરંતુ એ હિંસા આપણા પૂરતી જ મર્યાદિત રહે છે એટલું અન્ય સૌનું સદ્‌ભાગ્ય.

નવાં પ્રકાશનો

માયાલોક: "રત્નોઓમાં બે જણ જરી વાતે વળગ્યા' અને 'અનધ્યાયના અધ્યાય' રૂપ આ, નવલકથાનાં ઘટક તત્ત્વો સમજાવવું, તથા ત્રણ ગુજરાતી નવલકથાઓ—પાટણની પ્રભુતા, દિવ્યચક્ષુ, માનવીની ભવાઈ—નાં અવલોકનો આપતું માયાલોક પ્રગટ્યું" એવી, પ્રસ્તાવનામાં આપેલી કબૂલત માત્ર નમ્રતાની દૃષ્ટિએ નહિ પણ વાસ્તવિકરીતે ય સાચી હોય એમ આ પુસ્તક વાંચતાં લાગે છે. 'પંચભૂત'ના પ્રકરણમાં નવલકથાનાં પાંચ લાક્ષણિક તત્ત્વો દર્શાવવામાં, નવલકથાઓનાં અવલોકનોમાં અને તેના સાહિત્ય-સ્વરૂપની ચર્ચામાં, શ્રી વિનોદ અધ્વર્યુ તથા કનુભાઈ જાની જેવા વિદ્વાન પ્રાધ્યાપકો પાસેથી રાખીએ તેવી અપેક્ષા સંતોષાતી નથી. આશા છે કે વિદ્યાર્થીઓને, કે જેમને માટે આ પુસ્તક લખાયું છે તેમને, વધુ ઉપકારક થઈ પડે એવી આની નવી આવૃત્તિ બહાર પડે. પ્રકાશક: એસ.બી.શાહ, અમદાવાદ-૧, પૃ. ૮૪, રૂ. ૫ાા.

કુંવરબાઈનું મામેરું-મનમુદ્રાનું કાવ્ય: પ્રેમાનંદના પ્રસિદ્ધ આખ્યાન 'કુંવરબાઈનું મામેરું'માં 'કવિકર્મની ગતિ કઈ પેરે ચાલે છે એનો પરિચય આપવાનો શ્રી ચંદ્રશંકર ભટ્ટે કરેલો આ સન્નિષ્ઠ પ્રયાસ આપણી મધ્યકાલીન કવિતામાં રહેલા ઊંચા કાવ્યત્વનો અભ્યાસ કરવા વિદ્યાર્થીઓને પ્રેરે એવો સબળ છે. અરૂઢ સમાસખચિત ભાષા દ્વારા શૈલીની ચમક આણવાનો સભાન પ્રયાસ માત્ર બાદ કરીએ તો મનમુદ્રા કાવ્યનું આ અવલોકન પણ 'મનમુદ્રા' બન્યું છે એમ નિઃશંક કહી શકાય. પ્રકાશક: સૌ. પૂર્ણિમા ભટ્ટ, ચંદ્ર કૉલોની, અમદાવાદ; પૃ. ૬૦, રૂ. ૧-૨૫.

ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ: ગુજરાતી ભાષામાં નાટ્યસાહિત્યમાં નોંધપાત્ર ઉમેરા રૂપ બની રહેનો અને સ્નાતકના વિદ્યાર્થીઓ માટે ઘણો ઉપયોગી નીવડે તેવો ગ્રંથ-લેખક શ્રી મહેશ ચોકસી. પ્રકાશક: ગુજરાત સંગીત નૃત્ય નાટ્ય અકાદમી; પૃ. ૪૪૨, પાકું પૂંઠું, રૂ. ૫-૪૫.

શૈલા મજમુદાર: પોતાના વ્યક્તિત્વને સ્ત્રી-નિરપેક્ષ રીતે પુરુષ સ્વીકારે એવી ઇચ્છા ધરાવતી એક અધ્યાપિકા સ્ત્રીનું માનસદર્શન કરાવતી શ્રી ચિનુ મોદી કૃત 'લઘુ નવલ'નામી આ કૃતિ સ્વરૂપમાં ભલે ટૂંકી વાર્તા જેવી હોય, પણ કલાકૃતિ તરીકે આસ્વાદ્ય બની છે. પ્રકા૦ જયજગત પ્રકાશન, અમદાવાદ; પૃ. ૯૧, રૂ. ૫.

મનોવેદના: સ્વભાવે અને ધંધે શિક્ષક એવા શ્રી હરખજી લક્ષ્મીરામ દવેના, ત્રણ ખંડમાં વહેંચાએલા આ કાવ્યસંગ્રહમાંનાં પ્રસંગ-કાવ્યો, ઊર્મિકાવ્યો અને રાસમાંથી 'અહલ્યા', 'ઉમા', 'વાલમની વાટડી', 'વીરપસલી', 'લોલુપ', 'ઉપશિક્ષક' આદિ કેટલીક રચનાઓ આસ્વાદ્ય નીવડે એવી છે, પણ સંગ્રહના પ્રસ્તાવનાલેખક શ્રી અનંતરાય રાવળે યોગ્ય રીતે જ કહ્યું છે એમ 'બધી પદ્યરચનાઓ સર્વાંગ સંતર્પક લાગે એમ નથી.' એથી જ એમણે સૂચવ્યું છે કે 'ગ્રંથસ્થ કરતી વેળા કડક વીણામણીની જરૂર હતી.' પ્ર. પોતે જ; રાજકોટ; પૃ. ૨૧૨, કાચું પૂઠું, રૂ. ૪-૫૦.

પ્રણવદીપ: બાલશિક્ષણમાં ૨૫-૩૦ વર્ષથી રસ લઈ રહેલાં શ્રી પ્રભાવતી બહેન પજવાણી 'જ્યોતિપ્રભા'નાં ગીતોનો સંગ્રહ. પ્ર. પોતે જ; મુકુલ ભારતી, પ્રકાશન વિભાગ, વડોદરા; પૃ. ૩૯, કિં. પોસ્ટેજ સાથે ૬૦ પૈ૦

ઉદ્દીપન: નવોદિત કવિ શ્રી મનહર ચરાડવા 'ચંદનેશ'નાં વિવિધ ભાવલક્ષી કાવ્યોનો સંગ્રહ; પ્ર. પોતે જ, અમરેલી, પૃ. ૬૬, રૂ. ૨.

વિનોબાની વાણી ભા. ૧-૨: વિનોબાજીનાં પ્રવચનો ને પુસ્તકોમાંથી વીણેલાં સુબોધક દૃષ્ટાંતોની પુસ્તિકાઓ; યજ્ઞ પ્રકાશન, હુઝરાતપાગા, વડોદરા-૧; પૃ. ૧૫૬, દરેકનો રૂ. ૧

વીણેલાં ફૂલ: 'ભૂમિપુત્ર' દશવારિકમાં ક્રમશઃ પ્રસિદ્ધ થએલી, વિવિધ ભાષાઓમાંથી લઇને ચોક્કસ આકાર-કદમાં કંડારાએલી ટૂંકી વાર્તાઓનો સંગ્રહ; યજ્ઞપ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા-૧; પૃ. ૨૦૮, રૂ. ૨.

જ્ઞાનદેવ ચિંતનિકા: મહારાષ્ટ્રમાં ભગવત અવતાર મનાતા સંત જ્ઞાનદેવનાં ઊર્મિસભર ભજનોના સંગ્રહ સાથે શ્રી વિનોબાજીએ નોંધેલી ચિંતનિકાનો 'હરિશ્ચંદ્ર' બહેનોએ કરેલો સરસ અનુવાદ, જે વિનોબાજીને મન બ્રહ્મવિદ્યાનું અતિ ઉત્તમ પુસ્તક છે. યજ્ઞ પ્રકાશન, વડોદરા-૧; પૃ. ૧૮૭, રૂ. ૧-૫૦.

યોગીશ્વર યાજ્ઞવલ્કય: સ્કંદપુરાણ તેમજ મરાઠી ગ્રંથ 'યોગીશ્વર યાજ્ઞવલ્કય' ઉપરાંત કાકાસાહેબના મુખે સાંભળેલા કથાનકના આધારે રચાએલ યાજ્ઞવલ્કયના જીવનનો એક પ્રસંગ. લે. ગોકુળભાઈ દૌ. ભટ્ટ; પ્ર. શ્રી ગોરવાળ વિદ્યોત્તેજક મંડળ ને બ્રહ્મ અભ્યુદય મંડળ, મુંબાઈ; પૃ. ૮, કિં. ૧૦ પૈસા.

છોટુ અને મોટુ: 'રમકડું' માસિકમાં છપાએલાં છોટુ-મોટુનાં પરાક્રમો દર્શાવતાં બાળકોને ગમે અને એમનાથી ભજવી શકાય એવાં, શ્રી પ્રાગજી ડોસાનાં એકાંકી નાટકોનો સંગ્રહ; પ્રકાશક પોતે જ; ૨૪, કારમાઈકલ રોડ, મુંબાઈ-૨૬; પૃ. ૧૧૨, રૂ. ૨.

રણછોડદાસ ગિરધરભાઈ: અર્વાચીન કેળવણીના જનક (અને જાણીતા વિદ્વાન કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પિતામહ) શ્રી રણછોડદાસ ગિ. ઝવેરીના વ્યક્તિત્વનાં કેળવણીકાર, ભાષાન્તરકાર, સુધારક આદિ તરીકેનાં પાસાંઓ ઉપસાવીને એમના જીવન વિષે શ્રદ્ધેય ને સમતોલ માહિતી આપતું નાનું પણ સંઘરવા લાયક ચરિત્ર. લે. પ્રા. નરોત્તમ વાળંદ; પ્ર. રામલાલ નવનીતલાલ, સુરત; પૃ. ૫૪.

શ્રી અરવિંદ જીવન: ભારતના યોગીરત્ન શ્રી અરવિંદના જીવનની ઘટનાઓ સંક્ષિપ્ત ને રસમય રીતે આલેખતું તેના અંતેવાસી સ્વ. અંબાલાલ પુરાણીએ લખેલું અધિકૃત અને ઉપયોગી ચરિત્ર; પ્ર. અરવિંદ આશ્રમ, પૉંડિચેરી; પૃ. ૩૯૨, રૂ. ૮.

ગાંધી, માર્ક્સ અને ક્રાંતિનું વિજ્ઞાન: સામાજિક ક્રાંતિ અંગે ગાંધીજી અને માર્ક્સના વિચારોનો તુલનાત્મક અભ્યાસ રજૂ કરવાના આશયથી શ્રી કૃપલાનીના 'ગાંધીજી: એક ક્રાંતિકાર' તથા 'માર્ક્સવાદ: અવૈજ્ઞાનિક અભિગમ' એ નામના બે લેખો શ્રી ભોગીલાલ ગાંધીએ અનુવાદ કરીને જે આમાં સમાવ્યા છે. તે મૂળ લેખકના ઊંડા ચિંતનનો અને અનુવાદકના રાજકીય જ્ઞાનનો પુરાવો છે. પ્ર૦ 'વિશ્વમાનવ' વતી ભોગીલાલ ગાંધી, રામજી મંદિરની પોળ, વડોદરા; પૃ. ૨૨૦, રૂ. ૫.

કલાવાર્તા

અમદાવાદમાં અખિલ હિંદ ફોટોકલા

(લેખક: લેફ. કર્નલ બલવંત ભટ્ટ)

ચેતનવાળી પ્રજા કદી પરંપરાના ખાંચાચિયામાં બંધાઈને ગંધાઈ નથી રહેતી. પ્રત્યેક ઊગતી પેઢીમાં કાંઈક નવું કરી બતાવવાનો પ્રગતિનો ઉમંગ હોય છે. એ ઉમંગ તે પ્રજા 'જીવતી' હોવાનું લક્ષણ છે. પણ તેની પાછળ સાચી સિસૃક્ષા કે તેની આગળ વિવેકની પાળ ન હોય તો કેવળ 'નવાને ખાતર નવું' કરી બતાવવાની તાલાવેલી કે નિર્જીવ અનુકરણના પરિણામે આપણને 'અભિનવતા'ને બદલે 'અળવીતરાપણું' મળી રહે છે. 'મૉડર્ન' અને 'બીટલ્સ'ના પ્રભાવ રૂપ આજે જોવા મળતા અમૂર્ત કલાના રંગ-લપેડા, અછાંદસ કવિતાનાં જોડકણાં અને ડ્રેઈન-વૉટર-પાઈપ પાટલૂનો જેવી અપ્તરંગી વેશભૂષા, એ કોઈ 'અનુભૂતિ'ની નહિ પણ 'અનુકરણ'ની નીપજ છે.

ફોટોગ્રાફીની કલા પણ અનેક શોધસર્જનોના આ યુગમાં એવી નવીનતાની તાલાવેલી વિના ન રહી શકે એ સ્વાભાવિક છે. અને તેથી જ તો, અમદાવાદની 'નિહારિકા' ફોટો-ક્લબ તરફથી ગયા માસમાં ત્યાં ભરાએલા 'અખિલ ભારત ફોટો-કલા પ્રદર્શન' માટે આવેલાં ૧૩૬ કલાકારોનાં ૬૨૭ સર્જનોમાંથી ૧૧૪ કલાકારોની ૨૩૯ કૃતિઓને પ્રદર્શન-યોગ્ય ઠરાવતાં નિર્ણાયકોને ઠીકઠીક તકેદારી રાખવી પડેલી. તેમણે પસંદગી પાછળનું પોતાનું દૃષ્ટિબિંદુ કાંઈક આ શબ્દોમાં સમજાવ્યું:

'આજે તો રેડિયો-ફોટો એ પણ જૂની વાત થઈ ગઈ છે, અને ચન્દ્રની સપાટીના ફોટોગ્રાફ આપણી સમક્ષ આવતા થયા છે. ફોટોગ્રાફીના વિજ્ઞાનની હરણફાળની સાથે જ તેને અંગેની કલાદૃષ્ટિમાં પણ નવાં પ્રસ્થાનની ફાળ જણાય છે. કૅમેરાનો આજનો વાપરનાર પણ અદ્યતન સાધનો અને અવનવી ટેકનિક દ્વારા કાંઈક 'નવું' કરી બતાવવાને થનગનતો હોય છે. ઘણાના એ થનગનાટમાં ઔચિત્ય-દૃષ્ટિની પરવા નથી હોતી. એની નેમ મોટે ભાગે માત્ર એક જ હોય છે: પોતાના અન્ય સહ-પાન્થીઓ કરતાં કાંઈક એવું 'નવું' નિપજાવવું કે જેથી જોનારને તેમાંથી પોતાની 'કલા' શોધવા માટે માથું ખજવાળવું પડે. એને જ એ 'નવી કલા'નો માપદંડ સમજે છે. તેને કલાની કોઈ વ્યાખ્યા કે વિવરણ-વિચાર ખપતાં નથી. પોતે જે કાંઈ નિપજાવે તેને સમાજે 'કલા' તરીકે સ્વીકારવી જોઈએ એવો હઠાગ્રહ તે સેવતો હોય છે. આવી ભ્રામક ખયાલાતોવાળા આ યુગના સર્જનરૂપ આવેલી સંખ્યાબંધ કૃતિઓમાંથી પ્રદર્શન-યોગ્ય ગણવા માટે, ચીલાચાલુઓની જરઠતા તેમજ નવીનોના અપ્તરંગી ઓળા, એ બનેને બાદ કરીને તંદુરસ્ત તાજગીનો એવો ગજ નિર્ણાયકોએ નજર સામે રાખ્યો છે, કે જેને પરિણામે, ચૂંટાએલી કૃતિઓ જોનારને અભિનવતાના આનંદ સાથે સ્વસ્થ રસાસ્વાદ પ્રાપ્ત થાય.'



ચિનાઈ લિલી
(કુ. છાયા બેનરજી-કલકત્તા)

સદરહુ પ્રદર્શનમાં ફોટોગ્રાફીનાં અનેકવિધ ક્ષેત્રોની કૃતિઓ—તસવીર (પોર્ટ્રેટ), પાત્રાલેખન (ફિગર-સ્ટડી), અચેતન સૌંદર્ય (સ્ટિલ લાઈફ), નિસર્ગદૃશ્યો (લૅન્ડસ્કેઈપ), મેજ-રચનાઓ (ટેબલ-ટૉપ), વનસ્પતિ ફૂલપાન અને પ્રાણી-પક્ષીનાં દર્શન (નેચર-ફ્લાવર-ઍનિમલ-બર્ડ સ્ટડીઝ), એવી નાના પ્રકારની કૃતિઓ રજૂ થઈ હતી, જેમાંની થોડી વીણીને આ પછીનાં પાનાં ઉપર આપી છે.

એ ગુચ્છમાં આગળ તરી આવતું તત્ત્વ તે ક્ષણાર્ધમાં પલટો લેતા મુખભાવ, ક્રિયાવેગ, અને છાયા-પ્રકાશની તરંગલીલાને ઝડપી લેવા માટે કલાકારે દાખવેલાં ચાપલ્ય ને રસ-દૃષ્ટિ. આધુનિક ફોટો-કલાકાર પ્રમાણભાર, સંયોજનાનું સામંજસ્ય, લય-લાલિત્ય વગેરેને ગૌણ ગણીને ફોટોગ્રાફીના બુનિયાદી તત્ત્વ રૂપ 'ક્ષણનું સૌંદર્ય' આપણને માણાવવા મથે છે.

'વિષાદની આર્દ્રતા'માં નમણી નારીની રડું રડું થતી આંખો ને ઢીલા ચહેરાની ધ્રૂજને ઝડપીને આપણી આગળ સ્થિર કરી છે. 'ચાલો બહાર ફરી આવીએ'માં ઘરનો ઉંબર વટાવતા કોઈ અજાણ્યા નવયુગલની આપણી તરફ તો માત્ર પીઠ જ છે, છતાં એમનાં પગલાંની ગતિ અને સાયુજ્યની ભંગિનું લયમાધુર્ય આપણી સમક્ષ પૂર્વાનુભવ રૂપે રેલાઈ રહે છે. 'સદ્યસ્નાતા'માં ભીંજાએલી ગરદન પરથી સરી પડતાં જલબિંદુની, સામા પ્રકાશમાં ઝડપેલી આર્દ્રતામાં પીઠના માર્દવને રમતું કર્યું છે.

બીજી બાજુ, છાયાપ્રકાશની મુલાયમ લીલા રૂપ 'ગામડાના માર્ગ'માં કલાકારે એવી ચોક્કસ દૃષ્ટિ અને સિફતથી વટેમાર્ગુ વૃંદને ઝડપ્યું છે કે જોનાર તેનાં સ્થળ, પાત્ર કે વૃક્ષનો અલગઅલગ આસ્વાદ નહિ પણ સમગ્ર વાતાવરણની આહ્લાદકતા જ માણી રહે છે. 'તડકાના સ્પર્શ'માં પણ પ્રકાશની તીવ્ર રેખાઓના બળે નિર્જીવ વૃક્ષો જીવંત બને છે.

શ્રી આર. ગોવિંદના 'લય' ચિત્રમાં માનવ-પાત્રની દોડતી છાયાકૃતિની ગતિથી છીછરા પાણીના તરંગોમાં ઊછળતો કુદરતનો અદ્‌ભુત તરવરાટ પોતાની સાથે આપણાં હૃદયને પણ નચાવે છે, બિંદુમાંથી વિરાટનો ભાવ જગાડે

(અનુસંધાન પૃ. ૧૪૭/૪ ઉપર)




કુદરતને ખોળે (સુશ્રી. ચિત્તતોષ સેન – કલકત્તા). 'બસ રિલીફ'ની યુક્તિ વડે ત્રિપરિમાણ-યુક્ત ઊંડાણ ઊમેરી ચિત્રવિષયને વધુ આટદાર બનાવ [illegible] દશ્ય ચિત્ર. ([illegible] બાજુ) છાયા પ્રકાશની [illegible] સંયોજના વડે સરસ બંધનયુક્ત વાતાવરણમાંથી બહારની મોકળાશ માણવા જતા યુગલની સુંદર છબિ. આ ચિત્રને પ્રદર્શનમાં કાંસ્યપદક મળ્યો છે.



ચાલો બહાર ફરી આવીએ (સુશ્રી પવનકુમાર ઍડવોકેટ – દિલ્હી)



ચેકુસ (વાઈ. એસ. કેળકર–અમદાવાદ) ખરબચડાં ખપાટિયાંની વાડ પાછળ લપાઇને તોફાન જોતી બાલિકાના ભર્યા ચહેરા પરના નિર્દોષ ટીખળને એક તરફથી આવતો કુંળો સૂર્યપ્રકાશ જે ઉઠાવ આપે છે એને ઝડપી લેવામાં ફોટોગ્રાફરે દાખવેલા કૌશલ જેવી જ કલાદૃષ્ટિ એણે ચિત્રના સંયોજનમાં પણ દાખવી છે.




સદ્યસ્નાતા (વામન ઠાકર–ભોપાલ) તસવીર લાગે છે તદ્દન સાદી, પણ નાહી ઊઠેલા નારીદેહની બહુ ઓછી રજૂઆતમાં પણ ફોટો-કલાકારે ચિત્રવિષયના રસળતા સૌંદર્યને પ્રતીકાત્મક રીતે તાદૃશ કર્યું છે.



ગામડાનો માર્ગ (શરદ વ્યાસ–જામનગર): પ્રદર્શનમાં રૌપ્ય પદક જીતનારું આ ચિત્ર **વહેલી સવારે** (કે સમી સાંજે) ચડતા (કે આથમતા) રમણીય તડકામાં ગુંજી ઊઠતા **ગ્રામમાર્ગનું એક** સુંદર દશ્ય છે. ચિત્રના આડા વિસ્તારમાં દૂર લંબાતા જતા માર્ગ પરનાં માનવપાત્રો ને આવતા ગાડાના કદથી વિષયનું ઊંડાણ વધતા સાથે દૂરના પ્રદેશની આછી-ઘેરી અસ્પષ્ટતાથી એક મધુરું વાતાવરણ સર્જાય છે. તડકાની કુમાશને એવી જ સુંદરતાથી આગ્રાના ફોટોગ્રાફર રાજવલ્લભ **ધરે** જમણી બાજુના ચિત્ર **'તડકાના સ્પર્શ'**માં ઝડપી છે. ચોતરફની છાયા વચ્ચે એક નાનકડા વિસ્તાર **પર** આવતા સૂર્યપ્રકાશને થોડાં તૃણ અને વૃક્ષોએ જે રીતે ઝીલ્યો **છે** તે એક પ્રકારની **સજીવતા** ઊભી કરે છે અને તડકાની **કુમળી** હૂંફનો **ભાવકને** અનુભવ કરાવે છે.





કંઈ ખોવાયું ? (સામેના પાને ડાબી બાજુ): ગામડાની પૂર્વ તરફ લંબાતી શેરીનું **વહેલી સવારનું** આ દશ્ય સ્થળ ને **સમય** બંનેની રજૂઆતમાં સચોટ સુંદર બન્યું છે. જમણી બાજુનું ચિત્ર **'લય'** તો પ્રદર્શનમાં પ્રમાણપત્ર પામેલું છે. છીછરા પાણીમાં દોડતા જતા પાત્રની પાછળ **પાણીમાં** ઊઠતા **ખળભળાટના** તરંગોને તેના પર પડતો પ્રકાશ વધુ ઓપ આપે છે. ફોટો-કલાકારે તેને યોગ્ય **કોણથી** ઝડપીને પોતાની કલાસૂઝ દાખવી છે.



ભય (ગોવિંદ ડી. આર. - ખડગપુર)

કંઈ ખોવાયું! (એસ. મુખરજી - કલકત્તા)






વિષાદની આર્દ્રતા (વિનોદ વસા - મુંબાઈ)




વાઘ (મેહદી સાફિયા - હૈદરાબાદ)

ભાવાનુરૂપ છાયા-પ્રકાશ વડે આસપાસની વિગતોને ગૌણ અને ગૂઢ રાખી ચિત્રવિષયને સચોટ ઉઠાવ આપતાં બે સુંદર ફોટોચિત્રો



ભારતની ચાર સામાન્ય ચૂંટણીઓમાં વિવિધ રાજકીય પક્ષોને લોકસભામાં (ઉપર) અને રાજ્યોની વિધાનસભાઓમાં (નીચે) મળેલી બેઠકોના તુલનાત્મક આલેખ. (અંગ્રેજી 'યોજના' ઉપરથી)





નવા ગગનની નીચે

ત્રીસી અને તે પછીના ગુજરાતી સાહિત્યના સંપર્કમાં રહેનારાઓને શ્રી ગુલાબદાસ બ્રોકરનો પરિચય આપવાની જરૂર ન હોય, અને 'કુમાર'ના વાચકોને તો ૪૦૦મા અંકમાં એમણે જ પોતાનો પરિચય વિસ્તારથી અને કાંઈક વિશિષ્ટરીતે આપ્યો હતો. એવી જ એક વિશિષ્ટ શૈલીથી તેઓ ઉપર્યુક્ત મથાળા નીચે પોતાની યુરોપયાત્રા (પી. ઈ. એન. પરિષદ પ્રસંગે કરેલી)નું રસળતું બયાન આવતા અંકથી શરૂ કરે છે. શ્રી ચન્દ્રવદન મહેતાની 'ગઠરિયાં'ની જેમ આગવી તાસીર હતી, તેમ શ્રી બ્રોકરની આ પ્રવાસમાળામાં પણ એમની ટૂંકી વાર્તાઓ જેવી એક નિરાળી ભંગિ છે, એટલું જ અત્યારે લખવું બસ થશે.

અનુસંધાન] કલાવાર્તા [પૃ. ૧૪૭/૧થી
છ, અને જીવનની ક્ષુદ્રતા તથા સંકુચિતતાને ક્ષણભર વિસારે પડાવે છે.

શ્રી હેમેન્દ્ર શાહે 'શાંતિની પ્રાર્થના' નામક ચિત્રમાં જૈન સાધ્વીઓની ત્રિમૂર્તિને તેમનાં વિશિષ્ટ ભાવસ્વરૂપમાં જે રજૂ કરી હતી, તે જોતાં ઉપાશ્રયના પ્રશાન્ત વાતાવરણમાં લાધતી આધ્યાત્મિક પ્રગાઢતાનો અનુભવ થાય. શ્રી બી.એન. એસ. દેવનાં 'કબૂતરો'-ની તસવીર જાણીબૂઝીને એવી ખૂબીથી 'આઉટ ઑાવ ફોકસ' રાખેલી કે એની પાંખોનો ફફડાટ આપણે માત્ર જોતા જ ન હોઇએ—સાથે સાંભળતા પણ હોઈએ ! આધુનિક ગતિદર્શક ફોટોગ્રાફીનો તે એક અનન્ય નમૂનો હતો.

આ બધાં તો 'બ્લૅક ઍન્ડ વ્હાઈટ' ચિત્રો હતાં. પણ પ્રદર્શનમાં રજૂ થએલી રંગીન સ્લાઇડોની રંગલીલામાં યે અવનવા તેટલા જ આહ્‌લાદક અખતરા જોવા મળ્યા. નાનાવિધ રંગભભક વેરતી એ સ્લાઇડોમાં માનવતસવીરો, નિસર્ગનાં દશ્યો, રાત્રિની રમણાઓ અને ફૂલોની બહાર મોટા પ્રમાણમાં હતી. કોઈ મૉડર્ન આર્કિટેકચરના મકાનમાં, જુદા જુદા રંગે રંગેલી ચારે દીવાલોવાળા દીવાનખાનામાં, એવા જ રંગભડકા ઉડાડતા સોફા ઉપર બેસનારને જે આનંદ થતો હશે તે માણવાની પોતાની અશક્તિ આ લખનાર કબૂલે છે, એટલે એવા પ્રકારનો આસ્વાદ કરી-કરાવી શકાય તેમ નથી.

રંગીન ફોટોગ્રાફીમાં તો કુદરતના બધા રંગવૈવિધ્ય જેટલા જ પાછા તેના હલકા-ભારે ટોનના આરોહ-અવરોહનું અફાટ ક્ષેત્ર પડ્યું હોઈ ને દષ્ટિસંપન્ન કલાકારને તો તેમાંથી ગુમાર વિનાનાં સર્જનો મળી રહે. પરંતુ બહુ ઓછી રંગીન કૃતિઓ, શરૂઆતમાં જણાવ્યું તેમ, અભિનવતાના આનંદ સાથે સંતર્પક રસાસ્વાદ કરાવે એવી નીકળી.

રુચિભેદ, અલબત્ત, રહેવાના જ; છતાં પણ એકંદરે આ પ્રદર્શન સામાન્ય માનવીને ફોટોગ્રાફીની વિશાળ રસસૃષ્ટિ પ્રત્યે અભિમુખ કરવા સાથે નવા પ્રસ્થાનના પ્રેમીને પણ સંતોષ આપે એવું તો એકંદરે બની જ રહેલું; અને એમાં જ એની સાર્થકતા હતી.

રા. બ. ધુરંધર જન્મ-શતાબ્દી

મહારાષ્ટ્ર શાસનના કલાસંચાલનાલયે હમણાં જેમની જન્મ-શતાબ્દી ઊજવી એ રાવબહાદુર માધવરાવ વિશ્વનાથ ધુરંધર એમના કાળના દેશવિખ્યાત ચિત્રકાર હતા. ઈ. ૧૮૬૭ની ૧૮મી માર્ચે મુંબાઈમાં એમનો




જન્મ થયો. કોલ્હાપુરની પ્રસિદ્ધ રાજારામ હાઈસ્કૂલમાં મૅટ્રિક સુધી અભ્યાસ કરી તેઓ એની પરીક્ષા આપવા મુંબાઈ આવેલા અને પછી ત્યાં જ રહી પડી ત્યાંની વિખ્યાત સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટમાં જોડાઈ જઇને એમણે ચિત્રકળાનો અભ્યાસ કર્યો. વિદ્યાર્થી તરીકેની એમની કારકિર્દી ઘણી ઉજ્જ્વળ રહી હતી. અભ્યાસ પછી પણ તેઓ એ કલાશાળામાં જ રહ્યા અને ત્યાં ઉત્તરોત્તર પ્રગતિ સાથે વિવિધ સ્થાન પામતા જઈ એમણે ચિત્રકાર અને ચિત્રશિક્ષક તરીકે ઘણી સારી કીર્તિ ને એ દરમિયાન ઘણાં પારિતોષિકો મેળવ્યાં હતાં. એ સંસ્થામાં ભારતીય સંચાલક તરીકે નિમણૂક પામનારા પણ તેઓ જ પ્રથમ હતા. એકતાળીસ વર્ષની વયે યશસ્વી કારકિર્દી બાદ તેઓ ત્યાંથી સેવાનિવૃત્ત થયા.

દેશનાં અનેક •રજવાડાં, નવી દિલ્હીના 'ઇમ્પીરીઅલ સેક્રેટરીએટ' અને છેક બકિંગહામ પૅલેસમાં એમની ચિત્રકૃતિઓ સ્થાન પામી છે. હિંદી, મરાઠી, ગુજરાતી, તેલુગુ, ઉર્દૂ ને અંગ્રેજી વગેરે ભાષાનાં સંખ્યાબંધ પ્રકાશનોમાં એમનાં ચિત્રો પ્રકટ થતાં રહેતાં. દેશભરમાં એમનો શિષ્યવર્ગ ફેલાએલો છે. શ્રી પુરુષોત્તમ વિશ્રામ માવજીના આશ્રયે પ્રકટ થતા સામયિક 'સુવર્ણમાળા'માંનાં ચિત્રો દ્વારા એમણે ગુજરાતમાં ખ્યાતિ મેળવેલી.

સાદી રહેણીકરણી અને હેતાળ સ્વભાવવડે એમણે અનેકોની ચાહના મેળવેલી. જીવનપર્યંત પોતાની કળાસેવા જારી રાખી. ૧ જૂન, ઈ. ૧૯૪૪માં નાની માંદગી બાદ તેઓ અવસાન પામ્યા. એમનાં પુત્રી કુ. અંબિકા ધુરંધરે પિતા પાસેથી કલાદીક્ષા લઇને ખાર (મુંબાઇ)-માં 'ધુરંધર કલા વિદ્યાલય' દ્વારા પિતાની એ કલાસેવાની ભાવના હજી જાગૃત રાખી છે.

શતરંજનો કોયડો

સુરેશ મોદી



A. A. TROITZKY

સ્થિતિ: 1N6/b7/8/7p/3p3k/5P2/6PK/8.

કોયડો: સફેદે રમવાનું ને ડ્રૉ મેળવવાનું.

આ સ્થિતિમાં બન્ને પક્ષે સરખાં મહોરાં અને પ્યાદાં છે પણ કાળાનું QP વજીર થાય તેમ છે. તેને સફેદ ઘોડો અટકાવી શકે તેમ નથી, છતાં તે ડ્રૉ મેળવે છે.

શતરંજના કોયડાનો ઉકેલ

ઉકેલ: 1 N–B6, P–Q6.

અહીં કાળો ઊંટને બચાવવા 1..., B–B4, રમે તો 2 N×P, B×N પછી સફેદ પાસે જે બે પ્યાદાં છે તે ન હોય તો પણ રમત ડ્રૉ થાય. (અહીં નિયમ એ છે કે રાજા સામે રાજા, ઊંટ અને RP હોય તોપણ જો RP જે ખાના ઉપર વજીર થવાનો સંભવ હોય તે રંગના ખાના ઉપર ઊંટ આવી શકે તેવી સ્થિતિ ન હોય તો તે રમત ડ્રૉ થાય.)

2 N×B, P–Q7, 3 N–N5, P–Q8 (=Q); 4 N–B3, Q–Q3ch; 5 K–R1.

હવે કાળો રાજા ચાલી શકે તેમ નથી કારણ કે 5..., K–N6 કે K–N4 પછી 6 N–K4ch અને 7 N×Qથી સફેદ જીતે. એટલે તેણે વજીર ચાલવો જ રહ્યો અને તે પણ શેહ આપી શકે તેમ નથી.

5..., Q–any; 6 N–K4!

હવે જો કાળો વજીર આઠમી હરોળ ઉપરથી શેહ આપે તો સફેદ રાજા R2 ઉપર જઇને P–N3થી મ્હાતની ધમકી આપે છે માટે તેને પાછો પહેલી હરોળ ઉપર ધકેલવો પડે છે.

રાજાની મદદ વિના એકલા વજીરથી મ્હાત થઈ શકે નહિ અને રાજા તો કેદમાં છે તેથી અહીં સફેદ ડ્રૉ મેળવે છે.

સંસ્કારપ્રેમીની ડાયરી

ભારતના વિશ્વવિખ્યાત સિતારવાદક રવિશંકર ન્યૂ યૉર્કની સિટી કૉલેજમાં સંગીતના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે નિમાયા છે. તેઓ પૂર્વના સંગીતના ઇતિહાસ અને સિદ્ધાંતનું શિક્ષણ આપશે. અલીઅકબરખાં પછી આ પ્રકારનું બહુમાન પામનાર તેઓ પહેલા જ છે.

ઇટલીના રીવિએરાના લૅવેન્ટોમાં કોયડા-નિષ્ણાતો એકત્ર થાય છે. દાક્તરી, વકાલત આદિ જેવા બૌદ્ધિક સ્તરના વ્યવસાયોમાંથી આવેલા એ કોયડા-પ્રેમીઓની એ ક્લબના સભ્યો કહે છે કે સમસ્યાઓનું કદાચ કોઈ શાસ્ત્ર હોય તો ભલે રહ્યું, પરંતુ અમારે મન તો એ એક શોખ છે. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પડેલા એ કોયડા-શોખીનો રોજિંદા કામથી કંટાળી જાય ત્યારે એ ક્લબમાં જઇને કોયડાબાજી કરીને મગજ કસવા વડે પોતાનો થાક—કંટાળો દૂર કરે છે!

એ ક્લબના સભ્યો અંદરોઅંદર દરેકને તેના મૂળ નામથી નહિ પરંતુ કોયડારૂપ નામથી જ સંબોધે છે. આ કોયડા-શોખીનો તરફથી અનેક સામયિકો પણ પ્રગટ થાય છે. બાર મહિનામાં ખૂબ જ અઘરો કોયડો લાવનાર સભ્યને એ લોકો સોનાના 'સ્ફિંક્સ' (ઇજિપ્તના વિખ્યાત કોયડાશિલ્પ)ની પ્રતિમૂર્તિ ઇનામમાં આપે છે. એમનું માનવું એવું છે કે ઓડિપસ એ પ્રથમ મહાન કોયડાપ્રેમી હતો. એ પછી આવ્યો દાંતે, જેનું 'ડિવાઈન કૉમેડી' હજી પણ વણઉકેલ્યું જ રહ્યું છે.

ટેલિવિઝને ચિત્રપટ-જગતને મારી નાખ્યું છે એમ કહેવાય છે, પરંતુ છેલ્લા એક વર્ષમાં તો એણે અખબારી-જગતમાં પણ કટોકટી સર્જી હોવાનું જાણવા મળે છે. ભારતનાં અખબારો આજે ધૂમ કમાણી કરે છે, ત્યારે ફ્રાન્સ બ્રિટન, રશિયા વગેરેનાં અખબારોની કમાણી ધીરેધીરે ઘટી રહી છે. આજે બ્રિટનમાં સાધારણ રીતે દૈનિક અખબારોનું વેચાણ રવિવારે બે કરોડ ચાળીસ લાખનું અને બાકીના દિવસોએ દોઢ કરોડનું છે, તો પણ ત્યાંનાં અખબારોની કમાણી ઘટાડા પર છે!

યુરોપના અન્ય દેશોનાં Die Neue, Zurcher Zeitung, Die Welt, અને Couriers Della Sevra પણ Soir તથા Die Bilazeitung જેવાં ફ્રાન્સનાં વિચારપ્રધાન અખબારોની જેમ ઘટતા જતા વેચાણની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. ફ્રાન્સનું ફક્ત એક જ અખબાર Le Monde કમાણી કરે



હમણાં 'ટાઈમ'ના સ્થાપક હેન્રી લ્યૂસનું અવસાન થયું એ પહેલાં એના હરીફ પત્ર 'ન્યૂસવીક'નો અંક તૈયાર થઈ ગયો હતો. છતાં જેવી જાણ થઈ કે તરત 'ન્યૂસવીકે' પોતાનું તૈયાર થઈ ગએલું (ઉપર: જમણી બાજુ) પૂઠું ઊખેડાવીને તેને અંદરની બાજુએ વાળી લઇને લ્યૂસની છબિવાળું 'ટાઇમ'નું પૂઠું જ રચીને (ડાબી બાજુનું) 'ન્યૂસવીક'ના મથાળા નીચે પહેલા પૂઠા પર ગોઠવ્યું અને અખબારી આલમમાં હરીફાઈમાં પણ વિરલ બિરાદરીનાં દર્શન કરાવ્યાં.

છે, પરંતુ એની કિંમત સૌથી વધુ છે—૮ પેન્સ; અને રશિયા જેવા સામ્યવાદી દેશમાં પણ આ ફેલાવાનો ઘટાડો મૂંઝવણ ઊભી કરી રહ્યો છે. (જુઓ ગયા અંકમાં લેખ 'ઇઝવેસ્તિયા).

શ્રીનગર (કાશ્મીર)ના એક પત્રકાર-કવિ શ્રી મેહદી નઝમી, આદમ અને ઈવથી આરંભાતો અને ભારતને સ્વતંત્રતા મળી ત્યાં અંત પામતો ઇતિહાસ 'હિન્દુસ્તાન' નામના કાવ્યમાં રચી રહ્યા છે. એ જ રીતે કાશ્મીરી અને ડોગરી ભાષામાં પહેલી જ વાર મહાત્મા ગાંધીના 'સત્યના પ્રયોગો' તથા શ્રી નેહરુના 'ડિસ્કવરી ઑવ ઇન્ડિયા'નાં ભાષાંતરો પણ પ્રગટ થઈ રહ્યાં છે.

ભારતીય કલા અને સંસ્કાર ઉપર 'ગીત ગોવિંદની અસર' એ વિષય પર સંગીત નાટક અકાદમી અને લલિતકલા અકાદમીના સંયુક્ત ઉપક્રમે ૧૮ થી ૨૦ માર્ચે દિલ્હીમાં ઊજવાએલા 'ગીતગોવિંદ ઉત્સવ' પ્રસંગે સંવિવાદ યોજાએલો, ઉપરાંત સંગીત અને નૃત્યના કાર્યક્રમો તથા ૧૮મી સદીના અંતનાં બશોલી શૈલીનાં ચિત્રોનું પ્રદર્શન પણ યોજાએલું.

અખબારી આલમમાં 'પહેલ'નું મહત્ત્વ અદકું અંકાય છે. અમેરિકાનાં બે સાપ્તાહિકો 'ટાઈમ' અને 'ન્યુસવીક' એક જ ક્ષેત્ર (ન્યુસ મૅગ્ઝીન)નાં બે મજબૂત હરીફો છે, છતાં એ બંનેની સ્પર્ધા સ્વસ્થ પ્રકારની છે. ગયા મહિને 'ટાઈમ'ના સ્થાપક શ્રી હેન્રી આર. લ્યૂસનું ૬૮ વર્ષની વયે અવસાન થયું ત્યારે 'ટાઈમ' તો એને સર્વોત્તમ અંજલિ અર્પે એમાં નવાઈ નહિ, પરંતુ 'ન્યુસવીકે' પણ અખબારી આલમમાં કદાચ પહેલી વાર કહેવાય એવી બિરાદરીનાં દર્શન કરાવ્યાં. લ્યૂસનું અવસાન થયું એ પહેલાં 'ન્યુસવીક'નો અંક તૈયાર થઈ ગયો હતો, પણ જેવી એની જાણ થઈ કે તરત એણે પોતાનું તૈયાર થઈ ગએલું પૂર્ણરંગી પૂઠું ઊખેડાવીને તેને અંદરની બાજુએ વાળી લઈ, લ્યૂસની છબિવાળું 'ટાઈમ'નું જ પૂઠું 'ન્યુસવીક'ના મથાળા નીચે પ્રગટ કર્યું!

અમેરિકાના પત્રકાર-જગત (એટલે કે વર્તમાનપત્રોના તંત્રીઓ, કટાર-લેખકો, રેડિયો તથા ટેલિવિઝનના સમાચાર-વડાઓ વગેરે)માં કરાએલી એક મોજણી મુજબ અમેરિકાના 'લૂક', 'સૅટર-ડે ઇવનિંગ પોસ્ટ', 'ટાઈમ', 'ન્યુસવીક', 'લાઈફ' વગેરે સામયિકોમાં બનાવોના અહેવાલો આપવામાં સૌથી સારું ને જવાબદારીભર્યું કાર્ય કરવામાં 'ન્યુસવીક'નાં મંતવ્યોને સૌથી વધુ ટાંકવામાં આવે છે.

'ટાઇમ', 'લાઈફ', 'સ્પૉર્ટ્સ ઇલસ્ટ્રેટેડ', 'ફૉર્ચ્યુન' જેવાં પ્રથમ હરોળનાં સાપ્તાહિક-પાક્ષિક-માસિકના સ્થાપક સંચાલક શ્રી હેન્રી લ્યૂસનું અવસાન એ જેમ ગયા માસની અખબારી આલમની શોકજનક ઘટના હતી

એવી જ ઘટના જાપાનમાં 'મલ્ટી મિલિયન' (લાખોના) ફેલાવાવાળા ગણાતા દૈનિક 'માઈનીચી શિમ્બૂન'ના ભૂતપૂર્વ અધ્યક્ષ શિંગોરૌ તાકાઈશીના ૮૮ વર્ષે થએલા મૃત્યુની ગણાય.

તોકિયોમાં ૧૯૬૪ની ઑલિમ્પિક ક્રીડા-સ્પર્ધાનું આયોજન કરનાર અને એ માટેનું આમંત્રણ આપનાર તેઓ જ હતા. 'શિમ્બૂન'-ના અધ્યક્ષપદે આવ્યા પહેલાં વૉશિંગ્ટન, લંડન, મૉસ્કો જેવાં વિશ્વ-પાટનગરોમાં ખબરપત્રી તરીકે કાર્ય કરીને પછી એ જ દૈનિકના વિદેશ વિભાગના સંપાદક ને મુખ્ય સંપાદક તરીકેની જવાબદારી એમણે અદા કરેલી.

ઈ. ૧૯૬૫માં નવી દિલ્હીમાં ભરાયા પછી પ્રાચ્યવિદ્યાવિદોની આંતરરાષ્ટ્રીય પરિષદનું ૧૭મું અધિવેશન આ વર્ષે ૧૩ થી ૧૯મી ઑગસ્ટ સુધી અમેરિકામાં મિશીગન યુનિવર્સિટીમાં ભરાવાનું છે. 'એશિયન અભ્યાસ-વર્તુળ' અને 'અમેરિકન પ્રાચ્યવિદ્યા સંસદના સંયુક્ત ઉપક્રમે યોજાનાર આ અધિવેશનનું પ્રમુખસ્થાન ભારતીય પ્રાચ્યવિદ્યાના અડંગ તજ્જ્ઞ પ્રો. ડબ્લ્યુ નૉર્મન બ્રાઉન સંભાળે છે. અને એમાં ભાગ લેનારા દુનિયાના ૪૦૦ જેટલા પ્રાચ્યવિદ્યા વિશારદોમાં ભારતનું પ્રતિનિધિત્વ ડૉ. ભગવતશરણ ઉપાધ્યાય કરશે.

અધિવેશન પૂરું થયા પછી 'પૌરાણિક કાળનું દક્ષિણ એશિયા', 'ભૂતકાલીન ચીન', 'દક્ષિણ-પૂર્વ એશિયા', 'નજીકનું પૂર્વ અને ઈસ્લામિક દુનિયા', 'આધુનિક દક્ષિણએશિયા', 'આધુનિક ચીન', 'જાપાન', 'કોરિયા' વગેરે ૧૦ વિભાગોમાં એ ફરી મળશે.

શેક્સપીઅરની ૪૦૦મી જયંતી, હેઈસ્ટિંગ્સના યુદ્ધની ૯૦૦મી શતાબ્દી, બ્રિટનમાંની વિશ્વ ફૂટબૉલ સ્પર્ધા, ચર્ચિલ, વગેરેને લગતી બ્રિટનમાં બહાર પડેલી ટપાલ-ટિકિટોના આલેખક, ૩૭ વર્ષની વયના શ્રી ડેવિડ જેન્ટલમૅન ભારતની મુલાકાત લઈ રહ્યા છે, જેનો ઉદ્દેશ, ભારતમાં જન્મેલા અને ભારતને લગતી જગવિખ્યાત 'જંગલબુક'ના કર્તા નોબેલ પુરસ્કાર વિજેતા કિપ્લિંગના એ પુસ્તકનાં ચિત્રો કરવાનો છે. કિપ્લિંગની એ કૃતિ સાથે સંકળાએલા સર્વ સ્થળોની તે મુલાકાત લેશે.

આગ્રાની મેડિકલ કૉલેજના પૅથૉલોજી વિભાગના રીડર ડૉ. વી. પી. મિત્તલે ભારત સરકારના શિક્ષણ ખાતાના આશ્રયે તબીબી વિજ્ઞાનના જાણીતા પુસ્તક 'Medical Microbiology'ના ૧૦૦૦ પાનાંનો હિંદી અનુવાદ કર્યો છે, જે ત્રણેક મહિનામાં પ્રગટ થશે.

—અખબારી કટ

અન્ય પ્રકાશનો

ઓરતા: નારાયણદાસ સોલંકીનાં વિવિધ વિષય પરનાં કાવ્યોનો સંગ્રહ; પ્ર. સ્વાતિ સંસ્કાર કેન્દ્ર, ૧૪૫, ગુરુવાર પેઠ, પૂના-૨.

આદર્શ બાળક પ્રેરણાત્મક આદેશ આપતી શ્રી માતાજીની એ નામની પુસ્તિકાના શ્રી સુંદરમ્ કૃત અનુવાદની છઠ્ઠી આવૃત્તિ; પ્ર૦ ઉપર મુજબ, પૃ. ૧૭, કિં. ૨૫ પૈસા.

ધન્યભૂમિ ગુજરાત: ગુજરાતનો ઈતિહાસ, એના ઘડવૈયા, એની વન્ય તેમજ પ્રાણીની સમૃદ્ધિ, ખનિજસંપત્તિ, શિક્ષણ, સાહિત્ય આદિ વિષે માહિતી આપતી 'મુંબાઈ સમાચાર'ના તંત્રી શ્રી મિનુ બ. દેસાઈ કૃત રસમય ને ઉપયોગી પુસ્તિકા; પ્ર૦ પોતે જ, પૃ. ૩૨, રૂ. ૭૫ પૈસા.

લોકનેતા સરપંચ: સરપંચ તથા પંચાયત સભ્યોને માર્ગદર્શક થઈ પડે એવું, ગ્રામ પંચાયતો માટે આવશ્યક, હેતુલક્ષી પુસ્તક; લે. ડૉ. અંબુભાઈ ઉમેદભાઈ પટેલ; પ્ર૦ મોતીભાઈ પટેલ, ખારીઆવી; પૃ. ૬૪, રૂ. ૧-૫૦.

પશુવિજ્ઞાન: ડેરી, પશુપાલન, પશુ સંવર્ધન, પશુઓનાં આરોગ્ય આદિ વિષે માહિતી આપતું સચિત્ર પુસ્તક; લે. ડૉ. યુ. જે. પઠાણ; પ્ર. આદર્શ દુગ્ધાલય વતી કેશવભાઈ ગણેશજી પટેલ, મુંબાઈ, પૃ. ૩૦૦, રૂ. ૫.

ભારતની ભાષા-સમસ્યા: ભારતમાં જે પ્રશ્ને પ્રાણત્યાગની હદ સુધી જવા જેવી સ્થિતિ ઊભી કરી હતી એનો, વિવિધ દૃષ્ટિકોણથી ખયાલ આપતી પુસ્તિકા; લે. જયેન્દ્ર ત્રિવેદી, પ્ર. જ્ઞાન કૌશલ્ય પ્રચાર સમિતિ, ચાણસ્મા; પૃ. ૪૮, કિં. ૬૦ પૈસા.

આપણો ધ્વજ: આપણા રાષ્ટ્રીય ધ્વજની, ઉદ્ભવથી ને આજ સુધીના વિકાસની માહિતી આપતી સચિત્ર પુસ્તિકા. પ્ર. પબ્લિકેશન્સ ડિવિઝન, ભારત સરકાર, ઓલ્ડ સેક્રેટેરીએટ, દિલ્હી; પૃ. ૩૪, રૂ. ૧.

ઇશ ઉપનિષદ: એ નાના પણ ખૂબ જાણીતા ને પ્રબોધક ઉપનિષદનો, સરળ ભાષામાં વિસ્તૃત સમજૂતી સાથેનો શ્રી જુગતરામ દવેનો અનુ૦; પ્ર. નવજીવન કાર્યાલય અમદાવાદ ૧૪, પૃ. ૧૭૪ રૂ. ૧-૫૦.

બાલ મનોવિકાસ: આવતી પેઢીના સમાજધુરિણોને આજે આપણે કેવી અણઘડ રીતે ઉછેરીએ છીએ એનો ચિતાર આપીને બાળકના સાચા વિકાસ માટે એના માનસનો ખયાલ કરાવી, માબાપોએ રાખવી જોઈતી કાળજી અને દર્શાવવો જોઈતો પ્રેમ કેવાં હોવાં જોઈએ એ વિષે માનસશાસ્ત્રીય દૃષ્ટિએ માર્ગદર્શન આપતું ઘણું ઉપયોગી પુસ્તક; લે. અને પ્ર. રમણલાલ પટેલ, (સાઇકોઍનાલિસ્ટ) મુંબાઈ-૪; પૃ. ૨૦૭, રૂ. ૬-૫૦.

જોયું મેં યુરોપ: યુરોપના સ્પેઈન, ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ, જર્મની, ઑસ્ટ્રિયા આદિ દેશોની તટસ્થ બુદ્ધિથી કરેલી યાત્રાના વિગતપૂર્ણ વર્ણન સાથે તે તે દેશોની પ્રજાની ટેવો, સંસ્કાર, જોવાલાયક સ્થળો આદિ વિષે માહિતી આપતું સૌ. શ્રી મંજુલાબેન વડગામાકૃત પ્રવાસપુસ્તક પ્ર૦ લક્ષ્મી પુ. ભંડાર, ફર્નાન્ડિઝ પૂલ નીચે, અમદાવાદ-૧; પૃ. ૨૩૩, રૂ. ૬.

દ્વારકા: ગુજરાતી સાહિત્ય પરિષદના દ્વારકામાં યોજાએલા જ્ઞાનસત્ર ટાણે પ્રસિદ્ધ થએલી, દ્વારકાની ભૌગોલિક ને સાંસ્કૃતિક માહિતી આપતી સચિત્ર પુસ્તિકા; લે. પુષ્કરભાઈ ગોકાણી અને ડૉ. જયંતીલાલ ઠાકર; પ્ર૦ શ્રી ગુજરાતી સાહિત્ય પરિષદ, જ્ઞાનસત્ર સ્વાગત સમિતિ, દ્વારકા; પૃ. ૭૦, રૂ. ૧-૨૫.

સુદામાપુરી પોરબંદર: મ૦ ગાંધીજીના વતન પોરબંદરની ઐતિહાસિક, ભૌગોલિક અને સાંસ્કૃતિક માહિતી આપતું સચિત્ર પુસ્તક; લેખક નારાયણદાસ પી. ઠક્કર; પ્ર૦ પોતે જ, કૃષ્ણકુંજ ૮, જાગનાથ પ્લૉટ, રાજકોટ; પૃ. ૧૬૮, રૂ. ૨-૫૦.

વામનમાંથી વિરાટ: જવાહરલાલજીના અનુગામી તરીકે શરૂઆતમાં નાના લાગનાર, પણ પાકિસ્તાન સાથેની અથડામણ અને ત્યાગ બાદના વાતાવરણમાં પોતાનું આંતરવિત્ત પ્રગટ કરી વામનમાંથી વિરાટ બનનાર સ્વ. લાલબહાદુર શાસ્ત્રીની સફળ રાષ્ટ્રસેવાનું વ્યંગપૂર્ણ આલેખન કરતી, જાણીતા કટાક્ષકલાકાર 'ચકોર'ની લાક્ષણિક કટાક્ષ-ચિત્રાવલિ. પ્ર૦ ઇન્ડિયન બુક્સ પબ્લિશર્સ, એ/૧ પન્નાલાલ ટેરેસ, ગ્રાંટ રોડ, મુંબઈ ૭; સુંદર રૂપરંગ, પાકું પૂઠું, પૃ. ૮૦, કિં. રૂ. ૪-૮૦.

હું: ભૂપેન્દ્ર ત્રિવેદીની વાર્તાઓનો સંગ્રહ; પ્ર૦ પોતે, રાજેન્દ્ર નિવાસ, ૨૩ જાગનાથ, રાજકોટ; પૃ. ૮૦, રૂ. ૨-૨૫.

અનાગરિક ધર્મપાલ: એ નામની બૌદ્ધ વિભૂતિનાં જીવન અને કાર્યનો સંક્ષિપ્ત પરિચય; લે. ભિખ્ખુ સંઘરક્ષિત, અનુ૦ બકુલ વકીલ; પ્ર૦ બુદ્ધિસ્ટ સોસાએટી ઑવ ગુજરાત, અમદાવાદ; પૃ. ૪૬, પૈસા ૫૦.

ટંકારવ: વીર શહીદોને ભાવભીની અંજલિ આપતાં અને યુદ્ધની પ્રેરણા આપતાં સંગ્રામ ગીતો; લેખક-પ્રકાશક જમિયત પંડ્યા,

૩૬, નરહરિ કૉલોની, ગીતામંદિર રોડ, અમદાવાદ-૨૨, પૃ. ૩૨, પૈસા ૭૫.

રુદ્રમંગલ : ચીને ભારત પર કરેલા હુમલા વખતે સરહદ પર કુરબાની આપનાર ભાવનાશાળી યુવાન, અને એની યાદ ખાતર અપરિણીત રહી દીનદુઃખિયાંની સેવા કરનાર એની પ્રેમિકાની કથા; લેખિકા કુમારી મીરાં સત્યવીર 'સ્વપ્નસેવી'ની હેતુલક્ષી નવલકથા. પ્ર૦ ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., વડોદરા; પૃ. ૨૬૯, રૂ. ૪.

ત્રણ શૂરા સેનાપતિ : પાકિસ્તાન સાથેના આપણા યુદ્ધમાં યશસ્વી નીવડેલા આપણા સર સેનાપતિ અને ભૂમિદળના સેનાપતિ જે. એન. (જયંતનાથ) ચૌધરી, હવાઈ દળના વડા એર માર્શલ અર્જનસિંગ, તથા નૌકાદળના સેનાપતિ ઍડમિરલ ભાસ્કરરાવ સોમણનો ચરિત્ર ને ચારિત્ર્ય વિષયક પરિચય કરાવતી પુસ્તિકા; લે. શરદ દત્તાત્રેય વૈદ્ય, પ્ર૦ સુવિધ પ્રકાશન, મુંબાઈ-૫૮; પૃ. ૩૬, રૂ. ૦-૫૦

ગણિતમાં કાબેલ બનો : ગણિત જેવા કંટાળાજનક લાગતા વિષયને વિવિધ રીતો વડે આનંદદાયક ને જ્ઞાનલક્ષી બનાવવાના પ્રશસ્ય પ્રયાસરૂપ પુસ્તક; લે. એનાક્ષી હોરા, પ્ર૦ ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત; પૃ. ૯૬, રૂ. બે.

પ્રાણીમૈત્રીની વાતો : 'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી; પશુ છે, પંખી છે, પ્રાણી, વનોની છે વનસ્પતિ' એ (શ્રી ઉમાશંકર જોશીની) વિશ્વવાત્સલ્યભાવનાને ચરિતાર્થ કરે એવી, જુદીજુદી વ્યક્તિઓએ વિવિધ પ્રાણીઓ માટે બતાવેલી અનુકંપા, મૈત્રીભાવ અને વફાદારી આલેખતી, મૂળ જૉઈસ લૅમ્બર્ટની લખેલી સત્ય ઘટનાત્મક કથાઓનો અનુવાદ કરનાર જમુભાઈ દાણી, પ્ર૦ સુંદર સર્વોદય પ્રકાશન, તારદેવ, મુંબાઈ; પૃ૦ ૧૧૪, રૂ. ૧-૪૦.

પુષ્પ અને પરાગ : વિવિધ ચિંતકો, કવિઓ, લેખકો, સમાજસુધારકો વગેરેના સુવિચારોનો, શાળાનાં બાળકોના ચારિત્ર્યઘડતરમાં સહાયક નીવડે એ હેતુથી કરાએલો ટચુકડો ને રૂપાળો સંગ્રહ; સંપાદક–જમુભાઈ દાણી; પ્ર૦ મ. મા. પ્યુપિલ્સ ઓન સ્કૂલ અને શારદા મંદિર, ખાર, મુંબાઈ; પૃ. ૫૪.

ફૂલ અને ફોરમ : વસ્તુ, લેખક, કિંમત તેમજ પ્રકાશક ઉપર મુજબ, પૃ. ૬૪.

જગતમાં જાણવા જેવું : જ્ઞાનના તમામ વિષયોને આવરી લઈ જગતમાં સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરવા જેવી માહિતી કેટલી છે એનું સચિત્ર દર્શન કરાવતું, વિદ્યાર્થીઓ અને જિજ્ઞાસુઓ માટેનું, છોટાલાલ માનસંગ કામદાર સંચિત અત્યંત ઉપયોગી પ્રકાશન; પ્ર૦ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય; ભદ્ર, અમદાવાદ-૧; પૃ. ૧૭૬, રૂ. ૧-૨૫.

સામાન્ય જ્ઞાન : કારકુન, મામલતદાર, શિરસ્તેદાર વગેરેની ભરતી માટે ગુજરાત રાજ્યના પબ્લિક સર્વિસ કમિશન તથા એલ. આઈ. સી., રેલવે બોર્ડ, એસ.ટી. બોર્ડ, પોસ્ટ ઍન્ડ ટેલિગ્રાફ આદિ તરફથી લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને ઉપયોગી થઈ પડે એવું, સામાન્ય જ્ઞાન આપતું પુસ્તક; સંપાદક તથા પ્રકાશક 'સુધીર', માંડવીની પોળ, અમદાવાદ-૧; પૃ. ૧૮૮, રૂ. ૩.

જોબનગંગા : શ્રી પન્નાલાલ પટેલને પગલે ચાલી ગ્રામજીવનને વિષય બનાવીને લખાતી અનેક નવલકથાઓ પૈકીની શ્રી પરાજિત પટેલની આ નવલકથા માત્ર વાર્તાઓમાં રસ લેતા વાચકોને આકર્ષી શકે તો ય ગનીમત. પ્રકાશક: રૂપાલી પ્રકાશન, અમદાવાદ; પૃ. ૩૨૦, રૂ. ૭.

સ્મરણિકા : પ્રાણવિદ્યા સમી આયુર્વેદ વિદ્યાની યુનિવર્સિટીની સ્થાપના પ્રસંગે પ્રસિદ્ધ થએલા આ સંચયમાં એ સમયે દેશભરમાંથી આવેલા સંદેશાઓ ઉપરાંત ગુજરાતી અંગ્રેજી અને સંસ્કૃતમાં આયુર્વેદનું તેમજ આ યુનિવર્સિટીની સ્થાપનાનું મહત્ત્વ દર્શાવતા મનનીય લેખો આપવામાં આવ્યા છે. સુંદર છપાઈ, સાદું પણ આકર્ષક પૂઠું અને પ્રાસંગિક છબિઓ સાથેની સાર્થનામ 'સ્મરણિકા'; સં. સર્વશ્રી ગોવિંદપ્રસાદ વૈદ્ય, પ્રાગજીભાઈ રાઠોડ, ચંદ્રશેખર ઠક્કુર તથા પી. એન. વી. કુરૂપ; પ્ર૦ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર; પૃ. ૨૯૭, કિં. છાપી નથી.

Folk Dances of Gujarat : ગુજરાતના વિવિધભાગોમાં પ્રચલિત લોકનૃત્યોની પૌરાણિકતા અને વિશિષ્ટતા દર્શાવતી સુંદર પુસ્તિકા; લે. હરકાન્ત શુકલ; પ્ર. માહિતી અને પ્રવાસ ખાતું, ગુજ૦ રાજ્ય, અમદાવાદ-૧૫; પૃ. ૩૦, કિંમત છાપી નથી.

ખેડૂત-ડાયરી : ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રસિદ્ધ થતી આ માહિતી સમૃદ્ધ ડાયરી દર વર્ષની જેમ આ વર્ષે પણ ખેડૂતોને અમૂલ્યને ઉપયોગી માહિતી આપતી કૃતિ બની રહી છે. પૃ. ૨૨૪, રૂ. ૨.

કલ્કિ પ્રકાશન

વિતરક: એન. એમ. ત્રિપાઠી • મુંબાઈ-૨

અંડેરી ગંડેરી ટીપરી ટેન : બાળકોને આનંદ સાથે એકથી દશ આંકડાનું રમૂજપ્રેરક જ્ઞાન આપતું, બાર દશ્યમાં વહેંચાએલું રસભર્યું નાટક; લે. ધીરુબહેન પટેલ; પૃ. ૧૯૨, રૂ. ૫.

ટૉમસૉયરનાં પરાક્રમો ભાગ૨- જાણીતા અમેરિકન હાસ્યલેખક માર્ક ટ્વેઈનના એ નામના પુસ્તકનો શ્રી ધીરુબહેન પટેલે કરેલો અનુવાદ; પૃ. ૨૦૪, રૂ. ૪.

ભાષાન્તર-નિધિ પ્રકાશન

વિક્રેતા: બાલગોવિંદ • ગાંધીરોડ
અમદાવાદ–૧

જ્યાં ચીની સૈન્યો ત્રાટક્યાં હતાં : નેફા વિસ્તારની આદિવાસી જાતિઓ, ત્યાંનું પહાડી દુર્ગમ જીવન, એમના રીતરિવાજો, ખાનપાન, ઉત્સવો, શૌર્યગાથાઓ તથા ચીની સૈનિકોના આગમન બાદની એમની માનસિક સ્થિતિનો ચિતાર આપતા, મૂળ લેખક કુસુમ નારગોળકરના પુસ્તકનો શ્રી 'હરિશ્ચંદ્રે' કરેલો અનુવાદ; પૃ. ૨૪૭, રૂ. ૪.

કેળવણીવિચાર : અંગ્રેજ ફિલસૂફ બર્ટ્રાન્ડ રસેલના 'ઑન એડ્યુકેશન' નામના કેળવણી વિષયક ચિંતનગ્રન્થનો આજીવન શિક્ષક શ્રી મૂળશંકર મો. ભટ્ટે કરેલો અધિકૃત અનુવાદ; પૃ. ૩૨૦, રૂ. ૫.

રસાયણ–પ્રયોગાત્મક વિજ્ઞાન : નૅશનલ સાયન્સ ફાઉન્ડેશનના અનુદાનથી માધ્યમિક શાળાઓના શિક્ષકોના એક સમૂહે ત્રણ વર્ષના ગાળામાં તૈયાર કરેલા પુસ્તકનો આ અનુવાદ આપણા વિજ્ઞાન-વાઙ્મયમાં ઉપયોગી ઉમેરારૂપ છે. મૂળ લેખકો–વીસેક શાખા શિક્ષકો, અનુ. ભાસ્કરરાય માંકડ, રમણભાઈ ડાહ્યાભાઈ અને રમણભાઈ પુરુષોત્તમદાસ પટેલ; પૃ. ૫૮૦, રૂ. ૧૦.

પરિચય-પુસ્તિકાઓ

પરિચય ટ્રસ્ટ, હમામ સ્ટ્રીટ, મુંબાઈ-૧

આજની દુનિયામાં રસ ધરાવતાં ને આસપાસ શું બની રહ્યું છે તે સમજવા ઇચ્છતાં વાચકોને જરૂરી વાચન પૂરું પાડવાનો છેલ્લાં આઠ વર્ષથી પ્રશસ્ય પ્રયાસ કરી રહેલી આ સંસ્થાએ પ્રસિદ્ધ કરેલી નવી પુસ્તિકાઓ. **રૂપિયાનું અવમૂલ્યાંકન** : લે. નરોત્તમ શાહ; **ચંદ્ર પર જઇને શું કરીશું?** લે. નાનાલાલ વસા; **વિયેટનામ** લે. કે. ગોપાલન; **ઍલ્યુમિનિયમની કથા** લે. પ્રભુદાસ વિઠ્ઠલદાસ; **ચૂંટણી શી રીતે થાય છે?** લે. નગીનદાસ સંઘવી; **પંજાબ અને હરિયાણા** લે. જયંતી શુકલ; દરેકનાં પૃ. ૩૨, કિં. ૫૦ પૈસા; દર મહિને બે પુસ્તિકા, તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦.

પચ્ચીસ વર્ષ પહેલાં

અંક ૨૨૦

સીમન સીરાનિયન

• રથોદ્ધતા •

મેદની ઊલટતી સમુદ્ર શી
ધૂધવી તરણીને ડુબાડવા
ઈશુના જીવનની, અનેકમાં
કોઈ કંપિત હ્રદે વિચારતાં:
'શી વિધે શ્રમિત કાય ભાર આ
ક્રૂસનો વહી શકે?'
પડે ઈશુ
ઠોકરાઈ. તહીં મેદની મહીં
જોઈને તરુણ કોઈ, એ વદે:
'તાત, ભાર હળવો કરીશ હું?
શ્રેયભાજન જરૂર હું થશે.'
સીમને ક્રૂસ લીધો. ઈશુ ખભે
હાથ મૂકી પથ એ પૂરો કરે.
ધન્ય એમ સહપાન્થ જીવને
કોઈના થઈ વહાવવો પડે
ભાર એ ન; જીવિતવ્યસાધના.

હરિશ્ચન્દ્ર ભટ્ટ

ઈશુને સજા કરાવી વધસ્તંભ તરફ લઈ જવા ઊલટેલી ક્રૂર માનવમેદનીમાં જે થોડા લાગણીવાળા હતા તેમાંનો એક એ જુવાન હતો. વધનો સ્તંભ આરોપી પાસે ઉપડાવવાના રિવાજ મુજબ ક્રૂસ ઉપાડીને ચાલતા ઈશુ માર અને થાકથી ઠોકરાઈ પડ્યા તે વેળા સીમન તરફ જોઈ તેણે પોતાનો ભાર હળવો કરવા માગણી કરી. સીમને ક્રૂસ ઉપાડી લીધો અને ઈશુએ એને ખભે હાથ મૂકી પંથ પૂરો કર્યો. બાઈબલના આ હૃદયસ્પર્શી પ્રસંગને સૉનેટની છેલ્લી લીટીઓમાંનું જીવનસ્પર્શી વિધાન વધુ અસરકારક બનાવે છે કે એમ કોઈના જીવનમાં સહપાન્થ થઈને વહેવો પડે એ 'ભાર' નથી પણ 'જીવિતવ્યની સાધના' છે. [૩૭ એપ્રિલે ઈશુનું ક્રૂસારોહણ થએલું તે આ કાવ્યની આ અંક માટેની પ્રસંગોચિતતા. ('અવતારના સાથી' નામક ઈશુજીવન વિષેનાં બાર કાવ્યોમાંથી.)]

આધુનિક ભારતીય કલામાં નવી શૈલી અજમાવનાર તરીકે કલાજગતમાં ખ્યાત થએલા બંગાળી કલાકારનો પરિચય શ્રી રવિશંકર રાવળે આજથી પચ્ચીસ વર્ષ પર કરેલી સંસ્કારયાત્રા વેળા કરેલો, તે એ સમયના અંકમાંથી તારવીને:

"હિંદી કળાના આગેવાન વિવેચકોને જો પૂછો કે આજે હિંદી કળાની પ્રગતિના મોખરે નવીનતા કોણ સર્જી રહ્યું છે, તો મોટે ભાગે શ્રી યામિનીકુમાર રાયનું નામ દેવાશે. ગ્રામજનતાનાં કલાસ્વરૂપો અને પ્રકારોને અપનાવી તેના વ્યાકરણ પર સાદા રંગ ને રૂપનાં સર્જનો કરનાર આ કળાકારનું નામ કલાચર્ચામાં ભલે હમણાં દેખાવા લાગ્યું છે; પણ એની વીસ વર્ષની એકાંત તપશ્ચર્યાના પરિણામે એને જે સામાજિક પ્રતિષ્ઠા ને સમૃદ્ધિનો અધિકાર મળવો જોઈએ તેથી તે વંચિત જ રહ્યા છે.

નવાબી સમયથી બંગાળી ઘરોમાં સ્ત્રીઓનો પાકો મલાજો પેઠેલો છે, એટલે મુલાકાતે આવનારને ઘરના સ્ત્રીવર્ગનું દર્શન દુર્લભ રહે એવી આ તરફનાં ઘરોની રચના હોય છે. તોપણ જમનબાબુની કલાદૃષ્ટિએ નિજ ઘરને પણ નવીન રચનાથી એક સુંદર નાનું ચિત્રાલય બનાવી દીધું હતું. પ્રવેશના બારણા પર જ તેમનાં અનોખા પ્રકારનાં ચિત્રો ઉચિત રીતે ગોઠવેલાં હતાં તેની સચોટ છાપ પડી. પછી અંદર ગલી જેવી ચાલમાં થઈ પોતાની બેઠકમાં તે અમને લઈ ગયા ત્યાં સુધી બંને બાજુની ભીંતો અનેક કૃતિઓથી ભરપૂર કરી મૂકી હતી. તેમના ૧૨'×૮'ના નાનકડા દીવાનખાનામાં બંગાળી રીત મુજબ પાટ અને તકિયાની રચના હતી. ભીંતો ચિત્રોથી ખીચોખીચ ભરી હતી, પણ ગોઠવણીની ખૂબીથી તે દીપતી હતી. અજંટાની કોઈ નાની ઓરડી હોય એમ જ માની લ્યો! માત્ર કલાના સ્વરૂપના ભેદ એ હતો કે પેલી કોઈ સુવર્ણયુગની સંસ્કારભરી ચમત્કારભરી ચિત્રભાષા છે, તો અહીં ગ્રામવાસીઓને પસંદ પડતા ઘેરા રંગો અને જાડી રેખાઓનાં જુદાંજુદાં રંગમંડળોમાં વિવિધ વિધાનો રચેલાં હતાં. બીન અને સારંગીની રાગરાગણીઓની સૂક્ષ્મતા અને વનવનરાઈમાંના વાયુમાં સૂર પૂરતી વાંસળી કે ગોપની ગીત-સુરાવટમાં ભેદ છે, છતાં બંને કળાના જ પ્રકારો છે. એવો જ અનુભવ શ્રી યામિની રાયની કળામાં થયો.

બાવન જેટલી ઉમરના એ પીઢ પુરુષના મ્લાન હાસ્યે અમને અંતરનો આવકાર આપ્યો. તેમણે કહ્યું કે, 'પ્રથમ તો હું યુરોપી શૈલીનો જ ઉપાસક હતો. જે વખતે અવનીન્દ્રનાથ ટાગોરની શૈલીની બોલબાલા હતી તે વખતે હું શ્રી પર્સી બ્રાઉનના હાથ નીચે પશ્ચિમી ઢબનાં પોર્ટ્રેટ (તસવીરો) અને લૅન્ડસ્કેપ (દૃશ્યચિત્રો) કરી રહ્યો હતો. પણ આજથી વીસ વર્ષ પહેલાં મને લાગ્યું કે આપણા પ્રાંતમાં અને ગામડાંમાં લોકો જે કળાથી પોતાની રસવૃત્તિનું પોષણ મેળવે છે તે હાથ ન કરી શકાય તો આપણી આ નવી કળાના ગ્રાહકો કે પ્રશંસકો નકલી શિક્ષિતો સિવાય કાંઈ નહિ હોય. ભારતના કોઠામાંથી જે રંગ અને લાવણ્યરેખાઓ ઉત્પન્ન થયાં છે તેની ઊર્મિ અને ક્રિયા સમજી શકાય તો આજે જે ભેદ નવીન શિક્ષિતો અને ગ્રામજનતા વચ્ચે પડ્યો છે તે દૂર થાય અને રાષ્ટ્રીય સંસ્કૃતિ સમથળ બને પણ આ કળાને કોણ અપનાવે? યુનિવર્સિટીઓ અને કળાશાળાઓના વિરોધ અને બેપરવાઈની હદ નથી. કલકત્તાનાં વર્તમાનપત્રોમાં મારા માટે કોઈ સ્થાન નથી. કોઈ રડ્યાખડ્યા કલાવિવેચકો કે વિદ્વાન યુરોપિયન પ્રવાસીઓ હિંદની મૌલિક કળા શોધતા આ ગલીમાં આવે છે ત્યારે વળી કોઈકોઈ ચિત્રનું વેચાણ થાય છે. એ આવકની



ગ્રામજનતાનાં કલાસ્વરૂપો અપનાવીને તેના વ્યાકરણ ઉપર ઘેરા રંગ અને જાડી રેખાઓમાં સાદાં રૂપરંગનાં જોડકણાં યોજનાર યામિનીબાબુની કળાનો એક નમૂનો.

'ભારતના કોઠામાંથી જે રંગ અને લાવણ્યરેખાઓ ઉત્પન્ન થયાં છે તેની ઊર્મિ અને ક્રિયા સમજાય અને સ્વીકારાય તો જ આજે અભિનવ શિક્ષિતો અને જનતા વચ્ચે પડેલો ભેદ દૂર થઈ શકે.' —યામિની રાય

[પશ્ચિમની કલાશૈલીઓનું અંધ અનુકરણ કરનારા આધુનિકોની વિચારણા માટે]

મર્યાદામાં હું મારું જીવન ટકાવી રહ્યો છું.'

ગામઠી ઢબનાં તેમનાં ચિત્રો એકીસાથે જોયા પછી લાગે કે તેમણે તેમાં નવા છંદ ને લય સાધ્યાં છે. તેની મૂળ સામગ્રી મંદિરોનાં ચિત્રો, રમકડાં ને જૂનાં ઓળિયાં કે ભરતકામોમાંથી તેમણે એકઠી કરી છે. એક તરફ ટાગોર કુટુંબની વિદ્યા અને સંસ્કારસમૃદ્ધિએ પાંગરેલી, અજંતા રજપૂત મુઘલ અને ચીન જાપાનના અપાર વારસાભંડારમાંથી ઉપજાવેલી નૂતન હિંદી ચિત્રશૈલી છે, તો બીજી તરફ આ એકલા કલાવીરે જીવતી ગ્રામકળામાંથી સાદી છતાં જોરદાર ભભકદાર ચિત્રપીઠ જમાવી પરાક્રમ કર્યું છે એમાં શંકા નથી.

યુરોપની ગાંડી ને ગરબડ-ગોટાળિયા લાગતી પ્રયોગશૈલીઓને અપનાવનારા અને તેની પાછળ દ્રવ્ય તથા સમય વીતાવનારા ઘણા શોખીનો મળે છે, તો આપણા જ દેશની આમજનતામાં સહજ મૂળ પામેલી ચિત્રશૈલીને વ્યાપક રૂપ કાં ન મળે? આ સાથે આપેલા નમૂનાથી કોઈ ન સમજતા કે એમની આ નવી કળા કોઈ શક્તિના અભાવે જન્મી છે. તેમણે એક નાના ખંડમાં રાખેલાં પોતાનાં પૂર્વકાળનાં દૃશ્યચિત્રો અને તસ્વીરો બતાવ્યાં તે તેમને આધુનિક પ્રકારોમાં ઉચ્ચ સ્થાન અપાવે એવા નમૂના હતા. ઑઈલ પેઇન્ટિંગ અને વૉટર કલરનાં તેમનાં ચિત્રસંયોજનો અનેકવિધ છે. પણ આજે તો કોડિયાં-કુલડીઓમાં ગુંદર સાથે સાદી રંગભૂકીઓ મિલાવી તેમાંથી ચિત્રો સરજી તેમણે કરોડો મનુષ્યો માટે કળાકાર સુલભ અને સરળ થાય એવો તોડ કાઢ્યો છે. મારી સાથેનાં તળપદી ગુજરાતી કળાનાં ચિત્રો જોવા એમણે ઇચ્છા બતાવી તેથી બીજે દિવસે મેં તે જોવા મોકલ્યાં ત્યારે તેમણે ખૂબ હર્ષ બતાવ્યો ને જણાવ્યું કે ભાષા અને મુલકભેદ હોવા છતાં, અંતરના સંસ્કારોમાં તો આપણું એક જ છે. ભારતની કળાનો ઉદ્ગાર એક જ પ્રકારના રંગો ને લયમાં વ્યક્ત થઈ રહ્યો છે."

આને **શ્રી** અમૃતલાલ વ. પંડ્યાએ 'ભૂતકાળની શોધમાં' કરેલી સફરની માળાના મણકામાંથી ઝિંઝુવાડા વિષે:

"ઝિલ્લાણંદ બેટ પર હવે હું પર્યટન કરવા લાગ્યો. ગીચ જંગલમાં વૃક્ષો અને પક્ષીઓ સિવાય બીજું કશું દેખાતું નહોતું. એટલું જાણતો હતો કે બેટની લંબાઈ ચાર માઈલ અને પહોળાઈ બે માઈલ છે, એટલે ગમે તે બાજુએ જઈશ તો પણ થોડીક વારમાં રણને કાંઠે ક્યાંક ને ક્યાંક તો જઈ જ પહોંચીશ; ને પછી ત્યાંથી ઝિંઝુવાડાનો રસ્તો ખોળતાં વાર નહિ લાગે. એવા સંજોગોમાં હું મન ફાવે તે બાજુએ, કોઈ પણ જાતના ધ્યેય વગર, ગમે તેમ ચાલવા લાગ્યો. ક્યાંક રસ્તો અવરોધતી કોઈ ઝાડીમાંથી જમીન ઉપર સૂઈને આગળ જવું પડતું, તો ક્યાંક, આખા બેટમાં ચોમાસાના જળપ્રવાહે પાડેલી કોતરોમાં ઠેકડા મારી પંથ કાપવો પડતો. અંતે બે કલાકની રખડપટ્ટી પછી એક મકાન આવ્યું અને તેમાં ખાટલા ઉપર એક માણસ બેઠેલો મળ્યો. પૂછપરછ કરતાં જણાયું કે એ જંગલખાતાની ચોકી હતી અને બેટવાના પ્રસિદ્ધ કુંડો નજીકમાં જ હતા; એટલે હું તરત ત્યાં પહોંચ્યો.


આખા બેટના વહેળા જ્યાં એકબીજાને મળી મોટા પટનું સ્વરૂપ ધારણ કરે છે ત્યાં એક નાનુંસરખું મેદાન બની ગયું છે. આ મેદાનમાં પાકા બાંધેલા ચાર કુંડો આવેલા છે. એ જ બેટવાતીર્થ. પૌરાણિક પરંપરા પ્રમાણે સરસ્વતી નદી એ જ સ્થળે પ્રથમ વાર સમુદ્રને મળીને પછી પ્રભાસ પાટણ તરફ પશ્ચિમ મહાસાગરને મળવા આગળ જતી હતી. પાછળથી મને જણાવ્યું કે એ બેટની પશ્ચિમે પ્રાચીન કાળનો એક મોટો કોટ છે અને ત્યાં પુરાતન બંદરની પણ નિશાનીઓ છે.

ગુજરાતમાં જ નહિ પણ આખા પશ્ચિમ હિંદમાં ઝિંઝુવાડાનો કિલ્લો અનેક રીતે અગત્યનો લેખાય છે. 'કુમાર'ના ૬૩મા અંકમાં **શ્રી** હરિનારાયણ આચાર્યનો ઝિંઝુવાડા પર સચિત્ર લેખ પ્રગટ થઈ ગયો છે, એટલે એ લેખ ઉપરાંતની, રાસમાળામાં ફિન્લૉક ફૉબ્સે બીજે વિગત આપી છે તે રસપ્રદ થઈ પડશે.

'સોલંકી કાળના પ્રાચીન અવશેષોમાં અતિ મનોરંજક તો ડભોઈ અને ઝિંઝુવાડાના એક સરખા કિલ્લા છે. બંનેની બાંધણી ને શિલ્પ



ભારતના કોઠામાંથી ઉત્પન્ન થએલા રંગ અને લાવણ્યરેખાઓમાં નવા જ છંદ અને નવા જ લય સાધતી યામિનીબાબુની કલાકૃતિનો નમૂનો



ઝિંઝુવાડા કિલ્લાના દ્વારનો સંપૂર્ણ ખયાલ આપતું એક જૂનું રેખાંકન આજે તો આમાંનું કશું યે હયાત રહ્યું નથી.

સરખાં છે. ઝિંઝુવાડાના કિલ્લાનો આકાર ખરેખરો સમચોરસ છે. તેની અકેકી બાજુની લંબાઈ આશરે આઠસો વાર છે. એની ભીંતો નક્કર ગચ્છીની છે ને ઊંચાઈમાં તે પચાસ ફૂટ છે. દરેક બાજુની મધ્યમાં દરવાજો છે. કિલ્લાના અકેકા ખૂણામાં અકેકો બુરજ છે. વચલા દરવાજા અને ખૂણાના દરેક બુરજની વચ્ચે ચચ્ચાર સમચોરસ હાથણીઓ છે. કિલ્લાની ભીંત પર થોડે થોડે અંતરે કોતરકામના આડા કંદોરાનાં સુશોભનો છે. ઉપલી બાજુએ અર્ધગોળાકાર કાંગરા છે. દરવાજાઓ કોતરકામથી ઘણા સમૃદ્ધ છે.

કિલ્લાની અંદર દક્ષિણ દરવાજાની સામે જ એક ગોળાકાર તળાવ છે. તેનો વ્યાસ ત્રણસો વારનો છે. કિલ્લાની દીવાલો ઉપર ઠેકઠેકાણે महं श्री ऊदल આ વાક્ય લખેલું છે, તે ઉપરથી ધારણા થાય છે કે ઉદયનમંત્રીના ઉપરીપણા નીચે આ કિલ્લો બંધાયો હશે.

આ ગામનું નામ ઝિંઝુવાડા શા ઉપરથી પડ્યું તે વિષે કેટલા યે મતો પ્રવર્તમાન છે. અહીં એક દંતકથા એવી પણ પ્રચલિત છે કે ઝિંઝુવાડાના દક્ષિણ દરવાજા આગળ આજે રાજબાઈ માતાની દેહરી છે તે સ્થળે જ્યારે ઝિંઝુવાડા વસ્યું નહોતું ત્યારે ઝુંઝા નામના ભરવાડનો નેસ હતો. તે વખતે પાટણની રાજરાણી મીનળદેવીને બબ્બે વર્ષ થયા છતાં પ્રસૂતિ થતી નહોતી, એટલે જિંદગીથી કંટાળી રાણી દ્વારકાની જાત્રાએ જવા નીકળ્યાં અને રસ્તામાં જ્યાં ઝુંઝા ભરવાડનો નેસ હતો તેની નજીક મુકામ નાખ્યો. ઝુંઝાને રાણીના દુઃખની ખબર પડી. તે રાણીની પાસે જઈને બોલ્યો કે તમારી શૉક્યોએ કામણ કરી એક માટલીમાં પાણી ભરી તેમાં એક દેડકી નાખી, પછી એ માટલીને જમીનમાં દાટી દીધી છે. આ દેડકી જ્યાં સુધી નીકળે નહિ ત્યાં સુધી તમને પ્રસૂતિ થાય નહિ. ભરવાડે રાણીને સલાહ આપી કે તમે એવી ખોટી વાત ફેલાવો કે કુંવર અવતર્યો છે, એટલે તમારી શૉક્યો એ માટલીને, તેનું કામણ કેમ ચાલ્યું નહિ એ તપાસવા બહાર કાઢશે, અને તેમાંથી દેડકી છૂટી થશે. રાણીએ આ પ્રમાણે કર્યું ને તેની શૉક્યોએ ધારણા મુજબ માટલી કાઢી, તેમાંની દેડકી નીકળી કે તે જ ઘડીએ ઝુંઝાના નેસમાં રાણીને કુંવર અવતર્યો. આ કુંવર તે સિદ્ધરાજ જયસિંહ. ઝુંઝાના આ ઉપકારના બદલામાં રાણીએ તેના નેસ પાસે ઝિંઝુવાડા નામનું શહેર વસાવ્યું અને સિદ્ધરાજ ગાદીએ આવતાં તેણે કોટ બંધાવ્યો. આવી જ દંતકથા ડભોઈના કિલ્લા વિષે પણ પ્રસિદ્ધ છે.

ઝિંઝુવાડા ક્યારે અને કોણે વસાવ્યું તે સંબંધે હાલ કાંઈ પણ પ્રમાણભૂત માહિતી નથી. કિલ્લાના શિલ્પ ઉપરથી જણાય છે કે આ અને ડભોઇનો કિલ્લો સમકાલીન હોઈ એક જ રાજાએ બંધાવેલા હોવા જોઈએ. બંને કિલ્લાઓ સિદ્ધરાજે (ઈ. ૧૦૯૪-૧૧૪૩) પોતાના રાજ્યની પૂર્વ ને પશ્ચિમ સરહદોની ચોકી માટે બંધાવ્યા હોવાનું વિદ્વાનો માને છે.

ઐતિહાસિક મહત્ત્વ ધરાવ્યા ઉપરાંત ઝિંઝુવાડાના નગરકોટ હિંદના પુરાતત્ત્વમાં પણ એક વિશિષ્ટ સ્થાન ભોગવે છે. સુપ્રસિદ્ધ કલાવિવેચક શ્રી આનંદકુમારસ્વામી તે વિષે લખે છે: 'મધ્યયુગના કોઈ હિંદી નગરના કોટના અવશેષો સૌથી વધુ સુરક્ષિત રહ્યા હોય તો તે વડોદરાની પાસે ડભોઈ અને ગુજરાત કાઠિયાવાડના નાકે આવેલા ઝિંઝુવાડાના છે. આ અત્યંત મજબૂત ગઢ ઈ. ૧૧૦૦-ની લગભગ ગુજરાતના સોલંકી રાજાઓએ બંધાવેલા.

ઝિંઝુવાડાના ગઢના દરવાજાઓ પણ હિંદી સ્થાપત્યની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ ભોગવે છે. ફર્ગ્યુસન જણાવે છે કે એ દરવાજાઓની કમાનો શુદ્ધ દ્રાવિડ શૈલીની છે. ડભોઈના દરવાજા પણ એ જ શૈલીના હતા. આ બે ઉપરાંતના બીજા દરવાજા કાઠિયાવાડમાં ઘૂમલી, ઉત્તર હિંદમાં ગ્વાલિયર પાસે તેરહી ને દક્ષિણ હિંદમાં વિજયનગરના મળે છે.

ઝિંઝુવાડાના ગઢની રાંગેરાંગે હું ઠેઠ ઉત્તર દિશાએથી ચાલતો ચાલતો તેને દક્ષિણ દરવાજેથી બહાર નીકળી પાસેના તળાવને કાંઠે પહોંચ્યો. તળાવ ઘણું વિશાળ હોઈ પોણા માઈલનો ઘેરાવો ધરાવે છે. આકાર અમદાવાદના કાંકરિયાના જેવો ખૂણાદાર ગોળ છે."

ટિકિટસંગ્રહ



આંતરરાષ્ટ્રીય સહેલાણી વર્ષ નિમિત્તે ૧૯મી માર્ચે ભારતે બહાર પાડેલી ખાસ ટિકિટ. આ એપ્રિલમાં વિખ્યાત કલાકાર સ્વ. નંદલાલ બસુની યાદમાં પણ એક ખાસ ટિકિટ નીકળશે. વળી, મેમાં નરસિંહ મહેતાની યાદમાં, જૂનમાં મહારાણા પ્રતાપની, ઑગસ્ટમાં કેરળના આધ્યાત્મિક નેતા ને સમાજસુધારક નારાયણ ગુરુની તથા ડિસેમ્બરમાં રાષ્ટ્રીય નેતા અને ક્રાંતિકારી રાશબિહારી બસુની યાદમાં પણ ખાસ ટિકિટો બહાર પડશે. નવેમ્બરમાં ભારતમાં યોજાનારી આંતરરાષ્ટ્રીય કુસ્તી સ્પર્ધા નિમિત્તે, એક લાખ ટેલિફોનના ઉત્પાદનનો આંક વટાવવા નિમિત્તે તથા 'નેહરુ અને નાગાલૅન્ડ'ના વિચારની દ્યોતક ટિકિટો પણ આ વર્ષમાં બહાર પાડવાની જાહેરાત થઈ છે.

જગવિખ્યાત 'પેની બ્લૅક'ની વંશજ બ્રિટનની આ નવી ચાલુ ટપાલટિકિટ પરથી એની કિંમત સિવાયનું બધું જ લખાણ કાઢી નખાયું છે. આ શ્રેણીમાં બીજી ટિકિટો પણ બહાર પડશે. આ ટિકિટ પ્રથમ વાર વૉટર માર્ક વિનાના 'કોટેડ' કાગળ પર છપાઈ છે. અને આ બધી પર ફોસ્ફર લાઇન હશે. ટપાલ ટિકિટોને ઓછામાં ઓછા લખાણ સાથે વધુ આકર્ષક બનાવવાની દિશામાં બ્રિટનના આ પ્રયાસો પ્રશંસનીય છે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી-લંડન)



અનુસંધાન] **અતીતનાં પુષ્પો** [પૃ. ૧૪૪થી
રમતું તે વિષે શિખામણ આપવાની હિંમત કરતાં! રોજ રાત્રે અમે બધાં બહુ જ આનંદમાં બાજી પૂરી કરતાં. પરિણામે, આ ચાપલિયાં અને વિચિત્ર પ્રકૃતિનાં યજમાનોને ત્યાં હું ખાસ્સો સાડાત્રણ માસ રહ્યો—રહી શક્યો. પણ મારી તબિયત ત્યાં સારી ન રહી તેથી પાછો સાંતાક્રુઝ કૂચ કરી ગયો. હું જવા નીકળ્યો ત્યારે એ પતિ-પત્ની રડી પડ્યાં. એમને તો એમ જ લાગેલું કે હું એમને ત્યાં માત્ર પંદરેક દિવસ રહ્યો હતો!

અતિથિ તરીકેની મારી કસોટી કોઈને પણ કરવી હોય—મારી આવડી વયે પણ—તો હું તે કસોટીમાંથી પાર ઊતરવા તૈયાર છું. (ચાલુ)

અલવિદા વિદાય, રજા, માફી, આવજો, ફિર મિલેંગે

રંગગઠરિયાં સમાપ્તિ

લેખક
ચન્દ્રવદન મહેતા

વહાલા વાચક, આપણે બહુ મળ્યા. બહુ માયા બંધાઈ. જૂના સાહિત્યમાં આ પ્રકારનાં સંબોધનો ઘણી વાર વાંચવા મળતાં. આજે એ પ્રયોગનો ફરી વાર હોંશપૂર્વક, ઉમળકાભેર ઉપયોગ કરું છું. કેટલાં વર્ષો થયાં 'બાંધ ગઠરિયાં'થી શરૂઆત કર્યા ને ! બાઈ મીરાંએ ઉચ્ચારેલો બોલ 'ગઠરિયાં' એટલો મિઠો છે કે એ ગઠરી સાથે મારા મનની ગાંઠ બંધાઈ ગઈ; પણ મીરાંની જેમ માયાની ગઠરી ન છૂટી. મીરાં 'બાંધ ગઠરિયાં મેં તો ચલી' કહીને શાની ગઠરિયાં બાંધી ચાલી હશે? માયાની તો હોય જ નહિ. 'વહ સબ તો છોડ દિયા તોડ દિયા, સંસાર; મૈં તો ફિરત ફિરત ચલી' તો ગઠરી શાની બાંધી?

પ્રેમની, પ્રીતની. ફિરત ફિરત તો હું પણ ચાલ્યો. એણે પ્રીત સાંધા 'રાધાવર સે, નટવર નાગર સે' પણ ક્યાં મીરાં અને ક્યાં હું? મારા રાધાવર નટવર નાગર તો તમે, પ્રિય વાચક. બહુબહુ તો એમ કહી શકું કે તમારી સાથે પ્રીતનો તાંતણો સાંધ્યો, એ તાણ્યો નહિ તૂટે. છતાં કોઇને ક્યાંક માઠું ખોટું લાગ્યું હશે, કેટલાકને કોઈ વાત અઘટિત અજુગતી અરુચિકર પણ લાગી હશે. એવો વર્ગ ભલે નાનો; પરંતુ એ મહાનુભાવોની ક્ષમા માગું છું. એમની લાગણી દુભાઈ હશે, તો તે અજાણતાં દુભવી હશે. સરકારી તંત્રમાં કામ કરનારાઓ ઉપર નાટકશાળા વિષે આકરી ટીકાઓ કરી હશે, તો તે કબૂલ કરું છું કે જાણીજોઈને જ કરી છે; કારણ એ તંત્રમાં કોઇને લાગણી જેવી વસ્તુ હોતી નથી, એટલે એ દુભાવાનો સવાલ જ આડે આવતો નથી.

કેટલાકને કંટાળો પણ આવ્યો હશે; લાચાર છું. 'ફરીથી આ લખાણ ન વાંચતા' એટલું જ કહી શકું. મોટી નવલકથા જેટલું લાંબું લખાણ થયું. નવલકથા જેવાં આંટીઘૂંટીવાળાં એકધારાં ચોકઠાં વાંચવા નહિ મળ્યાં હોય, પણ નવલકથાને આંટી જાય એવાં નાટકનાં ચોકઠાં તો જરૂર મળ્યાં હશે. અને નવલકથાને પણ ભુલાવે એવા, માનસશાસ્ત્રના રંગરાગવાળા, હૂબહૂ-બન્યા જીવનવિસ્તાર પણ જાણવા મળ્યા હશે. જુઓ, ફ્રાંકની કથા, ફ્રાંકે કહેલી પેલા ખૂનીની કથા, હાઈલ બ્રાનની વહુઓની કથા, માઈકલ ઍન્જેલોની કથા, આપણી દોસ્ત ઈંગ્રીડ બર્ગમાનની કથા, ઓલી કોપનહાગનની મરમેઈડની પરીકથા, ડૉન કિહોટેની કથા,—નથી નાટક સાથે સંબંધ છતાં નાટકને યે ટપી જાય એવા, કંઈક જીવનકિસ્સા એમાં વણાયા છે. અને જાણવા માટે ઓપેરા, બાલે, નૃત્ય, વિવિધ પ્રકારના નાટકના બંધના મુદ્દાઓ પણ આમાં ઉપસાવ્યા છે. એટલે નવલકથામાં જ રાચનારાઓને અસંતોષ નહિ થયો હોય એવો અમારા મનમાં ભરોસો છે.

આપણે બહુ વાતો કરી. નટ-નાટક-નાટકશાળાઓ જોયાં, એ વિષે ચર્ચાઓ કરી, હવે પછીના જમાનાને કામ લાગે એવા પ્રકારની આજે બંધાતી અવનવીન ઇમારતો જોઈ. ઘણું જોયું, જાણ્યું, જીવડો બહેલાવ્યો, જોઈજોઈ જીવ બાળ્યો. બાકુ બર્લિન કીવ લાઈપઝિગ નૅાસી મિલાન વિયેના પારી(સ)માં ભરાએલી કંઈક કૉન્ફરંસોમાં બિરાજ્યા, ક્યાંક ભાષણો ચગાવ્યાં. બહુ જાણ્યું-માણ્યું, અને એમાંથી આપને મણાવી શકાય તે આવડ્યું એમ મણાવડાવ્યું; અને આપે રુચ્યું એમ આપની શક્તિ પ્રમાણે માણ્યું. મૅડ્રિડથી માંડી ઈસ્તંબુલ; ઉત્તરમાં ફિનલૅન્ડના હેલસિન્કીથી માંડી નીચે રોમ વેનિસ ઝાગરેબ; વચ્ચે ભારતનાં બબ્બે વિમાનો તોડી છાતી ઉપર બરફમાં ઓઢાડી રાખનાર આલ્પ્સથી માંડી ધરતીપટે રમતી કંઈક મદીલી નખરાળી તોફાની





સાગરકાંઠે ઊભો રહી લખતો, જર્મનીનો ગઈ સદીનો પ્રખ્યાત નાટકકાર હાઉપ્ટમાન અને (ડાબી બાજુ) એની પત્ની માર્ગારેટ

જાજરમાન ડાન્યુબ ર્‌હાઇન ર્‌હોન સેન એલ્બા ટેમ્સ, મેઇન, નેકર અને જરા આઘેની વૅાલ્ગા જેવી નદીઓ; લીલોતરી-મઢયાં ડુંગરખોળે તરવરતાં સરોવરો—જોયાંમાણ્યાં; ભૂમધ્ય સાગર ને સાન્ટા માર્ગારિટાના કાંઠેથી થોડા માઈલ દક્ષિણે ખેડયો; એમાં ક્યાંક ક્યાંક તો અનેક વાર સફર્યા;—આમ યુરોપ તો એક નાનકડા ઘર જેવું થઈ ગયું હતું. એમાં કોઈ ખંડમાં બ્રેનૅર, બીજામાં રોશિન્યો, ત્રીજામાં ફ્રેલિક, ચોથામાં બ્રેડા બર્ગમાન મૉરિસ જેવા કંઈક સન્મિત્રો સરભરા કરવા બેઠા જ હતા. આવી રીતે યુરોપ માણવાની આશા નહોતી. અને છતાં જોયું-જાણ્યું. એમાં ખાસ બેનમૂન થીએટરો અને દિલચસ્પ નાટકો માનમરતબા સાથે જોવાનો લહાવો મળ્યો એ માટે સરજનહાર ઈશ્વરનો, અને મને પેટે પાટા બાંધી શિક્ષણ આપનાર માતપિતાનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. અને ત્યાં ઈટલી સ્કૅાટલૅન્ડ, ઇંગ્લૅન્ડ, પૂર્વ-પશ્ચિમ જર્મની અને યુગોસ્લાવિયામાં નાટકની સૃષ્ટિમાં કામ કરનારા કોઇને પણ અદેખાઈ આવે એવા સન્મિત્રો બેઠા છે, એમનો તે કેટલો આભાર માનું? હજી અહીં બેઠા પણ કંઈનું કંઈ મોકલ્યા કરે છે. અને ત્યાં તો એમણે શું હાજર નથી કર્યું? આ બધું શાને માટે? કોઈ જૂની લેણદેણને કારણે જ. એ સિવાય મારી પાસે કશો ખુલાસો નથી. છબીઓ રેકૅાર્ડો, પુસ્તકો, આલ્બમો, ચિત્રો, નાનીમોટી તરેહતરેહની વસ્તુઓથી એમણે મને લાદી દીધો છે. અહીં અમદાવાદ જેવા માલેતુજાર શહેરમાં સારી ઓળખાણવાળા યે અરધા માઈલની 'લિફ્ટ' આપતાં અચકાય, ત્યાં સાધારણ ઓળખાણવાળા પચાસ સો માઈલની મોટર-બેઠક આપતાં અચકાયા નથી. એવુંએવું બધું યાદ કરું છું અને ભાવભીનો થઈ જાઉં છું. હાઉપ્ટમાન જર્મનીનો ગઈ સદીનો પ્રખ્યાત નાટકકાર. જે સાગરકાંઠે ઊભો રહી એ લખે, એ જગ્યાએ બાલ્ટિકકાંઠે હું અનાયાસ જઈ પહોંચ્યો હતો એની મને યાદ રહે, એટલા સારુ એ એની છબિ મને મોકલાવે; સાથે એની દેખાવડી માર્ગારેટ હાઉપ્ટમાનની છબિ પણ મોકલાવે. એવું તો ગણ્યું ગણાય નહિ એટલું મળ્યું. એ બધાંનો હું શી રીતે બદલો વાળીશ? પણ આવી ગણતરીમાં ગૂંચવાઈ પડીશ તો છેડો યે ક્યારે આવશે?

લઘુકથા

ગેરસમજ

રઘુવીર ચૌધરી

માણસો સાથે ઔપચારિક વર્તન કરતા અને પાળેલાં કૂતરાં-બિલાડાંને સ્વજનોની જેમ સાચવતા ભદ્રલોકના વલણ તરફની મારી સૂગ એક દિવસ ન રહી. નાની બહેન મેઘના મને ચોંકાવી દેવા મુખ્ય દરવાજેથી ન આવતાં નદી તરફના મારા રૂમના પાછલા બારણેથી ચોરપગલે આવી રહી હતી, ત્યાં એણે ચીસ પાડી. હું દોડતો જઈને જોઉં છું તો એના હાથમાં બિલાડીનું બચ્ચું! એ બચ્ચા પાછળ પડેલો બિલાડો ચીસ સાંભળીને છટકી ગયો. મેઘનાએ ઉપાડી લઇને બચ્ચાના પગ પર હાથરૂમાલ દબાવી રાખ્યો. મેં ઇલાજ કર્યો. કન્સલ્ટિંગ ડૉક્ટર છું, પરંતુ ઘર પૂરતો સર્જન પણ રહ્યો છું.

મેઘના બીજી વાર આવી ત્યારે મારી સામેના ટેબલ પર બિલાડીના બચ્ચાને જોઈને હેરત પામી ગઈ. બિલાડીના બચ્ચાને સાજું થતાં હું કાઢી મૂકવાનો હતો, પણ ખોટો પડ્યો. મેઘના બેહદ ખુશ થઈ. જઈને એણે એના પતિને કહ્યું કે મમતા જાગી છે તેથી ભાઈસાહેબ હવે સંસારની માયામાં વહેલામોડા સપડાશે. એનો પતિ ભારે નટખટ છે. હજી યે હું સમજી શકતો નથી કે મેઘનાએ એને કેમ પસંદ કર્યો હશે? મારા જન્મદિને એ ક્યાંકથી સસલાનાં બે બચ્ચાં લઈ આવ્યો; મને ભેટ આપ્યાં. મારે મારા માળીની જવાબદારીમાં વધારો કરવો પડ્યો. શરૂઆતમાં તો ધ્યાન આપ્યું, પણ મન કાઠું કરીને પંદરેક દિવસમાં મેં એની માયા ઓછી કરી નાખી. શું કરું? સમયથી સંકળાઈ ગએલો માણસ છું. પહેલાં આકાંક્ષાઓએ અને હવે આદતે મને ફૂરસદ વિનાનો કરી નાખ્યો છે. જોકે એનો અર્થ એ નથી કે બાગમાં માળીએ છૂટાં મૂકેલાં એ ત્રણ પ્રાણીઓને સાથે રમતાં જોઈને એમની નિર્દોષ હરકતો પર હું ખુશ થતો ન હોઉં. સમય હોય તો પરસ્પર લાગણી પ્રગટ કરવાની એમની રીતો જોવા ક્ષણાર્ધ ઊભો પણ રહું.

એમના ભગવાનની કૃપાથી સસલાંના સંસારમાં બેનો વધારો થયો. એ નવી જોડી મેઘનાના પતિને ભેટ આપીને હું બદલો લેવાની તક શોધતો હતો ત્યાં એની બદલી થઈ ગઈ. થોડા દિવસમાં મેઘના પણ જશે. એટલા સમય માટે મેઘના મારી સાથે રહેવા આવી. એ મને એક વહેલી સવારે ખેંચી ગઈ અને પેલાં બચ્ચાં સાથે રમતા માળીના છોકરાને બતાવ્યો. એ પોતાનાં સસલાંનાં બચ્ચાંને ખવડાવે, એમના કાન પર હાથ ફેરવે, એને બકી ભરવા નમે, તો બીજી બાજુ બિલાડી એના ઊંચા બુશશર્ટને દાંતમાં પકડીને ખેંચે. મેં જોયું: બધાં એકમેકમાં ભળી ગયાં હતાં. મેઘનાને એનું શૈશવ યાદ આવ્યું. મારે કબૂલવું જોઈએ કે જીવનમાં અનેક વાર અહેતુક આનંદ થયો છે, પરંતુ એ પ્રસંગે થએલા આનંદથી ચડિયાતો તો કદાપિ નહિ.

મકાન વગેરેનું ગોઠવાઈ જતાં મેઘના ગઈ. એને વિદાય આપીને સ્ટેશનથી પાછો આવ્યો. ખાલી ચિત્તે પગથિયાં ચડી રહ્યો છું ત્યાં તો બિલાડી મારા પગ પાસે થઈને આગળ નીકળી ગઈ. એની પાછળ સસલું પડ્યું હતું! મારું ધ્યાન ખેંચાયું. માની લીધું કે રમે છે. ઘણી વાર આમ દોડતાં હોય છે. પણ માળીએ ઢીલા મોંએ વાત કરી કે એની બેકાળજીને લીધે રાત્રે બિલાડો ઘૂસીને બચ્ચાંને ઉપાડી ગયો. એક બચ્ચું તો બગીચાના ખૂણા પાસે મરેલું જડ્યું. એણે એના બાબાને તો સમજાવીને શાન્ત કર્યો, પણ આ સસલી બિલાડીને દોષિત માને છે. એને જંપવા દેતી નથી; પાછળ જ પડે છે.

નિર્દોષ બિલાડી કદાચ લાગણીના બંધનથી બંધાઈને ડરી ગઈ છે, મેં માન્યું. એમને છૂટાં પાડીને માળી શાંત કરે ત્યાં દસ મિનિટમાં તો પાછું એનું એ! મેં માળીને એના કામે મોકલ્યો. અને આ બે ભોળાં પ્રાણીઓ વચ્ચેની ગેરસમજ કેવી રીતે દૂર કરું એ અંગે વિચારતો રહ્યો. મેઘના અહીં હોત તો બિલાડીને એને ત્યાં મોકલી આપત. શું કરવું તે ન સૂઝતાં એક મિત્રને પૂછ્યું. એણે ઝૂના અધિકારીને પૂછ્યું. એમને પણ નવાઈ લાગી: બિલાડી સસલાથી ડરે છે! હું એ પ્રાણીઓનો અંદરોઅંદરનો સંબંધ કોઈને સમજાવી શક્યો નહિ. નછૂટકે ડ્રાઈવર સાથે સસલાંને ઝૂમાં મોકલી આપ્યાં અને બિલાડીને પહેલાંની જેમ સાચવવા માળીને કહ્યું. બિલાડીએ બીજે દિવસ પણ કંઈ ખાધું નહિ. સાંજે આવીને માળીએ કહ્યું કે બિલાડીને ખૂબ શોધી પણ ક્યાંય જડતી નથી. હું પણ આખા બાગમાં, એકેએક રૂમના ખૂણાઓમાં શોધી વળ્યો; ન મળી. મેઘનાને પત્ર લખીને મન હળવું કરવા વિચાર્યું, પરંતુ મારી આ માયા-મમતા પર એનો પતિ હસશે એવા ડરથી પેન હાથમાં લઈને હજી બેસી રહ્યો છું.

વહાલા વાચક! ખરું કહું છું: આપનાથી છૂટા પડતાં દુઃખ થાય છે. જેને કલમ ચલાવતાં આવડી, એને જતે કાળે કલમ ચલાવ્યા કરવાનો રોગ થઈ જાય છે. માયાની માફક હાથમાંથી કલમ છૂટતી જ નથી; અને વાચકને ગમે ન ગમે તો પણ એ લખ્યે જ જાય છે. જેવો આ આંગળીનો રોગ, એવો ભાષણ કરનારાઓનો જીભનો રોગ. શબ્દ-વ્યાપારમાંથી ઊંચા જ ન આવે. ઘણું લખ્યું. કંટાળો પણ આવવા માંડ્યો હશે. મારા એક ઘણા જૂના મુરબ્બી સન્મિત્રે તો હમણાં ટકોર પણ કરી હતી, કે હવે આ 'ગઠરિયાં'નો વ્યાપાર બંધ કરો. કથન બરાબર હતું. આપણે ત્યાં મોટા ભાગની વ્યક્તિઓને પોતે સર કરેલા ક્ષેત્રમાંથી યથાકાળે નિવૃત્ત થતાં આવડતું નથી. એમાં આવડતનો સવાલ નથી, જીવડો મનાવી લેવાનો સવાલ છે. ટૂંકમાં જીવ ચાલતો નથી. કોઈ ટકોર કરે એવી સ્થિતિ જ મેં શા માટે આવવા દીધી? અને હજી પણ હું રૂખસદ ન લઉં, આપ સૌને સલામ ન કરું, બે હાથ જોડી નમસ્કાર કરી વિદાય ન માગું, તો 'તેજીને ટકોરો'માંથી પણ નામ નીકળી જાય, અને ડીફાની લાયકાતમાં ગણાવું પડે; એટલે આપ સૌની વિદાય માગું છું.

અને હા, જે ભાઈબહેનોએ આ હારમાળા માટે પત્રો લખી પ્રોત્સાહન આપ્યું છે એમનો આભાર માનું છું. શ્રી બચુભાઈ રાવતે કેટલાકના બારોબાર જવાબો આપ્યા છે, એ માટે તો બરાબર, પણ તમે જાણો છો મારા દોષો? અક્ષર અટપટા, જોડણી અવળચંડી, વ્યાકરણ-વિસ્તારમાં અનુસ્વારની અછત, એવીએવી મારી કંઈક ભૂલો સુધારી મઠારી સાફ કરી એમણે આ તમારી આગળ પીરસ્યું છે, એ માટે શ્રી બચુભાઈ રાવતનો પણ આભાર માનું છું. મને હતું કે આ લેખમાળાનો છેલ્લો છપાએલો હપ્તો હું નહિ જોઉં, કારણ ઘણા મહિના આગળથી હું એમને લખાણ સુપ્રત કરતો, તો જ એમને અંકના બંધ બાંધવા અને ઘાટ બેસાડવાની ગટ પડે. અને વળી, એમના મનમાં એ પણ નિરાંત રહે કે આ લખનાર પાછા ક્યાંક ઊપડી જાય–ઉપર પણ ઊપડી જાય, (ઉપર એટલે આ ધરતીની મિટ્ટી ભેગા થઈ જાય) તો હારમાળાને આંચ ન આવે! પણ બન ગઈ; ગિરધારીલાલને લાજ રખ લી. ફિર મિલેંગે. દુનિયા વિશાળ છે, કંઈક નવું સૂઝી આવતાં, મળી આવતાં હમ ફિર આપકી ખિદમત કરેંગે. અલવિદા.*

[* અલવિદા માત્ર થોડા વખત સુધી જ. અમેરિકા જતાં પહેલાં એક તદ્દન નવતર માળાની યોજના કરતા ગયા છે; ત્યાંથી વળી નવો પ્રસ્તાવ મોકલ્યો છે. કદાચ એઓ જૂનમાં આવે તે પહેલાં જ એ શરૂ થઈ જાય, નહિતર આવ્યા પછી તો નક્કી જ—તંત્રી.]

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળાનો છેલ્લો હપતો

આહાર અને આરોગ્ય

મોટા ભાગના લોકોને પૂરતાં દૂધ કે દૂધની બનાવટો, શાકભાજી ને ફળો ન મળવાથી તેઓ આરોગ્ય અને નેમવિહીન જિંદગીના ઢસરડા ખેંચતા જોવામાં આવે છે; પણ જેઓ સાધનસંપન્ન છે તેમનો આહાર પણ સમતોલ નથી. આમાં પરદેશી ઢબછબનું અનુકરણ પણ ખોટે માર્ગે ચડાવી દે છે. પણ સમજપૂર્વક આહારવિજ્ઞાનનું નવું જ્ઞાન જો અમલી બનાવાય તો મોટો લાભ થાય. ઓછા સાધનવાળા લોકો પણ સમજપૂર્વક પોતાની ઘરેડ બદલી ખાવાની રીતમાં થોડો ફેરફાર કરે તો તેમને ય લાભ થાય. તેમને ખબર નથી હોતી કે પોષણક્ષમ ખોરાકથી શક્તિ, દક્ષતા, કાર્યક્ષમતા અને આનંદ મળે છે.

આપણા શરીરના પોષણ માટે ચાળીસ દ્રવ્યોની જરૂર છે. એમની વિશિષ્ટતા એ છે કે એ દરેક આગવીરીતે કામ કરે છે. ઉંમર, ધંધો ને શરીરના કાઠા મુજબ તેમનું પ્રમાણ જરૂરી છે. ઉષ્માંક, પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, લોહ, વિટામિન 'એ', થિયામિન, રિબોફ્લેવિન, નિયાસીન વિ૦ 'સી' ને વિ૦ 'ડી', આ દસ ઘટકોના સંતોષકારક પ્રમાણવાળો ખોરાક હોય તો બાકીનાં ત્રીસ દ્રવ્યો એમાંથી આપોઆપ મળી રહે છે. વળી આપણા શરીરની અજબ કરામત તો એ છે કે એક પોષણ-દ્રવ્યના અભાવ વખતે, બીજા દ્રવ્યમાંથી તે પોષણ મેળવી લે છે.

રોટલી અને બટાટાના આહારમાં પ્રોટીનનું ઓછું પ્રમાણ નભી શકે છે, પણ વૃદ્ધિકાળ, પ્રજનનકાળ ને સ્તન્યપાન દરમિયાન પ્રોટીનનું ઇષ્ટ પ્રમાણ હોવું જ જોઈએ. રિબોફ્લેવિનના વધારે પ્રમાણથી શરીરને થિયામિનની ન્યૂનતા વરતાતી નથી. પ્રાણિજ પ્રોટીનોમાં વિટામિન અને ખનિજ દ્રવ્યોમાં પોષણઘટકોની દૃષ્ટિએ માંસ કરતાં દૂધ શ્રેષ્ઠ છે પણ જે દૂધ પામી ન શકે તેમના માટે શુકધાન્ય ને બટાટાના પ્રોટીનો સાથે કઠોળનાં પ્રોટીન ગુણકારી નીવડે છે. નવા જ્ઞાનની દૃષ્ટિએ ખાંડના રૂપમાં લેવાતા થોડા ઉષ્માંકોના બદલે જો ફળો ખવાય તો તેનાં ખનિજો ને વિટામિનોનો શરીરને લાભ મળે છે. અને છેલ્લું, જરૂરિયાત કરતાં વધારે ખાવાથી કોઈ લાભ થતો નથી પણ લાંબા ગાળે શરીરમાં કષ્ટદાયી ચરબીનો ભરાવો થાય છે.

આહારની વિવિધ અસમતુલાઓથી આંતરિક પરિસ્થિતિ ઉપર આવી પડતા બોજ અને ખેંચથી શરીરને રક્ષવામાં કૅલ્સ્યમ નિયંતાનું કામ ઉપાડે છે. ઉંદરો ઉપરના પ્રયોગોમાં કૅલ્સ્યમનું પ્રમાણ બેવડું કરવાથી નર ને માદા બન્નેની આયુમર્યાદા લંબાઈ હતી. માદાઓમાં કૅલ્સ્યમનું પ્રમાણ ચારગણું કરવાથી તેમની પ્રજનનશક્તિ વધવા સાથે આયખામાં ઉપયોગી જીવનકાળ લંબાયો હતો.

રિબોફ્લેવિનના વધારે પ્રમાણથી શરીરનું પોષણ સુધરે છે અને કામગરી જિંદગી લંબાય છે. રિબોફ્લેવિન શરીરની રક્ષણશક્તિમાં સાધનભૂત થવા સાથે પ્રોટીન જોડે ભળવાથી સુદૃઢ આરોગ્ય પ્રાપ્ત થઇને શ્રેષ્ઠ કાઠાવાળાં અને જીવનશક્તિવાળાં બાળકો પેદા થાય છે. કૅલ્સ્યમ અને વિ૦ 'એ'થી પણ બાળકોનાં કદ ને બળ વધે છે. આ કંઈ રંગતંતુઓ કે જર્મપ્લાઝમ બદલવાથી બનતું નથી, પણ અનાગતના વિકાસને સ્પર્શતી આંતરિક પરિસ્થિતિ બદલાવાથી થાય છે.

માતાનો ખોરાક જ્યારે ઊતરતો હોય ત્યારે બાળકનું આરોગ્ય સારું નથી હોતું. સગર્ભાવસ્થામાં ખાવામાં વિવેક જાળવવાનો છે. આ વખતે બે જણા માટે ખાવાનો વિચાર ખોટો છે. જાણવા જેવું છે કે જન્મ વખતે બાળકનું વજન માતાના વજનના પંદરમા ભાગનું હોય છે. એટલે તેના સારુ મોટા માણસ જેવું ખાવું પડે એ માન્યતા ખોટી અને વજૂદ વગરની છે. હા, તેના માટે થોડો વધારે ખોરાક જરૂરી છે એ ખરું અને એટલે સગર્ભાવસ્થામાં અગાઉના કરતાં ઉષ્માંકની જરૂર વીસ ટકા જેટલી વધે છે. એટલે તે પ્રમાણમાં જ ખોરાક વધારે લેવાનો છે. ખોરાકમાં ચરબી, પ્રોટીન ને ખનિજ દ્રવ્યો અને ખાસ તો વધારે પ્રમાણમાં પ્રોટીન કૅલ્સ્યમ લોહ ને બધાં વિટામિનોની અગત્ય છે. બાળકના જન્મ-અગાઉ માતા જે પ્રમાણ ને જાતનો ખોરાક લે છે તે મુજબ સગર્ભાવસ્થા દરમિયાન અને ત્યાર બાદ તેની તબિયત જળવાય છે. વળી તે બાળકના જન્મ-સમયની સ્થિતિ ઉપર અસર ઉપજાવે છે. માતાના સંયુક્ત ને ઇષ્ટમાન ખોરાકથી સગર્ભા સ્ત્રીઓ અને બાળકોનું મૃત્યુપ્રમાણ ઘણું ઘટયું હોવાના પ્રાયોગિક હેવાલો છે. સગર્ભાવસ્થાના પાછલા મહિનાઓમાં આપેલા ખોરાકનાં જાત ને પ્રમાણ અનુસાર ધાવણનું ઉત્પાદન થાય છે. સગર્ભાના ગર્ભાશયની માંસપેશીઓ હૃદય અને યકૃતનો વિકાસ થવા માટે તેમજ ધાવણની તૈયારી આરંભ અને નિભાવ માટે પ્રોટીનની જરૂર છે. તેના યોગ્ય પ્રમાણથી શરીરમાં પાણીનો ભરાવો થતો નથી. સગર્ભાવસ્થા દરમિયાન હલકા પોષણથી ઓછા વજનનાં ને નાના કદનાં બાળકો અવતરે છે, જેમાં જિંદગીના પહેલા બે માસમાં રોગ ને મૃત્યુનું પ્રમાણ ઊંચું રહે છે.

સગર્ભાવસ્થામાં વિટામિનોની ઊણપથી માતા અને બાળક બન્ને ઉપર માઠી અસરો ઊપજે છે. વિ૦ 'એ'ની ઊણપથી ધાવણ ઓછું આવે છે. વિ૦ 'બી'ની અછતથી સગર્ભાવસ્થામાં ઉબકા-ઊલટીની સતામણી થાય છે. અપૂરતા બી-૧૨ના પ્રમાણથી રક્તક્ષય થાય છે. વિ૦ 'સી'ની ન્યૂનતાથી દાંતનાં પેઢાં ફૂલવા ઉપરાંત પ્રસવકાળનું બળ ઘટે છે. આમ, વિટામિનો માતાની જીવનક્રિયામાં ઘણો ભાગ ભજવતાં હોવાથી એમની ન્યૂનતા નિવારવા કાં તો પૂરતો ને ઇષ્ટમાન આહાર અગર તો બધાં વિટામિનોની કૅપસ્યુલ કે ગોળી લેવાં જોઇએ.

કોઈ પણ જાતના બોજમાંથી પાર ઊતરવા માટે ન્યૂનતમ પ્રમાણ કરતાં ત્રણથી દસગણાં વિ૦ 'એ', વિ૦ 'સી' ને કૅલ્સ્યમ લેવાં જરૂરી છે. વિ૦ 'સી'ના પૂરતા પ્રમાણથી ચેપી રોગ ને વિષમયતા સામે રક્ષણ મળે છે, સુદૃઢ આરોગ્ય પ્રાપ્ત થાય છે, ઉમર થવા છતાં શરીર ઘસારે પડતું નથી અને યુવાનીની લાક્ષણિકતાઓ જળવાઈ રહે છે.

આપણા દેશમાં મોટા ભાગના લોકોનો આહાર ઓછા ઉષ્માંકવાળો ને પ્રોટીનોના ઓછા પ્રમાણવાળો છે. ડૉ. વી. એન. પટવર્ધનના કથન મુજબ આપણા દેશમાં રોજિંદા પ્રોટીનનું પ્રમાણ ૧૨ ગ્રામથી માંડી ૨૧ ગ્રામ સુધીનું છે. પ્રોટીનોનું મુખ્ય સાધન શુકધાન્યો ને કઠોળ છે. પ્રાણિજ પ્રોટીન ઘણું ઓછું લેવાય છે. એફ. એ. ઓ.ના (૧૯૫૮ના) આંકડા મુજબ હિંદમાં માથા દીઠ પ્રાણિજ પ્રોટીનનું પ્રમાણ માત્ર ૫.૩ ગ્રામ છે. અમેરિકા અને ઇંગ્લંડમાં આ પ્રમાણ અનુક્રમે ૬૬ ગ્રામ અને ૪૯ ગ્રામ છે. લાંબા વખત સુધી ઓછા પ્રમાણમાં પ્રોટીન ખાવાથી શરીરમાંથી પ્રોટીનનો જથ્થો વપરાતો જાય છે ને આ ન્યૂનતા કાયમ રહેવાથી શરીરમાં રોગાવસ્થા ઊભી થાય છે. મગજ સિવાયનાં બધાં અવયવો ને પેશીઓ ક્ષીણ થાય છે, શરીરનું વજન ઘટે છે, શરીરે ભૂખમરાના સોજા આવે છે.

પ્રોટીનની ઊણપનાં ખરાં ભોગ તો ઊગતી વયનાં બાળકો બને છે. હિંદ સિવાય દુનિયાના બીજા અવિકસિત દેશોમાં જ્યાં આહારમાં

અપૂરતા પ્રમાણમાં પ્રોટીન મળે છે ત્યાં પાંચ વરસનાં થતાં સુધીમાં તો અરધાં બાળકો મરણ પામે છે અને જે જીવે છે તેમાંથી મોટા ભાગનાં શરીરે વામણાં ને નિર્બળ હોય છે. પ્રોટીન ને ઉષ્માંકથી વિશેષ તો પ્રાણિજ પ્રોટીનની ઊણપથી ઊછરતી વયનાં બાળક ક્વાસીઓરકોર નામે રોગનાં ભોગ બને છે. માનવશરીરના મગજના કુલ વજનનું નેવું ટકા વજન બાળપણની ચાર વર્ષની ઉમર સુધીમાં બંધાતું હોવાથી મગજની પૂર્ણ વૃદ્ધિ માટે પૂરતા પ્રમાણમાં પ્રોટીન જરૂરી છે.

ખોરાકમાંની ચરબીની ઊણપ કાર્બોહાઇડ્રેટ ખાદ્યોમાંથી પુરાય છે, અને તે પણ ઓછાં હોય તો શરીરનાં પ્રોટીનોમાંથી શરીર બનાવી લે છે. પણ ખોરાકમાંથી મળતાં પ્રોટીનો ઉપર તો શરીરનો મોટો આધાર છે. ખોરાકનાં ચરબી અને કાર્બોહાઇડ્રેટમાંથી શરીરમાં સાદાં એમાઈનો ઍસિડો બને છે, પણ જિંદગી ને વૃદ્ધિ માટે અતિ જરૂરી હિસ્ટીડીન જેવાં ચાર એમાઇનો ઍસિડો તો ખોરાકમાંથી જ મળે છે.

ખોરાકમાંથી મળતાં પ્રોટીનોનું પ્રમાણ ઓછું હોય તો તેની ખોટ માટે શરીરમાં એવું વ્યવસ્થાપન થઈ જાય છે કે તેનું ઇષ્ટ પ્રમાણ કહેવું મુશ્કેલ છે. પણ પોષણવિજ્ઞાનીઓનું કહેવું છે કે ખોરાકના કુલ ઉષ્માંકોના દસથી પંદર ટકા પ્રમાણ પ્રોટીન પદાર્થોમાંથી હોવું જોઈએ.

ઉછરતી વયનાં બાળકોને પ્રાણિજ પ્રોટીનની અત્યંત અગત્ય છે. પ્રાણિજ પ્રોટીન માત્ર માંસ, મચ્છી ને ઈંડાંમાંથી મળે છે એવું પણ નથી. અન્નાહારીઓ માટે તેનું શ્રેષ્ઠ સાધન દૂધ છે. દૂધ ખાવું પરવડી ન શકે તેમના માટે વનસ્પતિજ પ્રોટીનો છે. કઠોળમાં ૨૦ થી ૨૫ ટકા જેટલા પ્રમાણમાં પ્રોટીનો છે. પુખ્ત વયના માનવીને રોજ બેથી ત્રણ ઔંસ કઠોળ ખાવું જરૂરી છે. શેકેલા ચણાનો લોટ, શેકેલી મગફળીનો ભૂકો ને ગોળની બનાવેલી ચીક્કી બાળકોને ખૂબ ગમે એવું ખાદ્ય છે. સેપરેટ દૂધ પણ ન મળે ત્યાં ક્વાસીઓરકોરના રોગીઓને ચણાનો લોટ, છાશ ને ગોળના લાડકાથી સાજા કર્યાના અહેવાલ છે. શાળામાં કે ઘેર બપોરના નાસ્તામાં બાળકોને ફણગાવેલા કે શેકેલા ચણા આપવાનો રિવાજ પાડવો જોઈએ. તલ ને મગફળીના ખોળને આપણે ઢોરનું ખાણું ગણીએ છીએ, પણ એમાં ૫૦ ટકા જેટલું પ્રોટીન રહેલું છે. એના ભૂકાને ભાખરીના લોટ કે દાળમાં ભેળવી ખાઈ શકાય છે. એની ચટણી પણ સ્વાદિષ્ટ વાનગી બને છે.

ડૉ. એચ. સી. કોરીમાને એક છાત્રાલયના થોડાક વિદ્યાર્થીઓને રોજનું સવા શેર દૂધ આપ્યું. આનું અદ્‌ભુત પરિણામ આવ્યું; દૂધ પામનારા વિદ્યાર્થીઓ બીજાઓ કરતાં ઊંચાઈ ને વજનમાં વધવા ઉપરાંત વધારે ચપળ પણ બન્યા. તેમની માંસપેશીઓ સુદૃઢ બની, ચામડીની સ્થિતિ સુધરી, કામકાજ ને રમતગમતમાં તરવરાટ આવ્યો.

સારું પોષણ એટલે 'વધારે' ખોરાક નહિ, પણ રક્ષણદાતા ખાદ્યોનો સપ્રમાણ ને ઇષ્ટમાન આહાર. બીજા વિશ્વયુદ્ધ વેળા ઈંગ્લંડમાં અનાજની માપબંધી વખતે આ વિધાનના સત્યની પ્રતીતિ થઈ હતી. યુદ્ધ અગાઉ સર જૉન ઑર્ઈડ ઓર્ ઉંદરો ઉપરના પ્રયોગોથી સાબિત કર્યું હતું કે ત્યારના ધોરણ પ્રમાણે અંગ્રેજ પ્રજાનો આહાર પૂરતો નહોતો. યુદ્ધ દરમિયાન સરકારે એ ધ્યાનમાં રાખીને સગર્ભા ને ધાવણ આપતી સ્ત્રીઓ ને બાળકોને અતિપોષણદાયી ખોરાક આપવા માંડયો. પરિણામે યુદ્ધ, કપડાં, યોગ્ય રહેઠાણનો અભાવ, દાક્તરો ને નર્સોની તંગી તથા ઑસ્પિટલોની ઊણપની પરેશાનીભરી પરિસ્થિતિમાં પણ ઉછરતી પ્રજાનું આરોગ્ય સુધર્યું–અરે, બહેતર બન્યું.

પોષણદાયી ખોરાકથી ૧૯૩૮ થી ૧૯૪૮ સુધીમાં લંડનના વિદ્યાર્થીઓ આશરે પોણો ઈંચ ઊંચાઈમાં અને પોણાબે રતલ વજનમાં વધ્યા છે. જોકે યુદ્ધ અગાઉનો વજન અને ઊંચાઇનો સંબંધ જળવાઈ રહ્યો છે, પણ આજનાં બાળકો એમનાં માબાપ કરતાં ઊંચાં ને વજનદાર તો છે જ. અરે, ભારે કાઠાની કોઈ નવી પેઢી જ તૈયાર થઈ હોય એવું લાગે છે. યુદ્ધ બાદનાં બાળકો શારીરિક વિકાસની દૃષ્ટિએ તેમની ઉમરના પ્રમાણમાં ત્રણ મહિના જેટલાં મોટાં લાગે છે. 'પ્રજાને તેમની પાસેના સાધન પ્રમાણે નહિ પણ જરૂરત પ્રમાણે ખવડાવવું જોઇએ' એ આહારશાસ્ત્રી ઑઈડ ને ડ્રમન્ટના કથને પ્રજાના ખાવાના વલણમાં ક્રાન્તિ આણી અને તેનું ફળદાયી પરિણામ આજ પ્રત્યક્ષ થયું છે.

પોષણવિજ્ઞાનની આ શ્રુતિ છે. હજી પણ આ વિજ્ઞાન ખેડાઈ રહ્યું છે. યુવાની કરતાં બાળપણની અને પુખ્તવય કરતાં ઘડપણની પોષણની જરૂરતો જુદી છે. જીવવા માટે ખોરાકની જરૂર તો છે જ; પણ તે યોગ્ય ને પ્રમાણસર, પૂરતો ને ઇષ્ટમાન (એડિક્વેટ ને ઑપ્ટીમમ) હોય તો જ વ્યક્તિનાં વૃદ્ધિ ને વિકાસ ઝડપી બનવા સાથે યુવાનીનાં પોત ને સ્થિરતા લંબાય છે. શારીરિક અને માનસિક પૂર્ણ યોગ્યતા પ્રાપ્ત થાય છે. તંદુરસ્ત ને કાર્યક્ષમ વ્યક્તિઓ પણ રોજિંદા ખોરાકમાં પોષણદાયી આહારની આયોજના રાખે તો તેમને વધારે આરોગ્ય અને કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે.

ટૂંકામાં પૂરતા ને ઇષ્ટમાન આહારથી સુદૃઢ આરોગ્ય જળવાય છે ને આવરદા લંબાય છે. આરોગ્યપૂર્ણ જીવન હોય તો જ સુખી થવાય છે. આપણામાં કહેવત નથી?–કે 'પહેલું સુખ તે જાતે નર્યા.' આની પ્રાપ્તિ માટે 'આહાર તેવું આરોગ્ય'નું સૂત્ર જીવનમાં ઉતારવાનું છે.

(લેખમાળા સંપૂર્ણ)




હરિપુરા કોંગ્રેસમાં પ્રમુખ શ્રી સુભાષબાબુને ચાંલ્લો કરી સત્કારતા સ્વાગત ઉપપ્રમુખ શ્રી મીઠુબહેન પીટીટ. બાજુમાં સરદારશ્રી, સ્વાગત પ્રમુખ દરબાર ગોપાલદાસ અને સ્વાગત મંત્રી કલ્યાણજીભાઈ વગેરે. જમણી બાજુ ઉપર દ્વિભાષી મુંબાઈ રાજ્યના સ્પીકર તરીકે, રાજ્યપાલશ્રી શ્રી પ્રકાશ પાસે સોગંદ લેતા અને (તેની નીચેના ચિત્રમાં) ગુજરાત રાજ્ય વિધાનસભાના સ્પીકર તરીકે શ્રી કલ્યાણજીભાઈ. નીચે : શ્રી કલ્યાણજીભાઇને સન્માનવા સુરતમાં વિવિધ સંસ્થાઓ દ્વારા યોજાએલા સમારંભમાં વ્યાખ્યાન આપતા 'હરિ ૐ આશ્રમ'ના શ્રી 'મોટા' તથા માનપત્ર અર્પણ કરતા સમારંભના પ્રમુખ શ્રી રવિશંકર મહારાજ.

અનુસંધાન] **કલ્યાણજી વિઠ્ઠલભાઈ મહેતા** [પૃ. ૧૩૭થી

ફરીને હજારો દર્દીઓને પહોંચાડી. કુલ ૨૨૬ ગામોમાં ૧૦ હજારથી વધુ દર્દીઓને દવા આપવાની વ્યવસ્થા તેમણે કરી હતી. ઈ.સ. ૧૯૧૯માં સુરતમાં મળેલી સંસાર સુધારા પરિષદના તેઓ મંત્રી થયા. ઈ.સ. ૧૯૨૭માં ખેડા જિલ્લાના બોરસદ તાલુકામાં દરબાર સાહેબની સત્યાગ્રહ છાવણીમાં છ માસ રહીને તેમણે રેલરાહત કાર્ય કર્યું. ઈ.સ. ૧૯૪૨ અને ૧૯૫૬ની રેલ વેળા સુરત પ્રદેશમાં નુકસાન થયું ત્યારે દૂરદૂરનાં ગામોમાં પહોંચી જઇને કોંગ્રેસ અને આશ્રમના ફંડમાંથી તેમણે આદિવાસીઓને મદદ કરી અને તેમને હળપતિવાસ બનાવી આપ્યા. સીમળ ગામના હળપતિવાસનું ઉદ્‌ઘાટન ડૉ. રાજેન્દ્રબાબુના હસ્તે અને ચોખડ ગામના હળપતિવાસનું કસ્તૂરબાના હસ્તે થયું હતું. ઈ.સ. ૧૯૫૯ની સુરતની રેલ વેળા જિલ્લાની રાહત સમિતિમાં રહીને તેમજ કસ્તૂરબા સેવાશ્રમ તરફથી રાહત કાર્યો કર્યા. ૧૯૬૬માં માંગરોળ તાલુકાના અછતગ્રસ્ત વિસ્તારમાં શ્રમયજ્ઞ દ્વારા મદદ કરેલી.

ઈ.સ. ૧૯૩૦ની દાંડીકૂચ વેળાએ બહેનોએ સત્યાગ્રહમાં પોતાને ભાગ લેવા દેવાની ગાંધીજીને વિનંતી કરી, પણ તેમણે ના પાડી. એનું કારણ એ હતું કે સભ્ય ગણાતી અંગ્રેજ સરકાર બહેનોની હાજરીમાં લાઠીગોળીનો ઉપયોગ કરી ન શકે અને સત્યાગ્રહીઓએ બહેનોનું રક્ષણ લીધું છે એવા આક્ષેપને કારણે સત્યાગ્રહ લજવાય એ કરતાં બહેતર છે કે બહેનો સત્યાગ્રહમાં ભાગ ન લે. ગાંધીજીએ બહેનોને અન્ય સેવાકાર્ય સોંપ્યું. કસ્તૂરબા, મીઠુબહેન પીટીટ વગેરે બહેનોએ મળીને 'સ્ત્રી સ્વરાજ્ય સંઘ' સ્થાપીને દારૂ તાડી અને વિદેશી માલની દુકાનોની ચોકીનું કામ ઉપાડી લીધું. દાંડીકૂચના અરસામાં બહેનોની અનેક છાવણીઓમાંની એક મુખ્ય છાવણી મરોલીમાં હતી. ગાંધી-ઈરવીન કરાર થતાં છાવણીઓ તો ઊઠી ગઈ, પણ મરોલીની ગ્રામપ્રજાએ પ્રસંગની યાદગીરીમાં ૮ વીઘાં જમીન ભેટ આપી. ત્યાં કસ્તૂરબાના હસ્તે તા. ૧-૧૨-૧૯૩૦ના રોજ 'કસ્તૂરબા વણાટશાળા'ની સ્થાપના થઈ. સંસ્થાના મકાનનું ખાતમુહૂર્ત ગાંધીજીના હસ્તે તા. ૧૨-૬-૩૧ના રોજ થયું. ઈ. ૧૯૩૦ની બારડોલીની લડતના હીજ-





રતીઓની સારવાર અર્થે એક ફરતું દવાખાનું મંગળદાસ પકવાસા વગેરેએ શરૂ કરાવ્યું હતું. એ દવાખાનું ગ્રામ પ્રજાના લાભાર્થે અહીં સ્થાયી બન્યું. '૧૯૩૪માં કસ્તૂરબા વણાટશાળા'નું 'સેવાશ્રમ'માં પરિવર્તન, આદિવાસી બાળાઓ માટે વિદ્યાલયની સ્થાપના અને દવાખાનાના મકાનનું ઉદ્‌ઘાટન—એ સર્વનો સમારંભ તા. ૧૭-૧૦-૩૪ના રોજ સરદાર વલ્લભભાઈના પ્રમુખપદે થયો. સરદાર, પકવાસા, મીઠુબહેન અને કલ્યાણજીભાઈ 'સેવાશ્રમ'નાં ટ્રસ્ટી બન્યાં. પછી તો માનસિક ચિકિત્સાલય, હળપતિ આશ્રમશાળા, બાલવાડી, પછાત કોમનું છાત્રાલય, એમ એક પછી એક નવાં અંગો ઉમેરાતાં ગયાં. ભારતભરમાં અદ્વિતીય ગણાતા આમરોલીના માનસિક ચિકિત્સાલયનો લાભ ગુજરાત ઉપરાંત મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર ને રાજસ્થાનના લોકો પણ લે છે.

'કસ્તૂરબા સેવાશ્રમ'ના વિસ્તાર રૂપે ચાસવડ (જિ. ભરૂચ)માં





રાનીપરજ સાર્વજનિક દવાખાનું તથા આશ્રમશાળા, આંબાવાડી (જિ. ભરૂચ)માં આશ્રમશાળા તથા દવાખાનું અને કેવડી (જિ. સુરત)માં રાનીપરજ સાર્વજનિક દવાખાનું, આશ્રમશાળા તથા બાલવાડીની પ્રવૃત્તિઓ ચાલે છે. આ ઉપરાંત અન્ય સ્થળે પણ બાલવાડીઓ તથા બહેનો માટેનાં ઉદ્યોગકેન્દ્રો ને દાઈકેન્દ્રો ચાલે છે. 'કસ્તૂરબા સેવાશ્રમ'નો રજત મહોત્સવ તા. ૫-૪-'૫૬ના રોજ તે વેળાના કૉંગ્રેસ પ્રમુખ શ્રી ઉછરંગરાય ઢેબરના પ્રમુખપદે ઉજવાયો અને 'સ્વ. સયાજીરાવ માનસ ચિકિત્સાલય'નો ખાતમુહૂર્ત વિધિ તા. ૨૧-૬-૬૦ના રોજ ભારતના તે વેળાના વડા પ્રધાન જવાહરલાલ નેહરુના હસ્તે થયો. બહેનો, બાળકો અને માનસિક રોગનાં દર્દીઓની સેવા અર્થે ચાલતી આ સંસ્થાઓ મીઠુબહેન અને કલ્યાણજીભાઈની સેવાભાવનાના પ્રતીક રૂપ છે. સેવાશ્રમનાં સંચાલક મીઠુબહેનની સેવાની કદર કરીને ભારત સરકારે તેમને ૧૯૬૧માં 'પદ્મશ્રી' પદથી નવાજ્યાં હતાં.

કલ્યાણજીભાઈની સર્વ પ્રવૃત્તિઓ લોકશિક્ષણના અંગ રૂપે પ્રગટી છે. તેઓ વ્યવસાયે તેમ જ સ્વભાવે લોકશિક્ષક છે. એક કૉલેજમાં પ્રવચન કરતાં તેમણે રમૂજમાં કહેલું કે 'હું તો ધોળકા યુનિવર્સિટીનો સ્નાતક છું!' તેઓ ભલે સ્નાતક નથી થયા, છતાં તેમની દૃષ્ટિ એક પરિપક્વ મેધાના શિક્ષણશાસ્ત્રીની રહી છે. તેમણે સ્થાપેલા પાટીદાર વિદ્યાર્થી આશ્રમે અનેક ચારિત્ર્યશીલ કાર્યકરોનું ઘડતર કર્યું છે. ઈ. સ. ૧૯૩૬થી માંડીને આજ લગી તેઓ તેના ટ્રસ્ટી રહ્યા છે. વિદ્યાર્થી આશ્રમની સફળતાથી પ્રેરાઈ ને તેમણે ૧૯૫૭માં કન્યા છાત્રાલય પણ શરૂ કર્યું, જેનું ઉદ્‌ઘાટન પૂ. રવિશંકર મહારાજે કર્યું હતું.

અસહકારના આંદોલનમાં સુરત નગરપાલિકાની શાળાઓ જપ્ત થઈ ત્યારે એક જ રાતમાં ૫૦થી વધુ રાષ્ટ્રીય શાળાઓ સ્થાપીને મંત્રી તરીકે તેની કાર્યવાહી કલ્યાણજીભાઈ એ ચલાવી. ૧૯૨૦માં 'લોકમાન્ય વિનયમંદિર' નામે હાઈસ્કૂલ તેમ જ 'વિઠ્ઠલભાઈ રાષ્ટ્રીય કૉલેજ'ની સ્થાપના કરીને પોતે તેના સહમંત્રી બન્યા. ઈ.સ. ૧૯૨૧ના બારડોલી સત્યાગ્રહના સમયમાં સરકારી શાળાઓનો બહિષ્કાર કરી ગામેગામ રાષ્ટ્રીય શાળાઓ સ્થાપવામાં કુંવરજી કલ્યાણજીની બંધુબેલડીનો ફાળો મુખ્ય હતો. વળી આદિવાસીઓના ઉદ્ધારાર્થે પ્રવૃત્તિ કરવાનો ગાંધીજીનો આદેશ સ્વીકારીને કલ્યાણજીભાઈએ તા. ૫-૯-૩૧ના રોજ માંડવી તાલુકાના પુના ગામમાં મીઠુબહેન પીટીટના સહકારથી 'આદિવાસી કન્યા વિદ્યાલય' ને 'આદિવાસી છાત્રાલય'ની સ્થાપના કરી. તદુપરાંત જુગતરામભાઈના સહયોગથી ૧૯૨૫માં બારડોલીમાં 'રાષ્ટ્રીય શાળા'ની સ્થાપના કરી, જે પાછળથી વેડછી ખસેડાઈ અને બુનિયાદી તાલીમના કેન્દ્રરૂપ બની. આજે એ સંસ્થા વિશાળ વટવૃક્ષ રૂપ બની છે. પછી તો આંબાવાડી, ચાસવડ, કેવડી અને મરોલીમાં આશ્રમશાળાઓ સ્થપાઈ. કેવડીમાં તો ઉત્તર બુનિયાદી આશ્રમશાળા (હાઈસ્કૂલ) પણ ચાલે છે. કલ્યાણજીભાઈ સુરતના રાષ્ટ્રીય કેળવણીમંડળના મંત્રીપદે ૧૯૨૦ થી ૨૬ લગી રહેલા. પ્રાથમિક શિક્ષણની ઉન્નતિ અને વર્ધાયોજનાની સફળતા અર્થે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે.

જેલનિવાસનો ગાળો બાદ કરતાં ઈ.સ. ૧૯૩૭ થી '૫૨ લગી તેમણે 'જિલ્લા શાળા મંડળ'ના અધ્યક્ષપદે યશસ્વી કારકિર્દી ભોગવી. પોતાની એ કામગીરી દરમ્યાન તે રોજ મરોલીથી નીકળીને સુરત આવજા કરતા. તેમાં સવારે પટાવાળાથી યે વહેલા પહોંચી જતા અને સાંજે કારકુનોથી યે મોડા ત્યાંથી નીકળતા. અઠવાડિયામાં સોમ, બુધ ને શુક્રવારે કાર્યાલયની કામગીરી સંભાળતા અને મંગળ, ગુરુ તથા શનિવારે જિલ્લાનાં ગામોની અને શાળાઓની મુલાકાતે જતા. ગુજરાત વિદ્યાપીઠની સૅનેટના સભ્ય તરીકે (૧૯૨૦-૨૧) અને ગુજરાત યુનિવર્સિટીની સૅનેટના સભ્ય તરીકે (૧૯૫૭-૬૦) પણ તેઓ રહેલા.

તેમણે ઈ. ૧૯૪૭માં શ્રી કનૈયાલાલ દેસાઈના અધ્યક્ષપદ નીચે પ્રૌઢ શિક્ષણનું કાર્ય શરૂ કરીને 'ગુજરાત સમાજ શિક્ષણ સમિતિ'ના માનાર્હ મંત્રી તરીકે એકધારું ૧૯૬૩ લગી કાર્ય કર્યું. આ સમિતિએ ગુજરાતભરમાં પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવીને સવા ત્રણ લાખ જેટલાં પ્રૌઢોને અક્ષરજ્ઞાન આપ્યું છે. પ્રૌઢ સાક્ષર તરીકેના તેમના અનુભવો પુસ્તકાકારે પ્રસિદ્ધિ પામ્યા છે. 'જિલ્લા વિકાસમંડળ'ના મંત્રી તરીકે ૧૯૪૮ થી ૧૯૫૨ લગી રહીને વિકાસ અને ખેતીસુધારણા અર્થે તેમણે વિવિધ પ્રવૃત્તિઓ કરી. 'ગુજરાત રાજ્ય બુનિયાદી સમિતિ' (બેઝિક બૉર્ડ)ના અધ્યક્ષપદે પણ તેઓ રહી ચૂક્યા છે. પ્રાથમિક શિક્ષણ સમિતિના હજી અધ્યક્ષ છે. રાજ્યશિક્ષણ સલાહકાર કાઉન્સિલમાં પણ તેઓ છે. કેટલી યે હાઈસ્કૂલો અને આશ્રમશાળાઓના પ્રમુખ કે સંચાલક તરીકેની કામગીરી હાલ તેઓ સંભાળી રહ્યા છે.

કલ્યાણજીભાઈ તેમના પ્રથમ નામાક્ષરોથી ક. વિ. છે જ, પરંતુ દિલથી યે તેઓ કવિ છે. એમના આશ્રમમાં જ્યારે પણ જઈએ ત્યારે એમના વિશાળ કવિહૃદયનો પરિચય થાય જ. ઈ. સ. ૧૯૧૫માં ગુજરાતી સાહિત્ય પરિષદનું પાંચમું અધિવેશન સુરતમાં મળ્યું ત્યારે તે રણજિતરામ વાવાભાઈ મહેતા (હાલના કેન્દ્રના પ્રધાન શ્રી અશોક મહેતાના પિતા)ની સાથે સાહિત્ય પરિષદના સહમંત્રી બન્યા હતા, ને 'ભગવદ્‌ગોમંડળ કોશ'ના સંપાદક ચંદુલાલ પટેલની સાથે રહીને સાહિત્ય-પ્રદર્શનની વ્યવસ્થા સંભાળી હતી. ઈ. ૧૯૬૫માં સુરતમાં ભરાએલા સાહિત્યપરિષદના ૨૩મા અધિવેશનના તેઓ ઉપસ્વાગતાધ્યક્ષ હતા.

ઈ. ૧૯૧૫માં, ભિક્ષુ અખંડાનંદના આમંત્રણથી 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'માં તેઓ ગયા અને થોડાક માસની કામગીરી દરમ્યાન તેમણે બંગાળી, હિંદી અને મરાઠી ભાષાઓનાં કેટલાંક પુસ્તકોનાં ગુજરાતી ભાષાન્તરો કરી આપ્યાં. ગીતકાવ્યો, જીવનચરિત્રો, સંસ્મરણો વગેરે મળીને ડઝન ઉપરાંત પુસ્તકો તેમણે લખ્યાં છે. 'ગુજરાત રાજ્ય સમાજશિક્ષણ સમિતિ'નાં ૪૦ પ્રકાશનોમાં પણ તેમનો ઘણો હિસ્સો છે. 'નવયુગ', 'સ્થાનિક સ્વરાજ્ય' અને 'લોકશિક્ષણ'ના તંત્રી તરીકે તેમણે કલમની તાકાત બતાવી છે. 'જીવનદીપ' માસિકના તંત્રી મંડળમાં તેઓ આજે ચાલુ છે. છેલ્લે, સુરત જિલ્લા પંચાયત તરફથી સુરતની રાષ્ટ્રીય લડતોનો ઇતિહાસ લખવા નિમાએલી ઈતિહાસ સમિતિમાં તેઓ ઉપયોગી સેવા આપી રહ્યા છે.

સહકારી ક્ષેત્રે કલ્યાણજીભાઈનું સ્થાન પ્રારંભક અને પ્રેરક તરીકેનું રહ્યું છે. તેઓ ગામ, જિલ્લા અને રાજ્યની કક્ષાની કેટલી યે સહકારી સંસ્થાઓના સ્તંભરૂપ બન્યા છે. 'ગુજરાત સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ'ના ૧૯૬૦થી માંડીને અત્યાર લગી પ્રમુખ રહ્યા છે. 'બારડોલી સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી' અને 'સરદાર બાગાયત સહકારી શિપિંગ મંડળી'ના સરકાર-નિયુક્ત સભ્ય છે. 'સુરત જિલ્લા ખરીદ વેચાણ સંઘ'ના ૧૯૫૮થી પ્રમુખ, 'સરદાર ખેતીવિષયક વિદ્યુત મંડળ' બારડોલીના ઉપપ્રમુખ, 'સુરત જિલ્લા સહકારી સ્પિનિંગ મિલ' અને 'સુરત જિલ્લા ઔદ્યોગિક મંડળ'ના ડિરેક્ટર, 'મરોલી બજાર કાંઠાવિભાગ વિ. કા. સહકારી મંડળી'ના પ્રમુખ અને 'દક્ષિણ ગુજરાત કૉટન માર્કેટિંગ યુનિયન'ના તેઓ કારોબારી સભ્ય છે. 'કેવડી વિભાગ વાંસ કામદાર મંડળી', વાંઝનું 'સહકારી ગ્રામવિકાસ મંડળ', મરોલીની 'કલ્યાણ ખેડૂત સહકારી જિનિંગ અને પ્રેસિંગ સોસાયટી' તેમણે જ શરૂ કરેલી છે.

વિનોબાજીની 'ભૂદાન-પ્રવૃત્તિમાં સુરત જિલ્લા ભૂદાન સમિતિ'ના

કન્વીનર તરીકે તેમણે ૫૦૦૦ એકર જમીનમાં દાન મેળવીને તેની વહેંચણી કરી છે. ભરૂચ જિલ્લાના વાલિયાની નવી વસાહતના એકે-એક જમીનદાર પાસેથી ૧/૧૦ થી ૧/૬ જમીનનાં દાન, સાધનો સાથે તેમણે મેળવ્યાં હતાં. આટાપાટાની રમતમાં ઊભા પાટાના ખેલાડીને જેમ બીજી બાજુઓની પણ જવાબદારી રહે છે, તેમ કલ્યાણજીભાઈ-એ રાજકારણના ઊભા પાટાની સાથે સમાજ, શિક્ષણ અને સહકારી ક્ષેત્રના આડા પાટાઓની જવાબદારી સંભાળી છે. આમ, તેમની સેવાનો લાભ ગુજરાતભરની વિવિધ સંસ્થાઓને મળ્યો છે.

એમના ત્યાગી અને સંયમપૂર્ણ જીવનમાં એકમાત્ર વૈભવ હોય તો તે હીંચકાનો. સ્વરાજ્યનાં ગીતો તેમણે મોટે ભાગે હીંચકા પર જ રચેલાં. લખવા-વાંચવાની પ્રવૃત્તિ તેઓ હીંચકા પર જ કરે છે. મોડી રાત્રે સભામાંથી કે બહારથી આવે આવે ત્યારે ખાવાનું પણ હીંચકા પર અને સૂવાનું પણ ત્યાં જ. આજે ય મરોલીમાંની તેમની પર્ણકુટી-માં હીંચકો જ એમની બેઠક અને પથારી બની રહ્યો છે.

કલ્યાણજીભાઈ વિદ્યાર્થી આશ્રમના ગૃહપતિપદે હતા ત્યારે કડક સ્વભાવને કારણે તેમનું નામ 'પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ' પડી ગએલું. એક નાની સરખી કાગળની ચબરખી પણ કોઈ વિદ્યાર્થીથી આડીઅવળી નંખાય નહિ, તેની તેઓ તકેદારી રાખતા. આશ્રમનો વિદ્યાર્થી શિસ્ત, સાદાઈ અને સ્વચ્છતાનું પૂરેપૂરું પાલન કરે તેની ખાસ કાળજી લેવાતી. કવિ ન્હાનાલાલે તેથી જ કહેલું કે 'આ આશ્રમનો વિદ્યાર્થી સુરતના ગમે તે લત્તામાં ફરતો હોય, તો હું તેની ચાલ, પોશાક, તંદુરસ્તી અને મોઢાના તેજ પરથી કહી શકું કે એ પાટીદાર આશ્રમનો વિદ્યાર્થી છે.' નિયમો પળાવવાના અતિ આગ્રહી એવા કલ્યાણજીભાઈ પાસે ઢીલો-પોચો માણસ જરાય નભે નહિ અને કોઈ બાબતનો વાયદો ચાલે નહિ. હાથમાં લીધેલું કામ ચીવટથી પૂરું કરે ત્યારે જ એ જંપે. હૃદયરોગનો હુમલો પણ તેમને પ્રવૃત્તિમાંથી વારી શક્યો નથી એવા એ કાર્યશીલ છે.

કલ્યાણજીભાઈ એક કુશળ વક્તા છે. એમની અસ્ખલિત વાણી-ના પ્રવાહમાં એમનું લોકશિક્ષકપદ છતું થાય છે. કોઈ વાર ગંભીર, તો કોઈ વાર હળવી, દાખલા દલીલો અને તળપદા ઘરગથ્થુ રૂઢિપ્રયો-ગોથી ભરપૂર, અવનવી ઉપમાઓથી વિભૂષિત, પટેલશાઈ 'છોડાંફાડ' અને હૃદયમાં સોંસરી ઊતરી જતી વાતચીતિયા શૈલીથી તેઓ શ્રો-તાઓ ઉપર ભારી અસર કરે છે. ધારાસભામાં સતત બબ્બે કલાક-નો વાણીનો ધોધ વહાવતા કલ્યાણજીભાઈ કોઈ વાર તો વિરોધ પક્ષના લોકો પણ ડઘાઈ જાય એવી સ્પષ્ટ વાણી ઉચ્ચારતા.

ગામડાના ખેડૂત કુટુંબમાં જન્મેલો અને માસિક રૂપિયા સાતનો પગાર મેળવતો 'બિચારો' લેખાતો શિક્ષક, જેણે શાળાના ઓરડા-ઓની સાંકડી ક્ષિતિજોવાળી જ દુનિયા જોઈ હોય, તે વિશાળ સેવા-મય જીવન જીવે અને 'પદ્મભૂષણ'નું બહુમાન મેળવે એ એક સુખદ નવાઈ છે. પોતાના જીવનઘડતરમાં ગાંધીજી અને સરદાર પટેલ ઉપ-રાંત મોટા ભાઈ કુંવરજીભાઈ, દયાળજીભાઈ અને મીઠુબહેન પીટીટનો નોંધપાત્ર ફાળો છે એમ કલ્યાણજીભાઈ વારંવાર કહે છે. કુંવરજીભાઈ તેમના મોટા ભાઈ જ નહિ પણ જાહેરજીવનના એક સાચા સાથી અને માર્ગદર્શક બન્યા છે. ગુજરાતના વિઠ્ઠલ-વલ્લભની પેઠે કુંવરજી-કલ્યાણ-જીની આ બંધુ-બેલડી છે. કરોડપતિ કુટુંબની કન્યા એની કનક સમી કાયાને કાદવમાં રગદોળે એવા સેવાપરાયણ જીવનનો પ્રેરણાદાયી દાખલો કલ્યાણજીભાઈએ મીઠુબહેનમાં જોયો, તો દેશહિતાર્થે સર્વ-સ્વનો ત્યાગ કરનાર દયાળજીભાઈના ત્યાગપરાયણ જીવનની તેમના પર ઊંડી અસર થઈ.

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

હિંદી પત્રમિત્રો

(1) Pankajkumar P. Jani, C/o Shree Premshanker Jani, Near Mota mandir, Limbdi—16, Stamps, reading. (2) Mukund Labhubhai Joshi, Vagheshwari Road, Wadhwan City (Saur.)—16, Coins, stamps, travelling. (3) Jayesh Narayandas Gohil, Vardhaman Colony, Vishwakarma Bhuvan, Surendranagar, (Saur.)—16, Stamps, coins, drawing. (4) Kansara Vinaykant Vadilal, 951/2 Kansara pole, Mandvi's Pole, Ahmedabad-1—17, Stamps, F. D. C., View-cards. (5) Atulkumar J. Shah, C/o Dr. J. M. Shah, Alwa's Chakla, Siddhapur, North Gujarat—16, Sports, reading, view-cards. (6) Noor Ahmed Noor-Mohammed, Noor Estate, Pankore-Naka, Ahmedabad-1—18, Stamps, view-cards, cinemas. (7) Arvindkumar Dabyabhai Patel, B. No. 5 Anandbag Colony, Opp. Shivabag Colony, Bhairvanath Road, Maninagar, Ahmedabad-8 – 17, Photography, stamps, modern art. (8) Jagdish C. Chawla, Chawla Soaps, Rohtak (Pb.)—17, Pen-pals, stamps, reading, photography. (9) Manoj Khokhani, P-39 Missiod Row Extn., Calcutta-13 (West Bengal) —15, Stamps, view-cards.

નવાં જર્મન પત્રમિત્રો

53. Helge Ernst Peutzek, 439 Gladbeck, Bulser Str. 32, (M–18), correspondence, photography, painting, geography. 54. Manfred Fedtke, 67 Ludwigshafen/Rh, Fontanestr.8, (M–16), sports, stamps, view-cards. 55. Exalinde Stengel, 6461 Haingrundan/ub, Gelnhausen 1, Hintergasse 5, (15), general interests. 56. Erika Klotzer, 8671 Selbitz/ofr., Siedlung 26, (F–19), music, reading, photography, stamps, general interests. 57. Hanna Ziegler, 8671 Selbitz/ofr, Kirchplatz. 1, (F–17), music, reading, photography, stamps, general interests. (ચાલુ)

પૂર્વગ્રહ રાખ્યા સિવાય ગમે તેની સાથે કામ કરવું, એનો વિશ્વાસ અને સદ્‌ભાવ મેળવવો એવી ગુરુકિલ્લી કલ્યાણજીભાઈએ મેળવેલી છે. અજાતશત્રુતા, નિસ્પૃહતા અને સેવા કરવાની તત્પરતા એટલા ગુણોએ તેમને અપ્રતિમ લોકાદર અપાવ્યો છે. આજે ૭૭ વર્ષની ઉંમરે પણ તેઓ ઉત્સાહપૂર્વક સેવાકાર્ય કરતા રહ્યા છે. એમનાં જીવનકાર્યોની કદર રૂપે ગયા જાન્યુઆરીની ૨૬મી તારીખે રાષ્ટ્રપતિએ તેમને 'પદ્મ-ભૂષણ'ના ઈલકાબથી નવાજ્યા છે. ગઈ તા. ૧૨મી માર્ચ ૧૯૬૭ના રોજ પૂ. રવિશંકર મહારાજના પ્રમુખપદે સુરતમાં વિવિધ સંસ્થાઓ તરફથી યોજાએલા સન્માન સમારંભમાં તેમણે પોતાની ઇચ્છા વ્યક્ત કરતાં જણાવ્યું કે 'કોઈની ય સેવા લીધા વગર, જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવાનો યજ્ઞ ચાલુ રહે, એટલું જ હું ઈશ્વર પાસે માગું છું.'





મરણ આગમે તે ભરે મૂઠી દિલની દુગ્ધા વામે જોને,
તીરે ઊભા જુએ તમાશો તે કોડી નવ પામે જોને.
પ્રેમ પંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે જોને,
માંહી પડ્યા તે મહા સુખ માણે દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ સાંપડવી નહિ સ્હેલ જોને,
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.

—પ્રીતમદાસ

જમીનવિદ્યાના જાદુગર પ્રો. ડડલે સ્ટૅમ્પ

ભૂગોળના અભ્યાસનું ક્ષેત્ર દેશ-દરિયા, નદી-સરોવર કે ગામ-શહેરોની જાણકારી વગેરેની સીમાઓ વળોટી આજે ઘણું વિસ્તૃત બની રહ્યું છે. ગયા ઑગસ્ટમાં મેક્સિકોમાં મળેલી આવી બૃહદ્-ભૂગોળવિદ્યાની આંતરરાષ્ટ્રીય પરિષદ દરમ્યાન જ, એ વિદ્યાના એક અગ્રચારી અને જગવિખ્યાત જ્ઞાતા પ્રો. ડડલે સ્ટૅમ્પનું ૬૮ વર્ષની વયે એકાએક અવસાન થઈ ગયું.

જમીનના ઉપયોગ સંબંધી બાબતોના તેઓ છેલ્લાં છત્રીસ વર્ષથી એક નિષ્ણાત સલાહકાર ગણાતા હોઈ વિકાસલક્ષી અનેક દેશોની વિકાસ-યોજનાઓમાં એમની સલાહ લેવાતી રહી હતી. દુનિયાભરની જમીનનો, ભૂગોળની વિસ્તૃત દૃષ્ટિએ અભ્યાસ અને સંશોધન એ એમનું જીવનકાર્ય બની રહેલું અને એના દ્વારા એમણે ભૂગોળવિદ્યાને જમીનની સપાટી પરની વસ્તુસ્થિતિના અભ્યાસથી આગળ વધારીને એ દિશામાં જ્ઞાનનું ક્ષેત્ર ઘણું વિસ્તાર્યું. જમીનનો ભૂતકાળ, એનું ભાવિ, વગેરે સમજવાની શાસ્ત્રીય પદ્ધતિ સ્થાપીને એમણે આબોહવા, વનરાજી, પશુપક્ષી વગેરેને પણ જમીનના અભ્યાસ સાથે સાંકળી દીધાં. એમના આ જ્ઞાનવિસ્તરણથી ભૂસ્તરશાસ્ત્ર, ખેતીવાડીશાસ્ત્ર ને ભૌતિક આયોજન વગેરેના વિકાસમાં ઉમદા ફાળો ઉમેરાયો. સંયુક્ત રાષ્ટ્રસંઘની આ દિશાની કામગીરીમાં એમનો મોટો હિસ્સો છે.

ઇંગ્લંડના કૅટફર્ડ મુકામે ઈ. ૧૮૯૮ના માર્ચમાં એમનો જન્મ. સાત ભાંડુઓમાં તે સૌથી નાના. સૌથી મોટા ભાઈ લૉર્ડ જોશિયા સ્ટૅમ્પ પણ એક પ્રખર અર્થશાસ્ત્રી હતા. બીજા વિશ્વયુદ્ધમાં લંડન પરના બૉંબમારામાં એમનું અવસાન થએલું. નાજુક તબિયતને કારણે ડડલેએ ઘરઆંગણે જ અભ્યાસ કરી ૧૯૧૩માં સિનિયર કૅમ્બ્રિજની પરીક્ષા ઊંચા દરજ્જે પાસ કરી અને લંડનની કિંગ્સ કૉલેજમાં વિનયન, વિજ્ઞાન અને એન્જિનીઅરિંગનો અભ્યાસ કરી આખરે ભૂસ્તર અને વનસ્પતિશાસ્ત્રમાં લંડન યુનિવર્સિટીની માન સાથે ઉપાધિઓ મેળવી.

પ્રથમ વિશ્વયુદ્ધ વખતે ફ્રાન્સમાં લશ્કરી ઈજનેર તરીકેની પોતાની ફરજો બજાવવા સાથે એમણે ઉત્તર ફ્રાંસના પ્રદેશોનું ભૂસ્તર-સંશોધન પણ કર્યું હતું, જેને માટે ૧૯૧૯માં લંડન



વિશ્વવિદ્યાલયે એમને એમ. એસસી.ની ઉપાધિ આપી હતી. એ પછી એ કિંગ્સ કૉલેજમાં ભૂસ્તરવિદ્યાના અધ્યાપક તરીકે કામ કરવા સાથે વિદ્યાનો વધુ અભ્યાસ કરીને તેઓ ડી. એસ. સી. તથા સાથેસાથે ભૂગોળવિદ્યામાં પણ પ્રથમ વર્ગના સ્નાતક બન્યા. ૧૯૨૩માં ભૂસ્તર તથા ભૂગોળવિદ્યાના પ્રોફેસર તરીકે તેઓ બ્રહ્મદેશમાં આવ્યા, જ્યાં બ્રહ્મદેશ, ઇન્ડોનેશિયા અને ચીનમાં ભૂસ્તર, વનસ્પતિ ને ભૂગોળના ક્ષેત્રમાં ઘણું કામ કરી મહાનિબંધો પ્રસિદ્ધ કર્યા. એમની આ દિશાની કામગીરી બદલ હિંદુસ્તાનના 'માઈનિંગ ઍન્ડ જીઓલૉજી ઈન્સ્ટિટ્યૂટે' એમને ચંદ્રક આપેલા.

તારાપરિચય-૧૬



સિંહ અને કન્યા રાશિ તથા સપ્તર્ષિનાં તારામંડળો વચ્ચે 'કેશ' (Coma Berenices) તથા 'મૃગયાશુન' (Canes Venatici) નામે બે નાનાં મંડળો છે. (જુઓ નકશો) 'મૃગયાશુન' એટલે શિકારી કૂતરો. એના બે મુખ્ય તારા છે. આ મંડળના વિસ્તારમાં સપ્તર્ષિ નજીક એક મોટી વમળ નિહારિકા આવેલી છે. એ એક મોટું બહિર્વિશ્વ છે. આપણા આકાશગંગાવિશ્વ જેવાં જે અનેક નાનાં-મોટાં વિશ્વો છે એમાંનું એ પણ એક છે. એમાં કરોડો તારાઓ છે.

કન્યા રાશિમાંનાં 'ચિત્રા' તારાને તો આપણે જાણીએ છીએ ને એની ઉત્તરમાં સ્વાતિને પણ. સ્વાતિ અગાઉ આપણાથી પાંચ લાખ પ્રકાશવર્ષ દૂર હતો. હાલ લગભગ ૪૦ પ્રકાશવર્ષ દૂર છે. નજીક આવી એ ફરી પાછો દૂર સરકતો જશે. એ બંને તારાની વચ્ચેના વિસ્તારમાં આજકાલ લોહિતાંગ મંગળ પણ જોવા મળે છે. રક્તાવર્ણા એના તેજ વડે એ સરળતાથી ઓળખી શકાશે. મધરાતે એ મધ્યાકાશે આવી વહેલી પરોઢે તો આથમવા માંડે છે. આ ૨૧મી તારીખે તે પૃથ્વીની વધુમાં વધુ નજીક આવશે ત્યારે તો ઘણો મોટો સ્પષ્ટ ને સુંદર લાગતો હશે. આ જ અરસામાં ચંદ્ર પણ આ સ્થાને આવશે ત્યારે ચંદ્ર, ચિત્રા અને મંગળનું સુંદર દૃશ્ય જોવા મળશે.

ગુરુ તો હાલ સમી સાંજથી માથા પર ચળકતો દેખાય છે. અને માસની આખર સુધીમાં રોહિણી અને કૃત્તિકાની વચ્ચે શુક્ર પણ રાત્રે દસ-સવાદસ સુધી પશ્ચિમાકાશમાં જોઈ શકાશે. છેક પાછલી રાતે પૂર્વાભાદ્રપદા ને ઉત્તરાભાદ્રપદા વચ્ચે શનિ પણ હશે પરંતુ એને ઓળખવો હાલ કદાચ નહિ ફાવે.

અને દક્ષિણમાં અગસ્ત્ય જોયો ? હવે એ વહેલોવહેલો આથમવા માંડ્યો છે.

૧૯૨૬માં લંડન પાછા ફરી લંડન સ્કૂલ ઑવ ઇકૉનૉમિક્સમાં આર્થિક ભૂગોળવિદ્યાનું અધ્યાપન કરવા માંડ્યું ને 'કૅસેલ રીડરશિપ' મેળવી. ૧૯૪૯માં 'સામાજિક ભૂગોળવિદ્યા'ના પ્રોફેસર બન્યા અને ૧૯૫૮માં નિવૃત્ત થઈ માનાર્હ અધ્યાપક અને વ્યાખ્યાતા તરીકે કામ કરવા માંડ્યું. 'લૅન્ડ ઑવ બ્રિટન: ઇટ્સ યૂઝ ઍન્ડ મિસયૂઝ', 'હૅન્ડ-બુક ઑવ કમર્શિયલ જીઓગ્રાફી', 'હિસ્ટરી ઑવ લૅન્ડ યૂઝ ઇન ઍન્સિડ ઝોન' વગેરે એમનાં પુસ્તકો બહુ જાણીતાં ને અભ્યસનીય છે.

'લૅન્ડ ઑવ બ્રિટન'માં તો એમણે ગ્રેટ બ્રિટનની એકેએક એકર જમીનનો સંપૂર્ણ ઇતિહાસ, એના નકશા ને અન્ય વિગતો આપીને એક અદ્વિતીય કાર્ય કર્યું છે. જમીનના વપરાશના પ્રકારોને નકશાઓ દ્વારા વિશિષ્ટરીતે દર્શાવી તે તે જમીનની ભાવિ ઉપયોગિતા આંકવાની એમની પદ્ધતિઓ આજે આયોજનક્ષેત્રે ઘણી ઉપયોગી પુરવાર થઈ છે. જૂનાં વૃક્ષોનો ઇતિહાસ, પક્ષીઓ અને વિવિધ જમીનના સંબંધનો ઇતિહાસ વગેરે ક્ષેત્રે સંશોધનો કરવામાં એમણે સ્થાપેલી અભ્યાસ-પદ્ધતિ બહુ ઉપયોગી નીવડી છે. સુંદર દશ્યરચના યોજનામાં જમીનનો સદ્ઉપયોગ કરવાની દિશામાં પણ પ્રગતિ થઈ છે. આફ્રિકા ને મધ્યપૂર્વ તથા દૂરપૂર્વના દેશોમાં એમની સલાહ ઘણી લાભદાયી નીવડી છે. માનવહિતમાં જમીનના ઉપયોગનું આયોજન કરવાનું એક નવું જ શાસ્ત્ર એમણે ઉપજાવ્યું. જમીનને એમણે માનવજાતની માતાના સુયોગ્ય સ્થાને સ્થાપી એનું અનેક દૃષ્ટિએ મહત્તા વધારી બતાવ્યું.

રાષ્ટ્રના કુદરતી પર્યાવરણ સંરક્ષણ (નૅચરલ એનવિરોનમૅન્ટ પ્રીઝર્વેશન) પરત્વેની એક પરિષદમાં અમેરિકન સરકારે એમને આમંત્રેલા. ત્યાં દુનિયાભરમાંથી આવેલા અર્થશાસ્ત્રીઓ, વનસ્પતિવિદો, ભૂદશ્ય સ્થપતિઓ ને નગર-રચનાશાસ્ત્રીઓ સમક્ષ, કોઈ પણ જાતના ટાંચણ વગર, એમણે એક પ્રેરક પ્રવચન આપીને દુનિયાની વસતિ, ખોરાક અને ભૂ-સંપત્તિની જે સમીક્ષા કરી તેણે સૌ વિદ્વાનોને દંગ કરી દીધેલા. તેમાં એમણે જણાવ્યું હતું કે બુદ્ધિજન્ય પૂર્વાનુમાન, જમીન-પાણી-વનસ્પતિ અને જંતુઓનું સંરક્ષણ, તથા જમીનનો વિચારપૂર્વકનો ઉપયોગ, વિકસેલા ને વિકસતા દેશોને ભાવિ વિનાશમાંથી બચાવી શકશે.

પ્રખર મેધાવી ને અભ્યાસી હોવા છતાં ડડલે સ્ટૅમ્પ નમ્ર ને નિરભિમાની હોઈ, બેપાંચ વિદ્યાર્થીઓથી માંડી મોટી સભાઓમાં એકસરખી સહૃદયતાથી ઉદ્બોધન કરી શકતા. કોઈ પણ વિષયને સમજવા માટે તેની આધારસામગ્રી મેળવવાની તથા એ સામગ્રીનું પૃથક્કરણ કરી તેનું હાર્દ સમજવાની એમની શક્તિ તદ્દન સાહજિક હતી, અને સાથેસાથે તેની વિશિષ્ટ છણાવટ કરીને સમજાવવાની સાહિત્યિક શક્તિ પણ એમનામાં હતી. જગત પ્રત્યેના સહાનુભૂતિભર્યા સ્વભાવે એમને આયોજનકાર બનાવ્યા અને માનવસુખને માટે એમણે જમીનના સુયોજનનું એક વિશાળ ક્ષેત્ર સર્જી બતાવ્યું. એના મેધાવીને ગુમાવીને આખી દુનિયા રંક બની છે. —ગિરીશચન્દ્ર સ. દેસાઈ

કૉલેરાનું એક નવું દેશી ઔષધ: બર્બેરાઇન

આજના વિજ્ઞાનની કસોટીએ ચડીને લોહીના દબાણમાં અને માનસિક રોગોમાં શાતા આપવા માટે વપરાતા 'સર્પગંધા' સિવાય છેલ્લા બેએક દાયકાથી અન્ય કોઈ દેશી ઔષધ આ રીતે પ્રચલિત બની શક્યું નહોતું પણ હમણાં અમદાવાદમાં યોજાએલી ભારતીય ડૉક્ટરોની પરિષદમાં મુંબઈના હાફકીન ઈન્સ્ટિટ્યૂટના ડૉ. એન. કે. દત્તે એક નાનો નિબંધ રજૂ કરી આ દિશામાં નવું પગલું ભરાયાની જાણ કરી.


દારૂ-હળદર (બર્બેરિસ એરિસ્ટેટા)નો દેશી છોડ, જેમાંથી કૉલેરા માટે અકસીર ઔષધ શોધાયું છે.

સામાન્યતઃ મનાય છે કે ઘણાખરા ચેપી રોગચાળાના ઉપાય શોધાઈ ગયા છે ને ગણ્યાગાંઠ્યા રોગોને જીતવાનું બાકી છે. દુર્ભાગ્યે હજી આજે પણ અગ્નિ એશિયાના દેશોમાં કૉલેરાની મહામારી વિસ્તૃત પટ પર પોતાનો ઓછાયો પસારી રહી છે. ઈ. ૧૯૬૩માં ૨૨,૦૦૦ માણસો કેવળ કૉલેરાનો જ ભોગ બન્યા હતા, બીજી બાજુ આથી યે વધુ લોકો 'ગૅસ્ટ્રોએન્ટ્રાઈટિસ'ના દર્દીઓમાં ગણાઈ ગયા હતા.

હમણાં વાટુમલ-પારિતોષિક-વિજેતા ડૉ. દત્તે વર્ષોનાં સંશોધન પછી દારૂ-હળદળ (Berberis Aristata)માંથી કાઢેલા 'આલ્કલૉઇડ બર્બેરિન' પરથી તૈયાર કરેલું ઔષધ કૉલેરામાં ઉત્તમ ઉપાય સમું નીવડ્યું છે. એમના સંશોધનના આધારે આજે દુનિયાભરની અનેક પ્રયોગશાળાઓમાં એની અજમાયેશ થઈ રહી છે. કલકત્તા કે જ્યાં દર વર્ષે વધતાઓછા પ્રમાણમાં કૉલેરા ફાટી નીકળે છે ત્યાં ચિત્તરંજન હૉસ્પિટલ તથા કલકત્તાના નૅશનલ મેડિસિનલ ઇન્સ્ટિટ્યૂટમાં ડૉ. એસ. સી. લાહિડીએ એનો ઉપયોગ કરી જોયો છે. એ મુજબ કૉલેરાના દર્દીઓને આવશ્યક ક્ષાર અને પ્રવાહી સાથે આ ઔષધ આપતાં મૃત્યુ-પ્રમાણ ઘણું ઘટ્યું છે. કૉલેરામાં થઈ જતા અતિસાર પર એના વડે ૪૮ કલાકમાં જ પૂરેપૂરો કાબૂ આવી જાય છે ને દર્દી ઈસ્પિતાલ છોડી વહેલો ઘેર જઈ શકે છે. ઈ. ૧૯૬૫ થી '૬૬ દરમિયાન ત્યાં ઉપરા-ઉપરી ફરી વળેલા કૉલેરા દરમિયાન ૪૧૯ દર્દીઓ પર આ દવાની અજમાયશ કરીને આ નિર્ણય તારવેલો છે. બાળકોમાં જેમના પર એન્ટિબાયોટિક દવાઓ અને 'ક્લૉરેમ્ફિનિકોલ' વપરાયું હોય એમના ૨૭.૬ ટકાના મૃત્યુપ્રમાણ સામે 'બર્બેરાઈન'ના ઉપયોગમાં માત્ર ૬.૬ ટકા જ મરણપ્રમાણ જોવા મળ્યું હતું. વળી એ પુષ્કળ પ્રમાણમાં મળી શકતું હોવાને લીધે કૉલેરા માટેનાં આજનાં ચાલુ ઔષધોની સરખામણીમાં ઘણું સસ્તું પડે છે; ઉપરાંત આજની ઍન્ટીબાયોટિક દવાઓ પેઠે એની કોઈ માઠી આડ-અસર થતી નથી.

મૂળ દારૂ-હળદળને આ દિશામાં વાપરી જોવાનો ખયાલ શ્રી એ. વી. મોદીએ રજૂ કર્યા પછી એ અંગેનાં સંશોધનોનો ખર્ચ 'હાફકીન ઈન્સ્ટિટ્યૂટ' અને 'યુનિકેમ લૅબોરેટરી લિમિ.'એ ઉપાડયો હતો.

ઈ. ૧૯૬૬માં આવી જ એક દવા 'ટેટ્રાસાઈક્લાઈન' સાથે 'બર્બેરાઈન'ને દવાખાનાંઓમાં વાપરી જોવામાં આવી હતી અને એમાં આ બંનેની ઔષધીય અસર લગભગ એકસરખી જોવા મળી હતી.

ગુજરાતનું ગિરિમથક સાપુતારા

ગુજરાતના આબુ તરીકે જેને યથાર્થ ઓળખાવી શકાય તેવું સ્થળ ડાંગ જિલ્લામાં દરિયાની સપાટીથી લગભગ ૩૫૦૦ ફૂટ ઊંચાઇએ આવેલું સાપુતારા ગામ છે. માઈલો સુધી વિસ્તરેલી હરિયાળી ભૂમિ,



સાપુતારાનું એક દૃશ્ય

ઊંચાનીચા ડુંગરાઓ, ખૂબ ઊંડી વિસ્તરેલી ખીણો, કલકલ નાદ કરતાં ઝરણાંઓ, ઊછળતી નદીઓ એ પ્રદેશની પ્રાકૃતિક શોભામાં અભિવૃદ્ધિ કરે છે. એની નિસર્ગશોભાને કારણે ઋતુએ ઋતુએ એનું સૌંદર્ય ભિન્નભિન્ન રીતે ખીલી ઊઠે છે. ડુંગરાઓ વચ્ચે ખળખળ વહેતાં અહીંનાં નાનાં ઝરણાંમાંથી જ ડાંગની મોટી નદીઓ અંબિકા, પૂર્ણા, ગિરા અને ખાપરી બને છે. વસંતનું આગમન થતાં આસપાસનાં સાગ, મહુડા, ખાખરા અને બીજાં અનેક નાનાંમોટાં વૃક્ષો પર નાનાવિધ રંગબેરંગી ફૂલો ખીલે છે. આ પ્રદેશમાં અનેક રાની પશુઓ અને ભાતભાતનાં પંખીઓ દૃષ્ટિગોચર થાય છે. વાઘ, દીપડા, રીંછ, વરુ, ડુક્કર, રોઝ, સાબર, હરણાં વગેરે આસપાસનાં જંગલોમાં રહે છે. વળી દેશદેશનાં કેટલાંક પક્ષીઓ અહીં સ્થાનાંતર કરીને આવે છે. પતંગિયાં, આગિયા વગેરે ઉપરાંત જંગલી મોર અને મરઘાં, કબૂતર, ઘુવડ, લેલાં આદિ પક્ષીઓ અહીં જોવા મળે છે, ને મહાકાય અજગરો, નાગ, સાપ વગેરે પણ અહીં છે. લગભગ ૩૫૦૦ ફૂટની ઊંચાઇએ આવેલા આ સપાટ પ્રદેશની મધ્યમાં આવેલા એક કૂવાથી થોડેક દૂર જતાં પથરાળ ભૂમિ વચ્ચે સાપના આકાર જેવો એક લીસોટો છે. ત્યાંના આદિવાસી લોકો આ સ્થળને પવિત્ર માની તેની પૂજા કરે છે.

આ પ્રદેશમાં વસતી બહાદુર, ભોળી, સાદી, અપરિગ્રહી અને લડાયક ખમીરવાળી પ્રજા 'નિપાદ' કોટિની છે. અનેક આયુર્વેદિક ઔષધિઓ અને જડીબુટ્ટીઓ તથા સીસમ, હળદરવો, વાંસ વગેરેની વિપુલતાને કારણે આ પૌરાણિક સ્થળ આપણા દેશના એક વિપુલ સમૃદ્ધિવાળા સ્થાન તરીકે ખૂબ જ મહત્ત્વનું છે. સહ્યાદ્રિ પર્વતમાળાના ઢોળાવ પર આવેલું હોવાથી ઉનાળામાં અહીંનું ઉષ્ણતામાન ૭૦ થી ૮૦ ફે. સુધી રહે છે. આબુ કરતાં ગરમી કંઈક વિશેષ, પણ તે અસહ્ય નથી. આ સ્થળનાં દૃશ્યો વિદર્ભના પંચમઢી અને મહારાષ્ટ્રના મહાબળેશ્વરનાં દૃશ્યોની સ્મૃતિ તાજી કરાવે છે.


ગુજરાત અને મહારાષ્ટ્રના સંગમસ્થળ સમું સાપુતારા વઘઈથી માત્ર ૩૨ માઈલ છે અને બિલિમોરા વઘઈ ને સાંકળતી નૅરોગેજ રેલવે છે. વઘઈથી સાપુતારાનો અવરજવર બારેમાસ થઈ શકે તે હેતુથી આસ્ફાલ્ટનો પાકો માર્ગ છે. ચોમાસાના ત્રણ માસ સિવાય લગભગ નવ માસ સુધી વઘઈ-નાસિક અને સાપુતારા-આહવાની એસ. ટી. બસો નિયમિત આવજા કરે છે. પ્રવાસીઓ અને સહેલાણીઓ માટે અહીં પ્રવાસીગૃહ અને કેટલાક આવાસ બાંધવામાં આવ્યા છે. પ્રવાસીગૃહમાં દર છ વ્યક્તિના કુટુંબ માટે દિવસ દીઠ રૂા. ૫-૦૦ છે; અન્ય આવાસોનાં માટેના સાત વ્યક્તિના કુટુંબ માટે રોજના રૂા. ૩-૦૦ છે. નિવાસોનું રીઝર્વેશન માટે અગાઉથી રૂા. ૧૦ની અનામત સાથે નિયત અરજીપત્રકમાં 'મદદનીશ માહિતી નિયામક, સાપુતારા હિલ રીસોર્ટ સાપુતારા, જિલ્લા ડાંગ'ને અરજી કરવી. સ્વયં રસોઈ કરવા ઇચ્છતાં કુટુંબોને મર્યાદિત સંખ્યામાં વાસણો વગેરે પણ પૂરાં પાડવામાં આવે છે.

—જયંતીલાલ પી. ગજ્જર

'રૉયલ કૅનૅડિયન માઉન્ટેડ પોલીસ' તરીકે ઓળખાતા કૅનૅડાના ઘોડેસવાર પોલીસદળે પોતાની સ્થાપનાને હજી એક સદી યે પૂરી નથી થઈ એ દરમિયાન જે પ્રતિષ્ઠા મેળવી છે એવી ખ્યાતિ એનાથી ઘણાં જૂનાં અન્ય પોલીસદળો હજી સુધી કદાચ નથી મેળવી શક્યાં. 'માઉન્ટી'ના ટૂંકા નામે ઓળખાતા આ પોલીસદળના ગણવેશનો સિંદુરિયો રંગ કૅનૅડાના જીવનવ્યવહારમાં નિર્ભયતા અને સુવ્યવસ્થાના પ્રતિક સમો બની રહ્યો છે. એમના જેટલા નાનકડા દળ વડે તેઓ દેશના વિસ્તૃત ભાગો પર જે ચપળતા અને દક્ષતાથી કાયદાનું તથા તેના દ્વાર પ્રજાનું રક્ષણ કરે છે એ બદલ એમની પ્રતિષ્ઠા છે. દા. ત. ઈ. ૧૯૪૯માં કૅનૅડાના વાયવ્ય તરફના લગભગ દોઢેક લાખ ચોરસ માઈલ જેટલા વિસ્તાર માટે માત્ર ૯૦ જેટલા માઉન્ટીઓ જ હતા. પણ હવે આ માઉન્ટી (ઘોડેસ્વાર) ઘોડેસ્વારી નહિ કરે. એમના દળને હવે ઘોડાને બદલે મોટર ગાડી, મોટર સાઈકલ, મોટર બોટ, વિમાન અને કૂતરા જોડેલી સ્લેજગાડીઓ તથા અરસપરસ સંદેશાવ્યવહાર કરી શકે એવા રેડિયોવગેરે જેવી અદ્યતન સાધન-સામગ્રીથી સજ્જ કરવામાં આવ્યુ છે. અલબત્ત, એમના ગૌરવવંતા ગણવેશનો સિંદુરિયો રંગ હજી કાયમ છે.

(ટા. ઑ. ઈ.)

The quick brown fox jumps over the lazy dog. ટાઈપરાઈટરમાં આવતા અંગ્રેજી મૂળાક્ષરોની પરીક્ષા કરવા માટે બહુધા આ વાક્ય ટાઈપ કરવામાં આવે છે, કેમ કે એમાં બધા અંગ્રેજી મૂળાક્ષરો આવી જાય છે. પણ અમેરિકનો આને બદલે એક બીજું જ વાક્ય વાપરે છે. એ છે - Wet squid's sinky haze veils sex of jumping crab. આમાં યે બધા અંગ્રેજી મૂળાક્ષરો આવી જાય છે.



હૅસ્ટિંગ્સની લડાઈની નવમી શતાબ્દી નિમિત્તે ગયા સપ્ટેમ્બરમાં ગર્નસી ટાપુએ બહાર પાડેલા ખાસ ચોરસ સિક્કાની બે બાજુ. એમાં એક તરફ રાણી ઇલિઝાબેથ બીજાની અને પાછલી બાજુએ યુદ્ધમાં વિજેતા બનીને ઈંગ્લંડમાં નૉર્મન વંશની રાજગાદી સ્થાપનાર 'વિલિયમ ધ કૉન્કરર'નું મહોરું છે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ.૧૨૯થી

શ્રી અમૃત પંડયાની લેખમાળા 'ભૂતકાળની શોધમાં' તે સમયે ખરેખર અત્યંત રસપ્રદ રહી હશે એમ તેનાં અવતરણો પરથી લાગે છે. પ્રવાસવર્ણનમાં ઇતિહાસ, સ્થાપત્ય, મૂર્તિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવા વિષયોને સુંદર શૈલીમાં આવરી લીધા છે. ચિત્રો અને નકશા તો તેનું અનોખું અંગ છે. આ ૨૫ વર્ષમાં આવું બીજું પ્રવાસવર્ણન લખાયાનું જાણમાં નથી. આપણા કેટલા સંશોધકો પ્રાચીન સ્થળોના અભ્યાસ માટે આજે આમ ધરતી ખૂંદી વળતા હશે એ પ્રશ્ન છે. આપ તેને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરો તો ગુજરાતી સાહિત્યને એક અનન્ય કૃતિ મળશે.

(સૂરત) —ચંદ્રકાન્ત ર. શેઠ

ડિસેમ્બર અંકમાંની 'કેવડાની મહેક' રહસ્યપૂર્ણ વાર્તા કેવી હોવી જોઈએ તેનું દૃષ્ટાંત પૂરું પાડે છે. વાંચતાં લાગતું નથી કે કોઈ અનુવાદિત કૃતિ વાંચીએ છીએ. શ્રી રમણિક મેઘાણી ખરે જ ધન્યવાદને પાત્ર છે. 'કુમાર'માં વારંવાર આવી અનુવાદિત વાર્તાઓ પ્રકટ થતી રહે એ મનોકામના.

(અમદાવાદ) —ઈશ્વરલાલ પરમાર

શ્રી રવિશંકર રાવળનું 'આત્મકથાનક', શ્રી ચં. ચી. મહેતાની 'રંગગઠરિયાં' અને શ્રી ધનસુખલાલ મહેતાનાં 'અતીતનાંપુષ્પો' રસપૂર્વક વાંચું છું. પોતપોતાનું સૌનું મહત્ત્વ છે. પરંતુ એમાંના પ્રસંગો કઈ સાલના છે તે જાણવાની ઉત્કંઠા થાય છે. શ્રી રાવળના કથાનકમાં ક્યાંક સાલ જોવા મળે છે. એને બદલે પ્રત્યેક મણકા સાથે સાલ લખી હોય તો કેવું?

શ્રી મહેતાનાં 'અતીતનાં પુષ્પો'નો મેળ 'કુમાર'ના ધોરણ જોડે બેસતો નથી. બે ઘડી ગપ્પાંની કક્ષાનાં એ પુષ્પોમાં આત્મશ્લાઘાનું તત્ત્વ વધી જતાં, ધૂળ ચડી ગએલાં કાગળનાં ફૂલ જેવાં લાગે છે. આ વર્ષે 'કુમારે' ગુજરાતમાંથી પદ્મશ્રીનું બહુમાન મેળવનારા તરફ નજર સુદ્ધાં કરી નથી, એથી નવાઈ લાગે છે.

(ઘાટકોપર) —મધુસૂદન ર. ત્રિવેદી

[*જરા અધીરા થયા. ચંદ્રવદન વિષે ગયા અંકમાં અને પદ્મભૂષણ કલ્યાણજીભાઈ વિષે વિસ્તૃત ચરિત્ર આ અંકમાં જોયાં હશે.]

રેવ. ફાધર વાલેસની વ્યક્તિઘડતરની લેખમાળા આખી જ અસરકારક, માર્ગદર્શક ને સત્યવાણી સમી હોય છે. પરંતુ ૫૧૮મા અંકમાંનો 'સમાજવિહાર'નો લેખ તો વિશેષ. વ્યક્તિગત જીવનના દોષો અને સમાજની વાસ્તવિકતાનો તાદૃશ ખયાલ આપી, વિચારીને જીવનાર વ્યક્તિ પર આ લેખે ઉપકાર કર્યો છે. મહાત્માજીની સોંસરી વેધક વાણી જેવું કાંઇક તત્ત્વ એમાં છે.

અને બીજો નાનકડો પણ આજની પ્રવર્તતી વાસ્તવિકતાનો સચોટ ખયાલ આપતો 'મૂલ્ય-હ્રાસ' (શ્રી કનૈયાલાલ મુનશી)નો લેખ ટૂંકા લખાણમાં પણ ઘણુંઘણું કહી જાય છે. બંનેમાંથી ઘણું મળ્યું છે. આ અંધકારમય વાતાવરણમાં દૃષ્ટિને પુષ્ટિ મળી છે.

(વારાણસી) —વાસુદેવ સ્માર્ત

જુલાઈ ૧૯૫૫ના અંકમાં શ્રી ચન્દ્રવદન હીરાલાલ પાઠકની જાહેરાત, તેમની ફાઈલોમાં ખૂટતાં 'કુમાર' જરૂરી કિંમતે મેળવી આપવાની હતી. મેં તે મેળવી આપ્યાં અને તેમણે મારા ખૂટતા અંકો મેળવી આપ્યા. સરસ સુમેળ થયો. એક મિત્ર બનાવી શક્યો.

અમદાવાદમાં નદીતટે રવિવારે ગુજરી ભરાય છે તેમાં 'કુમાર'ના પાછલા અંકો વેચાય છે. હું કેટલાક સારા અંકો મેળવી ચૂક્યો છું અને મેળવતો રહું છું. જિજ્ઞાસુ વાચકો આ બાબતમાં પોતાના ખૂટતા અંકોની નોંધ મને જવાબી પોસ્ટેજ સાથે મોકલશે તો હું તેની વિગતો મોકલી કંઈક સહાયભૂત થઈશ.

—કાલિદાસ પરમાર

('હરિનિવાસ'૧૪૧૨ રાયખડ, અમદાવાદ-૧)

'કુમાર'નું તો એક જાતનું વ્યસન જ પડી ગયું છે. તા. ૧૫મી પછી ન દેખાય તો કૈંક ન મળ્યાની લાગણી થવા માંડે છે અને 'કુમાર' કોઈ પણ ઘરમાં ત્રણ પેઢીનું આકર્ષણ થઈ રહે છે. મારા ઘરનો તો એ અનુભવ છે. હું આવે કે પહેલું ઉપાડવા ઉત્સુક હોઉં છું; તેવો જ મારો પુત્ર; અને ન સમજે તો ય જોવા પૂરતી અને અનેક સવાલો પૂછવા માટે એને ત્યાંના બાળકની પણ એટલી જ ઉત્સુકતા રહે છે.

(સાન્ટાક્રુઝ) —બાલચંદ્ર શુક્લ

માર્ચ અંકમાં 'ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુઝ'ને અભિનંદન આપતી એચ. જી. વેલ્સની પ્રશંસા 'weekly'ને બદલે 'mothly' લખ્યું હોય તો 'કુમાર'ને લાગુ તો પડે છે. પણ તે અભિપ્રાય વાંચીને કેટલા ગ્રાહકો તમને નવાં લવાજમ મેળવી આપશે?

દર વર્ષે જે ગ્રાહકો ઓછામાં ઓછું એક સબ્સ્ક્રીશન મોકલી આપે તેમને ચાલુ લવાજમ કરતાં કંઈક ઘટાડો આપો તો વાચકો જરૂર તેમના મિત્રોને 'કુમાર'ના ગ્રાહકો બનાવવા કોશિશ કરશે. વાચકોને તે બદલ નાની એવી કોઈ ભેટ આપો તો તે પણ ઉત્તેજક બનશે કારણ કે આજકાલ દરેક વ્યક્તિને કૈંક કરી આપ્યાનો સંતોષ, બદલામાં કૈંક મેળવીને જ થાય.

શ્રી હર્ષદ શેઠની તરંગકથા વાંચીને ઘણો જ આનંદ થયો. ગુજરાતીમાં આવું Science-Fiction ભાગ્યે વાંચવા મળે. છેલ્લા ફકરામાં એક ત્રુટી રહી ગઈ છે. '૫૦૦૦ વૉટના વિદ્યુત્ દબાણવાળો આંચકો લાગ્યો'માં વૉટ ને બદલે વૉલ્ટ હોવું જોઇએ. 'વૉલ્ટ' વીજળીના દબાણનું એકમ છે જ્યારે 'વૉટ' વીજળીની શક્તિ અથવા પાવરનું એકમ છે.

(કલકત્તા) —બિપિન શાહ

[*લવાજમમાં વળતર આપવાની તથા ભેટ આપવાની ઘણી જાહેરાતો અમે કરી જોઈ છે, પણ સફળતા મળી નથી. જ્યારે લવાજમ દસ રૂપિયા થયું ત્યારે નવા ગ્રાહક નોંધાવનારને પોતાને તથા નવા ગ્રાહકને બંનેને એક એક રૂપિયો વળતર આપીને ૧૮ રૂપિયામાં નોંધવાની જાહેરાત કરી હતી. તે પછી નવા ગ્રાહક નોંધાવનારને 'કલાકલાપ'નું ચિત્ર આલ્બમ ભેટ આપવાનું પણ જાહેર કર્યું, વળી અકિંચન વિદ્યાર્થીઓના લાભાર્થે તો, જો તે તેવા વિદ્યાર્થી હોવાનું શાળાના આચાર્યનું પ્રમાણપત્ર રજૂ કરે તો, ૧૫ને બદલે ૧૦ રૂપિયામાં ગ્રાહક નોંધી બાકીના પાંચ રૂપિયા તે વિદ્યાર્થીને આપવાની પણ જાહેરાત કરેલી. આ બંને યોજના તો આજે પણ ચાલુ જ છે. વધારામાં આલ્બમ લેવા ન ઇચ્છનારને જૂના-નવા બંને ગ્રાહક દીઠ એકએક રૂપિયાનો ઘટાડો પણ ફરી ચાલુ કરીએ છીએ.]

જાન્યુઆરી અંકમાં પ્રગટ થએલી ગઝલ 'ગૂંચ'નું પ્રતિકાવ્ય : 'મૂછ'.

અમોને એમ કે કંઈ ભૂલમાં 'કોરમ' મળી જાશે,
ખબર નો'તી કે નાની વાતમાં લોકો છળી જાશે.
હતી પાસે સલામત જેટલી—ગૂંજે ભરી લીધી,
ન જાણ્યું આખરૂ યે મીણ પેઠે ઓગળી જાશે.
બદીમાં તો પડ્યા, પડતાં પડ્યા—
બગડ્યા બહુ નો'તા :
સમજતું કેમ, નાના ડાઘથી 'ધંધો' ટળી જાશે?
અગર આ માફક ના ચાલ્યું :
ગળાં ફાડીને કહી દીધું.
ખબર નો'તી કે પેટી ખોલતાં પાંખો ખરી જાશે.
ન જાણે કોઈ એ રીતે અમે એકાન્તમાં દીધું,
ન'તું જાણ્યું કે લેનારા ખરે ટાણે ફરી જાશે.
ગયું છે નાક—જે બહુ શોધતાં યે હાથ ના લાગ્યું.
કપાઈ મૂછ પણ સાથે : ફરી એ તો મળી જાશે!

(અમદાવાદ) —'વેતનકુમાર'

આ માસ(એપ્રિલ)ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્ય.વિ. હેરી હુડિની, જાદુગર

બાંધેલાં દોરડાં, હાથકડીઓ કે સાંકળોનાં બંધનોમાંથી અજબ રીતે મુક્ત બની જવાના



અદ્‌ભુત ખેલ તો ઘણા બાજીગરો બતાવતા. ૧૮મી સદીમાં પિનેટી દોરડાંનાં આવાં અજબખેલ બતાવતો. 'ધી વ્હાઈટ મહાત્મા' નામે ઓળખાતો સાર્જ બૉલ્ડવિન હાથકડીમાંથી છટકી જતો. ઝામોરા પણ ન્યૂ યૉર્કના ડાઈમ મ્યૂઝિયમનું એક અગ્રગણ્ય આકર્ષણ હતો. ત્રેવડા બંધનોમાંથી છટકી જવાની કળામાં એ પાવરધો હતો.

પરંતુ આવાં અટપટાં બંધનોમાંથી છટકવાની કળામાં ખરેખરો ઉભાર લાવનાર ને એની અજબ ભવ્ય રજૂઆત કરનાર હુડિની તો આ ક્ષેત્રે ગજબનું આકર્ષણ જમાવી ઘરઘરમાં જાણીતો જાદુગર બની ગયો હતો. ખોખાં, પીપ, કેદખાનાં, તાળાબંધ તિજોરીઓ કે પાણીમાં ઉતારેલી બંધ કોઠીઓમાંથી યે તે અજબ રીતે મુક્ત બની નીકળી જતો. એના આહ્‌વાનભર્યા પ્રયોગો જોવા લોકો ટોળાબંધ ઊભરાતા ઊંચી ઇમારતના છાપરેથી ઊંધે માથે લટકાવેલી સ્થિતિમાંથી પલકવારમાં છટકી જવું, સાંકળે બંધાઇને પુલ પરથી વહેતી નદીમાં કૂદી પડી પળ માત્રમાં બંધનમુક્ત બની બહાર આવવું કે પાણીમાં ઉતારેલા ખીલા ઠોકેલા ખોખામાં પુરાઇને પણ ક્ષણ માત્રમાં તેમાંથી મુક્ત બની આવવાના એના હિંમત અને હેરતભર્યા પ્રયોગોની ખ્યાતિ જેવી નામના ને ચાહના એની પહેલાં કે પછી કોઈ જાદુગરે મેળવી નથી.

વિસ્કન્સિસમાં ઍપલ્ટન મુકામે ઈ.૧૮૭૪ની ૬ઠ્ઠી એપ્રિલે એનો જન્મ થયો. ઍપલ્ટનમાં જ બાળપણ વિતાવ્યું. એનું નામ ત્યારે એરિક વિશ્ઝ હતું. પોતે એહરિક વિશ્ઝ તરીકે સહી કરતો. પણ જાદુના પ્રયોગો કરવા માંડયા ત્યારે નાનપણથી પોતે જેનાથી અંજાયો હતો અને જેને એ પોતાનો ગુરુ ગણતો એ ફ્રેંચ જાદુગર રૉબર્ટ હુડિનના નામ પરથી પોતાને તે હેરી હુડિની તરીકે ઓળખાવતો.

ઈ. ૧૮૯૩માં એણે શિકાગોમાં વિશ્વમેળામાં પોતાના ખેલ પ્રથમ વાર રજૂ કર્યા. એ પછી પ્રવાસી સર્કસોમાં પણ એ અઠવાડિયે બારેક ડોલરના મામૂલી પગારે પાનાંના અઢાર-વીસ ખેલ બતાવતો. પણ બીડેલી હાથકડીઓમાંથી છૂટી જવાના એના પ્રયોગોએ એને નામના અપાવવા માંડી, અને ઉત્તરોત્તર એમાં એ વધુ હિંમતભર્યા પ્રયોગો રજૂ કરવા લાગ્યો. લોકમાનસનો એને ઘણો સરસ અભ્યાસ હતો અને એનો એ પૂરેપૂરો લાભ લેતો. એની નાટકીય રજૂઆત એના ખેલમાં વધુ રંગ ઉમેરતી.

ઈ. ૧૯૧૦માં એણે અમેરિકાથી ઑસ્ટ્રેલિયા સુધી વિમાનમાં સફર ખેડીને ત્યાં પણ પોતાના ખેલ બતાવ્યા. હુડિની એ રીતે ઊડીને જનાર કદાચ પ્રથમ હતો.

પોતે નાનામાં નાનાથી માંડી મોટામાં મોટા ખેલ રજૂ કરનાર તરીકે ગૌરવ લેતો. એક પછી એક સિત્તેર જેટલી ઝીણી સોયો અને પછી વીસેક વાર દોરો ગળી જઈને જ્યારે એ પાછી બહાર કાઢતો ત્યારે બધી સોયો દોરામાં પરોવાએલી બહાર આવતી. આ એનો નાનામાં નાનો પ્રયોગ અને મોટામાં મોટા પ્રયોગમાં એ તખ્તા પરથી આખો હાથી ગૂમ કરી દેતો.

નવરાશની વેળાએ એને લેખન-વાચનનો શોખ હતો. અવારનવાર એ વ્યાખ્યાનો પણ આપતો. એના જીવનભર એનું નામ ગાજતું રહેલું. એને ભૂતપ્રેત સાધ્ય હોવાનું ઘણા માનતા પણ એને એ નકારતો.

શારીરિક શક્તિને પણ એણે એવી જ કેળવેલી. પેટ પર એ ગમે તેવો પ્રહાર સહન કરી શકતો. આની અજમાયેશ કરવા એક વાર મૉનટ્રીઅલમાં પ્રિન્સેસ થીએટરમાં એક માણસ એકાએક આવી ચડયો અને હુડિની ચેતે એ પહેલાં જ એના પેટ પર જોરથી માર્યું. આ ઓચિંતા મારને કારણે પછીના બે દિવસ એની સ્થિતિ ગંભીર રહી છતાં ડેટ્રીઓઇટમાં જાહેર કરેલો કાર્યક્રમ આપવા એ ગયો, પણ અધવચ્ચે જ પડી ભાંગ્યો અને તાત્કાલિક ઇસ્પિતાલમાં ખસેડવો પડયો જ્યાં ૧૯૨૬માં ૩૧મી ઑકટોબરે એનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૧ માનવ શરીરમાં લોહીનું પરિભ્રમણ શોધનાર વિલિયમ હાર્વેનો જન્મ, ૧૫૭૮.
તા. ૩ સર્વોચ્ચ શિખર એવરેસ્ટ પર પ્રથમ વાર હવાઈ વિમાનોનું ઉડ્ડયન થયું, ૧૯૩૨.
તા. ૬ ગ્રીસમાં ઑલિમ્પિક રમતો પુનર્જીવિત થઈ, ૧૮૯૬.
તા. ૮ 'નિદ્રિત દેશને જાગૃત કરવા' ભગતસિંહે વડી ધારાસભામાં બૉંબ ફેંકયો, ૧૯૨૯.
તા. ૧૦ મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કરી, ૧૮૭૫.
તા. ૧૪ એડિસને પહેલા સિનેમાની પોતાની શોધ ન્યૂ યૉર્ક શહેરમાં બતાવી, ૧૮૯૪.
તા. ૨૪ યુરોપમાં આલ્પ્સનો સૌથી મોટો બુગદો 'સિમ્પ્લન પાસ' ખુલ્લો મુકાયો, ૧૯૦૫.
તા. ૨૮ ઇટાલીના સરમુખત્યાર મુસોલિનીનું ઇટાલીઅનોને જ હાથે કરપીણ મૃત્યુ, ૧૯૪૫.

પ્રસંગવિશેષ: 'યુનિયન ફ્લૅગ'ની રચના, ૧૨ એપ્રિલ, ઈ. ૧૬૦૬.

યુનાઈટેડ કિંગડમ–ઇંગ્લંડ, સ્કૉટલૅન્ડ અને આયર્લૅન્ડના રાષ્ટ્રધ્વજમાં એ ત્રણ મુલકોના અસલ



ધ્વજનું સંકલન છે. રાણી ઇલિઝાબેથ પહેલીના મરણ પછી સ્કૉટલૅન્ડનો જેમ્સ છઠ્ઠો જેમ્સ પહેલા તરીકે ઇંગ્લંડની ગાદી પર આવ્યો ત્યારે તેણે એ બંને મુલકના ધ્વજને એક સાથે સંલગ્ન કરાવ્યા. એમાં ભૂરી ભોંય પરની સફેદ આડી ચોકડીની સ્કૉટલૅન્ડના સેન્ટ ઍન્ડ્રયુની સંજ્ઞા અને ઇંગ્લંડની સફેદ ભોંય પરની લાલ સીધી ચોકડી (ક્રૉસ)ની સેન્ટ જ્યૉર્જની સંજ્ઞાનું એકીકરણ હતું. ઈ. ૧૬૦૬ની ૧૨મી એપ્રિલે રચાએલો એ ધ્વજ બન્ને પ્રદેશોમાં નાપસંદ થએલો. આગળ જતાં ચાર્લ્સ બીજાએ શાહી જહાજો પર એ 'યુનિયન ફ્લૅગ' જ ફરકાવવા હુકમ કર્યો ને રાણીએ પણ એ ધ્વજને સ્વીકાર્યો. ઇ. ૧૮૦૧માં આયર્લૅન્ડ પણ એમની સાથે ભળ્યું એટલે યુનિયન ફ્લૅગમાં એમની, સફેદ ભોંય પર આડી લાલ ચોકડીની સેન્ટ પેટ્રિકની સંજ્ઞા પણ ઉમેરાઈ. ધ્વજ પર બે આડી ચોકડી એકબીજીને ઢાંકી દે ને તેમાંથી ક્લેશ ન ઊઠે એટલા સારુ ધ્વજના જે ચાર ખંડ પડે છે તેમાંથી પહેલા ને ત્રીજામાં સફેદ ચોકડી અને બીજા ને ચોથામાં લાલ ચોકડી ઉપર રહે એ રીતે રચના કરવામાં આવી (જુઓ ચિત્ર).

સજ્જન વનવેલી બન્ની, કરે ઝાડ-શું પ્રીત,
સૂકે પણ મૂકે નહિ, એ સજ્જનની રીત.

ઈ. ૧૮૯૩માં લાહોરના એક વિદ્યાર્થી કૉલેજની અંતિમ પરીક્ષામાં બેઠા. તેમાં ગણિતના પ્રશ્નપત્રમાં ૧૩ દાખલા આપીને મથાળે લખ્યું હતું કે 'આમાંથી ચાહે તે ૯ દાખલા ગણો.' પેલા વિદ્યાર્થીએ તેરે તેર દાખલા ગણી કરીને ઉત્તરપત્રને મથાળે લખ્યું: 'આમાંના કોઈ પણ નવ દાખલા તપાસી લ્યો.' કહેવાની જરૂર નથી કે એ ઉત્તરપત્રનું પરિણામ સો ટકા હતું. એ તેજસ્વી વિદ્યાર્થીનું નામ હતું તીર્થરામ, જે પાછળથી સ્વામી રામતીર્થને નામે ભારતખ્યાત થયા.

કહેવતોના અર્થ: 'સાસુ ભાંગે તે ઠીકરી, ને વહુ ભાંગે તે કલેડી.' ઘરમાં થએલું જે નુકસાન સાસુને હાથે થએલું હોય તો નજીવું ગણી કાઢવામાં આવે તે જ વહુને હાથે થતાં તેને મોટું રૂપ આપવામાં આવે, એ સામાજિક અન્યાયને સાસુવહુના પ્રતીક દ્વારા સચોટ બનાવતી આ કહેવતને ઉલટાવીને એમ પણ ઘટાવાય છે કે પાણીની માટલી ફૂટી જતાં જો તે સાસુને હાથે ફૂટી હોય તો, બાકી રહેલો ગમે તેવડો નાનો ભાગ પણ કલેડીના કામમાં ઠીક આવ્યો એમ છાવરી લેવામાં આવે. પણ વહુને હાથે ફૂટતાં બચેલો ગમે તેવો ઉપયોગી ભાગ પણ ઠીકરાના મૂલનો ગણી કઢાય: 'સાસુ ભાંગે તે કલેડી, ને વહુ ભાંગે તે ઠીકરી.'

એકાક્ષરી પણ અનેકાર્થી શબ્દો

ક=આકાશ, કપૂર, ચંદ્ર, પાણી, મંગલ, મોઢું, મોક્ષજ્ઞાન, બુદ્ધ, વરાહ, શસ્ત્ર, શિવ, સ્વર્ગ, રક્ત-લાલ, સુકાએલું હત હણેલું, તથા, નક્કી-નિશ્ચય-નિ:સંદેહ, હોવું, ધારણ કરવું.



વજનમાં હળવી હોવા છતાં ભાર સહન કરવાની પોતાની શક્તિને લીધે વિમાન તથા અંતરીક્ષયાનમાં ટિટૅનિયમ ધાતુનું ઘણું મહત્ત્વ છે. પશ્ચિમ જર્મનીમાં એસ્સેન ખાતે ફ્રેડરિક ક્રપ ન્યૂથના કારખાનામાં ઉપર પ્રમાણેનો શુદ્ધ કરેલા ટિટૅનિયમનો દુનિયાનો મોટામાં મોટો જથ્થો તૈયાર કરવામાં આવ્યો હતો.



નેધરલૅન્ડ્ઝની સ્ત્રીઓ પેઢીઓથી સ્વચ્છ ગૃહ-વ્યવસ્થા માટે જાણીતી છે. તેઓ ઘરની ઓસરી વગેરે તો ચોખ્ખાં રાખે જ છે, પણ જાહેર રસ્તા પરનું પોતાનું આંગણું પણ સાફ કરે છે.

ગણિતગમ્મત: કોઈ પણ રકમ લો... એનાથી ૧૦ વધુ બીજી, એનાથી ૧૦ વધુ ત્રીજી. આમ ત્રણ રકમ થશે. એક મિત્રને આ રકમોના સરવાળાને ૩૪ વડે ગુણવા કહો, જ્યારે બીજા મિત્રને આ રકમોના સરવાળાને ૬૭ વડે ગુણાવો. બન્નેનો જવાબ તપાસતાં શું માલુમ પડે છે? દા. ત.: ૮, ૧૮, ૨૮ ત્રણ રકમો; તેનો સરવાળો ૫૪ (૧) ૫૪×૩૪=૧૮૩૬
(૨) ૫૪×૬૭=૩૬૧૮

(ઘાટકોપર, મુંબઇ) —રોહિત વોરા



અંધજનો પણ માહિતી પામી શકે એટલા સારુ પશ્ચિમ જર્મનીના હામ્બુર્ગના એક બગીચામાં બ્રેઈલ લિપિમાં પણ વૃક્ષછોડના પરિચયની તક્તીઓ લગાડવામાં આવી છે.



(દલસુખ શાહ કૃત 'છીપનાં મોતી'માંથી)


જર્મન કવિ ગેટેએ કહ્યું છે કે દરેક માણસે દરરોજ થોડું સંગીત સાંભળવું જોઈએ, એકાદ સુંદર કવિતા વાંચવી જોઈએ, એકાદ કલાપૂર્ણ ચિત્ર જોવું જોઇએ, અને ડહાપણભર્યા ચાર શબ્દો બોલવા જોઈએ: તો જ એનો દિવસ સાર્થક થયો એમ કહી શકાય.

કાશ્મીરમાં બનતી 'પશ્મીના શાહતુશ' નામની શાલ શાહતુશ નામના પક્ષીની રૂવાંટીમાંથી બનાવાતી. સોંઘવારીમાં પણ એ શાલના ૪૦૦ રૂપિયા બેસતા.

શાહમૃગ સૌથી ઊંચું (૫ ફૂટનું) પક્ષી છે.



રોજ સવારે સાડા સાતે બી. બી. સી.ના સમાચાર શરૂ થતાં 'ઓ ટુ આવર્સ, ગ્રીનિચ મીન ટાઈમ'નો જે સમય જણાવાય છે તે દુનિયાભરમાં સ્વીકારાએલો 'સ્ટાન્ડર્ડ ટાઈમ' છે. ઇંગ્લંડમાં ટેમ્સ નદીને કિનારે આવેલી રૉયલ ગ્રીનિચ ઑબ્ઝર્વેટરીમાં જે સ્થળે એ સ્ટાન્ડર્ડ ટાઈમ નક્કી થાય છે તે 'સમયકેન્દ્ર'-ની કચેરીનું આ મકાન છે. તેની સાથે ત્યાંના ઘડિયાળનું ચિત્ર પણ આપ્યું છે.



અન્યત્ર 'સંસ્કારપ્રેમીની ડાયરી'માં જે પ્રદર્શનનો ઉલ્લેખ છે તે 'ગીતગોવિંદ'ના પ્રાસ્તાવિકના છેલ્લા શ્લોક (જુઓ નીચે)પરનું ચિત્ર : બસોલી શૈલી

पद्मापयोधरतटीपरिरम्भलग्न काश्मीरमुद्रितमुरो मधुसूदनस्य।
व्यक्तानुरागमिव खेलदनंगखेद स्वेदांबुपूरमनुपूरयतु प्रियं वः॥

લક્ષ્મી તણા સ્તનનું કેસર વિષ્ણુ-વક્ષે આશ્લેષથી લિપઈ, કોરી રહે રતિશ્રમે
લાધેલ સ્વેદ સહ, તે અનુરાગ ઉત્કટ (જે ઊભરે ઉરથી) તર્પી રહો સહુને.

માનવઉરની ઉત્કટ પ્રેમાનુભૂતિને કલ્પનાસમૃદ્ધ અને લયમધુર બાનીમાં વ્યક્ત કરતું કવિ જયદેવનું 'ગીતગોવિંદ' સંસ્કૃત કાવ્યસાહિત્યમાં શૃંગારરસનું એક રત્ન ગણાય છે. કવિએ એમાં રાધા અને કૃષ્ણની પ્રેમલીલાના પ્રતીક દ્વારા આત્મા અને પરમાત્માના અદ્વૈતથી મોક્ષપ્રાપ્તિ પ્રબોધી છે. સ્વયં વિષ્ણુ અને લક્ષ્મીની પ્રેમકેલિ આલેખતા ઉપર્યુક્ત શ્લોકમાં જે દિવ્ય અનુરાગ દ્વારા સૌનું કલ્યાણ વાંછ્યું છે, તેનું આલેખન આ ચિત્રમાં છે. એમાં (જમણી બાજુએ), એક ગોપિકા પોતાની સખી આગળ વર્ણવી રહી છે તેમ, (ડાબી બાજુએ) યમુનાતટે એક વૃક્ષ નીચે પ્રેમાસક્તિથી એકબીજાને નિહાળી રહેલાં આશ્લેષબદ્ધ રાધા અને કૃષ્ણ (વિષ્ણુ-લક્ષ્મી)ના સાયુજ્યનું આલેખન છે. પ્રિયમિલન એ જીવનની સર્વોત્કૃષ્ટ અનુભૂતિ છે. પ્રેમનો હર્ષાવેશ એમાં તીવ્રતમ બની, સ્વત્વ ભુલાઈ જઈને અદ્વૈત સધાઈ રહે છે. પ્રેમની આ ઉત્કટ અનુભૂતિને કવિ અને મરમી જ પરખે છે, અને તેને માનવીય પ્રેમભાવ દ્વારા વ્યક્ત કરે છે. અન્યથા એ દિવ્ય એકાત્મભાવને દર્શાવવો અત્યંત કઠિન છે. 'ગીતગોવિંદ'નું સમગ્ર ગાન પુરુષ અને પ્રકૃતિનાં બે ભિન્ન સ્વરૂપોને બે જ્યોત રૂપે વર્ણવી એમને સર્વાંગ પૂર્ણતાના અદ્વૈતમાં લીન થઈ જતાં નિરૂપે છે. ઈશ્વર સાથે અદ્વૈત સાધવા સારુ જ આત્માનું નિર્માણ છે અને જીવનની એ જ્યોત અંતે પોતાના જ ઉદ્‌ગમમાં સમાઈ જાય છે.